શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ-૩

સંસ્કાર ગ્રંથાવલિ — પુસ્તક ૧૭૭ મું

# વિદેહી

(નવ નાટકો)

રમણલાલ વ. દેસાઈ એમ. એ.

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

❊ સંપુટ-૧

**નવલકથાઓ**

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

❊ સંપુટ-૨

**નવલિકાસંગ્રહો**

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

❊ સંપુટ-૩

**કાવ્યસંગ્રહો**

નિહારિકા ★ શમણાં

**નાટ્યસંગ્રહો**

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ બંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બહાવરો ★ વિદેહી ★ સંયુક્તા

❊ સંપુટ-૪

**પ્રકીર્ણ**

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

**ચિંતનમાળા**

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો?

જીવનને રંગભૂમિ સરખું રસમય બનાવતાં
વિવેકી, દૃઢનિશ્ચયી, કુટુંબવત્સલ, સામાજિક કાર્યકર

**સૌ. જયકીર્તિ બહેનને**

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
VIDEHI, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૩૨-૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

"વિદેહી" એ "બૈજુ બ્હાવરો" પછીનો મુ. ભાઈસાહેબનો સાતમો નાટ્ય–સંગ્રહ છે. આ સંગ્રહમાં પ્રસિદ્ધ થયેલાં નાટકો રેડિયો તેમ જ માસિકોની માગણીઓને સંતોષવા લખાયાં હતાં.

"સંયુકતા" અને "શંકિત હ્રદય"થી મુ. ભાઈસાહેબે સાહિત્ય ક્ષેત્રમાં આગમન કર્યું. સાહિત્ય તરીકે તેમને નાટ્ય પ્રકાર ખૂબ જ ગમતો. નાટ્ય પ્રકારનો તેમનો અભ્યાસ પણ ઊંડો હતો. એસ્કેલીસ, સોફોકલીસ, યુરીપીડીસ અને એરીસ્ટોફેન્સથી શરૂ થતી પશ્ચિમની નાટ્ય સર્જનની પ્રણાલિકા, જે ઓનીલ અને વર્તમાન નાટ્યકારો સુધી સમૃદ્ધપણે પાંગરી છે તેનું તેઓ સતત અને ભાવભર્યું વાચન કરતા.

નાટ્ય પ્રકારનું વાચન, મનન અને નાટ્ય પ્રયોગો જોવાની અને અખતરાઓ કરવાની ધગશ એ મુ. ભાઈસાહેબના કુટુંબીજનોની એક ખાસ વિલક્ષા.

વધુ નાટકો લખવાની મુ. ભાઈસાહેબની તીવ્ર ઇચ્છા હતી. "પ્રજાસત્તા", "સિકંદર", "શંગર વધ" તેમ જ અન્ય લાંબાં

નાટકો અપૂર્ણ રહ્યાં છે. નાટ્ય-સાહિત્ય, નાટ્ય-વિવેચન અંગેની એમની નોંધો અને વિવેચનાત્મક લખાણો પણ સંપાદન માગે છે. જ્યારે પ્રસિદ્ધ થાય ત્યારે ખરાં.

"વિદેહી" નાટ્ય-સંગ્રહ એ એમણે પૂરાં કરેલાં હજી સુધી હાથ લાગેલાં નાટકોનો છેલ્લો સંગ્રહ છે.

શ્રી ગુલાબદાસ બ્રોકરે ટૂંક સમય ઉપર જ રેડિયોમાં મુ. ભાઈસાહેબનું નાટ્યકાર તરીકે વિવેચન થવું જોઈએ એ મતલબનો વાર્તાલાપ કર્યો હતો.

મુ. ભાઈસાહેબનું નાટ્યકાર તરીકે યોગ્ય અવલોકન થાય એ જ ઇચ્છા.

આ નાટ્ય-સંગ્રહ સાથે મુ. ભાઈસાહેબનું ઘણું ખરું નાટ્ય-સાહિત્ય અવલોકન અર્થે પ્રસિદ્ધ થાય છે.

"વિદેહી"માં આવેલાં નાટકો એમનાં સહુથી છેલ્લાં લખેલાં નાટકો નથી. તે જુદે જુદે સમયે લખાયાં હતાં, અને હવે સંપાદિત થઈ પ્રસિદ્ધ થાય છે.

એમના બીજા સંગ્રહોની માફક આ સંગ્રહ પણ વાચકો આવકારશે એવી આશા રાખું છું.

'જયકુટિર', ટાઈકલવાડી રોડ,
મુંબઈ-૧૬
તા. ૧૦-૮-૬૦

અક્ષયકુમાર ર. દેસાઈ

# વિદેહી

✻

રમણલાલ વ. દેસાઈ

## નાટકોનો ક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ આવણી | ૧ | ૬ કારૂની દુનિયામાં | ૭૩ |
| ૨ સુહાસિનીમ્ | ૨૨ | ૭ સર્પ-દંશ | ૮૩ |
| ૩ "સ્વર્ગ–તરણાંને તોલે" | ૩૮ | ૮ સૌભાગ્ય–પ્રતીક | ૯૪ |
| ૪ ભાઈ–બ્હેન | ૫૨ | ૯ વિદેહી | ૧૦૭ |
| ૫ પાવાગઢ | ૬૦ | | |



મુદ્રણો

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર : ૧૯૬૦

બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ મે, ૧૯૯૨

પ્રત : ૭૫૦

# શ્રાવણી

વસ્તુ

શ્રાવણ માસની ભવ્યતા વર્ણવતાં પાંચ દશ્યો,

## દૃશ્ય પહેલું

સ્થળ

વૃંદાવન

પાત્રો

કૃષ્ણ ગોપીઓ

રાધિકા પુરુષ

## દૃશ્ય બીજું

સ્થળ

ઋષિઆશ્રમ

પાત્રો

ગુરુ શિષ્ય શિષ્યા

અન્ય શિષ્યમંડળ

## દૃશ્ય ત્રીજું

સ્થળ

ઋષિઆશ્રમ

પાત્રો

ઋષિ શિષ્યમંડળ

દૃશ્ય ચોથું

સ્થળ

એક ઘર

પાત્રો

કિશોર, તેની માતા, તેના પિતા,
તેની પત્ની, અને તેની બહેન

દૃશ્ય પાંચમું

સ્થળ

શાહી તંબુ

પાત્રો

હુમાયુન બહેરામખાન

## દૃશ્ય પહેલું

[ પડદો પડતાં જ એક પ્રશ્ન અવકાશમાં થાય છે.]

પ્રશ્ન : શ્રાવણ માસ એટલે ?

[ વાંસળીનો આછો સૂર સંભળાય છે અને તેની જ સાથે ઉત્તર સંભળાય છે. ]

ઉત્તર :

**यदा यदा ही धर्मस्य ग्लानीर्भवति भारत**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानम् सृजाम्यहम् ।**
**परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम्**
**धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥**

[ એક પુરુષ ઋષિ સરખાં વસ્ત્રો પહેરલો પ્રવેશ કરે છે. એણે જ પ્રશ્ન કરેલો હોય છે. ]

પુરુષ : ખરો ! ગીતાનું ચિરંજીવી ઉચ્ચારણ કરનાર પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણસુંદરનો એ જન્મ-માસ. માનવ ગોકુળમાં ઊછરતો એ સનાતન વૃંદાવન વિહારી !

[ બીજો પડદો ઊપડે છે. સુંદર હિંડોળો ઝૂલે છે. એમાં રાધિકા બેઠાં છે. ]

શ્રાવણ માસ એટલે હિંડોળાનો માસ. આખી સૃષ્ટિ હિંડોળા રાગ ગાઈ ઊઠે છે !

[ હિંડોલના સૂર કેટલાંક વાદ્યોમાંથી ઊઠે છે.
ત્રણ ચાર બાલગોપીઓ ગરબો ગાતી આવે છે. ]

[ સાખી ]

**શ્રાવણ માસે સજ થઈ દર્પણ દીઠું અંગ !**
**હરમાયાં કુસુમો સમું ! અંગે અંગ અનંગ !**

**શ્રાવણ માસ સોહામણો !**
**પુષ્પે પૂર્યા હિંડોલ.**
**ઝુલંતી ગોપી ઘેલડી**
**કા'ને દીધેલ કોલ.**
**સંદેશડો કોણ આપશે ?**
**રાધા નીરખે છે વાટ;**
**વાંસલડી વાઈ કાનજી**
**ટાળો મનનો ઉચાટ.**
**શ્રાવણ માસ સોહામણો !**

[ વાંસળી વાતા કૃષ્ણ આવે છે અને સ્મિતપૂર્વક રાધિકાને ઝુલાવે છે. ]

૧ ગોપી : જીવન વૃંદાવનને કુસુમિત બનાવતા વિશ્વંભર કૃષ્ણ જીવનસ્વામીની, કલારૂપિણી, ઋતંભરા રાધિકાને પ્રસન્નતા પૂર્વક ઝુલાવે છે !

૨ ગોપી : ઝુલાવે જ ને ! પાછળ ઘેરી આષાઢ માસ ગયો. ભર્યાં-પૂર્યાં પાણી વરસી ગયો. વનરાજિ અને ક્ષેત્રો લીલમલીલાં બની ગયાં. હવે શ્રાવણનાં સરવડાં આછા ફુવારા બની જોઈતાં જોઈતાં જળ પાય છે.

૩ ગોપી : અને આગળ નદી, કૂવા તથા સરવરને ઉભરાવતો ભાદ્ર-પદ આવે છે. આષાઢ અને ભાદ્રપદ વચ્ચે શ્રાવણ કેમ હિલોળા ન લે ?

પુરુષ : પરમ ભાગ્ય કે કૃષ્ણરાધાનાં હિંડોલદર્શન થયાં...પણ આ શૃંગાર...અરે, અરે! હિંડોલાને હલાવતી દોરી ક્યાં લંબાય છે? તપસ્વી આશ્રમમાં? સાચો શૃંગાર તપ માગે છે શું? હું સાંભળું છું વેદઋચાઓ! કોઈ ગુરુ-શિષ્ય-શિષ્યાઓ સહ વેદોચ્ચાર કરે છે!

## દૃશ્ય બીજું

### ઋષિઆશ્રમ

ગુરુ, શિષ્ય, શિષ્યાઓ મંત્રોચ્ચાર કરે છે.

ગુરુ–શિષ્ય–શિષ્યા :

**असतो मा सद्गमय....**
**तमसो मा ज्योतिर्गमय....**
**मृत्योर्माम्रृतं गमय....**

શિષ્ય : ગુરુજી! તકલી ફેરવી આ સૂતરના તાર વણ્યા છે.

ગુરુ : બહુ સારું કર્યું વત્સ! સ્વાશ્રયથી ઊપજેલું ઉપવીત એ જ સાચું ઊપવીત. સાચા તાર વણનારને, સાચું ઉપવીત ઉપજાવનારાને વસ્ત્રોનો કદી દુષ્કાળ ન હોય. વીંટો એને ત્રણ તારમાં!

શિષ્યા : જનોઈના ત્રણ તાર કેમ ગુરુજી?

ગુરુ : આર્ય સંસ્કારનું એ ચિહ્ન! આર્યતાનો એ સંકેત! અને આર્ય એટલે શું એ તો જાણો છો ને? ગાઓ જોઈએ પેલું રોજ ગીત ગાઓ છો તે.'

સહુ :

[ગીત]

આર્ય હો! વેદ જ્ઞાનમાં મૂળ!
આર્યતા એ જ અમારું કુળ.

સત્વ, રજસ્ ને તમસ્ તરીને
આર્ય ગુણાતીત થાય.
સ્વર્ગ મૃત્યુ પાતાળ ઠેકતાં
બ્રહ્મલોક પરખાય – આર્ય હો !

ત્રણે કાલની અંજલિ પીધી,
જાગૃત સ્વપ્ન સુષુપ્ત,
ઝેર ઘોળતાં અમૃત લાધ્યાં;
ચાખો જીવન મુક્ત – આર્ય હો !

બ્રહ્મા–વિષ્ણુ–શિવથી અંકિત
વિશુદ્ધિ હિનીજવાલ;
આર્ય જીવન અજવાળે ઉપવીત,
જગત વિજયની માળઆર્ય હો !

ગુરુ : એ ત્રિગુણાતીત, લોકાતીત, કાલાતીત ઉપવીત આજ પહેરી સાચી આર્યતાનો સંદેશ ઝીલો અને જગત પાસે ઝિલાવો.

શિષ્ય : એ કોણ પહેરે, ગુરુજી ?

ગુરુ : એ ચાતુર્વર્ણ્ય પહેરે.

શિષ્યા : શિષ્યો પહેરે ? કે શિષ્યાઓ પણ ?

ગુરુ : ઉપવીતમાં જેમ વર્ણભેદ નહિ તેમ જાતિભેદ પણ નહિ. ઉપવીત શિષ્ય પણ પહેરે અને શિષ્યા પણ પહેરે ! સ્ત્રી પણ પહેરે અને પુરુષ પણ પહેરે ! આર્યતાને સ્વીકારનાર સહુ પહેરે

શિષ્ય : આશ્રમમાં શીખવા આવેલા પરદેશી પણ ?

ગુરુ : હા, પરદેશી પણ જરૂર પહેરે. આર્યતાને દેશપરદેશના ભેદ હોય જ નહિ ! વર્ણભેદ, જાતિભેદ કે પ્રદેશભેદ જે સંસ્કારમાં હોય તે આર્યસંસ્કાર જ નહિ.

શિષ્યા : ગુરુજી ! આર્ય એટલે ?

ગુરુ : ઉપવીતના સંસ્કાર પામેલો પ્રત્યેક માનવી – માત્ર સૂતરના ત્રણ દોરા વીંટી ફરતો માનવી નહિ !

શિષ્ય : ઉપવીતના એ સંસ્કારો કયા, ગુરુજી ?

ગુરુ : તારા હસ્તમાં તેં નવું, સ્વહસ્તે વણેલું, સપ્તર્ષિ અને અરુંધતિના સ્પર્શથી પવિત્ર બનેલું ઉપવીત ધારણ કર્યું છે. વત્સ ! ઉપવીતના ત્રણે તારનું રહસ્ય સમજી લે, પછી ઉપવિત તારા હૃદય સરસું રાખ અને સાચો આર્ય બની જા. જો, સાંભળ આ એક તાર શું કહે છે તે !

શિષ્ય : એ તાર શું કહે છે, ગુરુજી ?

ગુરુજી : એ એમ કહે છે કે પાષાણથી માંડી પ્રભુ સુધી, પાર્થિવ જડથી માંડી ચૈતન્ય સાગર પરમેશ્વર સુધી, પરમાણુથી માંડી પરમાત્મા સુધી એક સળંગ તાર સહુને એક બનાવતો લંબાયો છે !

૨ શિષ્ય : સમજ્યો...અને આ બીજો તાર ?

ગુરુજી : બીજા તારનો ઉદ્દેશ સમજાવું : પાષાણથી માંડી પ્રભુ સુધીની એકતાનું જ્ઞાન તને સ્વાનુભવે મળે એ માટે તારે સતત યજ્ઞ કરવાનો રહ્યો. એ યજ્ઞ કરીશ એટલે તું જ્યાં હોઈશ – આ દેશમાં કે પરદેશમાં, આ લોકમાં કે અન્ય લોકમાં – ત્યાં તારું એ જ્ઞાન જીવંત રહેશે. વત્સ ! આપણો યજ્ઞ તો પ્રતીક છે એ જ્ઞાન યજ્ઞનું ! જ્ઞાન એટલે જ વેદ ! જ્ઞાન એટલે જ યજ્ઞ !

**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते**

**.... ... .... ....**

**ज्ञानाग्नि सर्व कर्माणि भस्मसात् कुरुते तथा**

એ જ્ઞાનયજ્ઞ તને સતત સ્મરણમાં રહે એનું સૂચન કરવા માટે બીજો તાર.

શિષ્ય : અને આ ત્રીજો તાર શાનો, ગુરુજી ?

ગુરુ : ઉપવીત ધારણ કરનાર ત્રણે કાળથી, ત્રણે લોકથી અને ત્રણે ગુણથી પર થવા સર્જાયો છે. દેહને ભલે દૃષ્ટ-અદૃષ્ટના ભેદ

દેખાય. સાચી આર્યતા આર્યને અને દષ્ટ-અદષ્ટને છૂટાં પડવા જ ન દે. સર્વમાં એ અને એનામાં સર્વ એવું ભાન સતત જાગૃત રાખવા માટે આ ત્રીજો તાર :

**अव्देष्टा सर्वभूतानां मैत्र: करुण एव च**
**निर्ममो निरहंकार: समदुख: सुख क्षमी**

આર્ય કોણ એ હવે તમને સમજાયું? ઉપવીત શું એ ધ્યાનમાં આવ્યું?

શિષ્ય : જી. માત્ર એક શંકા રહી. ઉપવીત ઉપનયન સંસ્કાર સમયે ધારણ કર્યું એક વાર. ફરી ફરી, વર્ષે વર્ષે જનોઈ કેમ બદલવું પડે?

ગુરુ : જ્ઞાનયજ્ઞનો અગ્નિ કજળી ન જાય, જડચૈતન્યની એકતા વિસરાઈ ન જાય, આપણો અને દષ્ટ-અદષ્ટ સૃષ્ટિનો, માનવી અને માનવીનો સંબંધ ખોવાઈ ન જાય એ માટે વર્ષે વર્ષે આર્યોએ વિધિસહ આર્યતાને સંભારવી રહી. જનોઈ એ આર્યતાનો સંકેત. એને ફરી આપણે પહેરીએ અને આપણી આર્યતાને તાજી કરીએ. સત્યના સંકેત સરખા સૂર્યનો મંત્ર ભણવા ગાયત્રીનું આહ્વાન કરીએ!

સહુ :

**ब्राह्मणी ब्रह्मदेवत्यां ब्रह्मलोकनिवासिनी ।**
**आवाहयाम्यहं देवी आयान्ति सूर्यमण्डलात् ॥**
**आगच्छ वरदे देवी त्र्यक्षरे ब्रह्मवारिनी ।**
**गायत्री छंदसां मातर्ब्रह्मयोनी नमोस्तुते ॥**

ગુરુ : જુઓ, જુઓ! સૂર્યમંડળમાંથી પેલો મહામંત્ર ગાયત્રી છંદમાં ઊતરી આવે :

[ સમૂહ શ્લોક સંભળાય છે. ]

ॐ भुर्भूवः स्वः
तत् सवितुर्वरेण्यम्
भर्गो देवस्य धीमही
धियो योनः प्रचोदयात् ।
ॐ आपोज्योतिरसोमृतं
ब्रह्म भुर्भूवः स्वरोम् ॥

સંસારમાં કઈ ક્ષણ હશે કે જ્યારે દેવનું ભર્ગ આપણી બુદ્ધિને પ્રેરે એવું ન માગીએ? હવે ધારણ કરી લો એ ઉપવીત! શ્રાવણના સૌંદર્યમાં રખે આપણે વેદના જ્ઞાનનો વીસરીએ. આજથી નવેસર વેદાધ્યાયન! સપ્તર્ષિનું નવીન પૂજન! દેવિ અરુંધતિનું નૂતન સ્મરણ! અને આપણો પેલો જગત્ કલ્યાણનો મંત્ર ઉચ્ચારીએ :

सर्वे जनाः सुखीनो भवन्तु
ॐ शान्तिः शान्तिः शान्तिः

# દશ્ય ત્રીજું

ઋષિઆશ્રમ

[ ઋષિ મંત્રોચ્ચાર કરતા હોય છે. શિષ્યમંડળ શ્રવણ કરી રહ્યું છે.

**यदानन्द रूपं प्रकाश स्वरूपं**
**निरस्त प्रपंचं परिच्छेद शून्यम्**
**अहं ब्रह्म वृत्यैक गम्यं तुरीयं**
**परं ब्रह्म नित्यं तदेवाहमस्मि**

[ એકાએક આશ્રમની બહાર કોલાહલ સંભળાય છે: રક્ષણ કરો! બચાવો! ઉગારો! એવા સમૂહનાદ સંભળાય છે. ભયપ્રેરક વાદ્યનાદ પણ સંભળાય છે. ]

ગુરુ : કોની રક્ષા? શાનાથી રક્ષણ? કોનાથી બચાવું? કોને ઉગારવું? આશ્રમમાં આ ભય શો? વિશ્વ આશ્રમ સંતનું!

શિષ્ય : આશ્રમમાં જ નહિ, જગતભરમાં ભય વ્યાપેલો છે.

ગુરુ : શાનો? ભય શાનો?

૧ શિષ્ય : નાગનો.

૨ શિષ્ય : વાઘનો.

૩ શિષ્ય : દેવનો.

૪ શિષ્ય : દાનવનો.

[ સમૂહ ગીત ]

**ભવનો ભય! ભય માનવનો! ગ્રહતારક ખેંચે આંખ!**
**પ્રલય ફૂંકતો આવી રહ્યો યમ ચઢી કાળની પાંખ!**
**રાજ્યો વળી સામ્રાજ્યોનો ભય, વ્યાપારોમાં લૂંટ!**
**ધર્મી ધર્મપોકાર ઉઠાવી કરતો ઝૂંટમ ઝૂંટ.**
**સ્ત્રી ભય પામે પુરુષ થકી, નર નારી થકી ગભરાય,**
**'સેવા કરું' કહેતા સેવકથી લાખો લોક પિડાય.**
**પૃથ્વી પર પથરાયો ભય, જલમાં કરતો ભય વાસ;**
**હવા ભરી ભય ગગન ઘૂમતો, ભય ભય શ્વાસોચ્છ્વાસ.**
**ભય ભય ભય જીવનમાં ભરીઓ, ભય રાત્રિ, ભય દિન;**
**ભૂખ તરસ ભય છાયી રહ્યો! શો ભય પ્રાચીન! નવીન!**

ગુરુ : સાચું પોકારે છે દુનિયા!

શિષ્ય : હજી જીવજંતુ પણ માનવીને ભય પમાડે છે, પશુપક્ષી પણ ભય પમાડે છે. અરે! માનવી માનવીને પણ ભય પમાડે છે.

ગુરુ : અને અગમ્ય? એ પણ ભય ભરેલું છે! આકાશમાંથી વીજળી તૂટી પડે! પાતાળમાંથી પાવક પ્રગટી નીકળે! કોઈ ખૂણામાંથી ઝંઝાવાત ઊપડી આવે! માનવીને શાનો ભય નથી?

શિષ્ય : ગુરુજી! કાંઈ ઉપાય?

ગુરુ : ધર્મ સ્થાપ્યા, રાજ્યો રચ્યાં, શાસનો ઉપજાવ્યાં, પ્રજાઓ ઘડી, કુટુંબ મેળા કર્યાં, તો ય ભયનો માનવહૃદયમાં હજી વાસ રહ્યો છે.

શિષ્ય : કોણ એવું રક્ષા–તાવીજ આપશે કે જેથી માનવી ભય-મુક્ત થાય?...રાજાજી! પધારો.

રાજા : હું રક્ષા–તાવીજ આપું! મારી તલવાર હરકોઈનું રક્ષણ કરશે.

ગુરુ : તલવારથી કોઈનું રક્ષણ થયું જાણ્યું નથી. તલવારે સામી તલવાર ઉપજાવી છે. આચાર્યજી! આપ ક્યાંથી?

ધર્માચાર્ય : હું કહું તે મંત્ર ભણો, તે ધર્મ પાળો, તે પ્રભુને ભજો! ભયથી મુક્ત થશો.

ગુરુ : પ્રયોગ કરી જોયો છે, આચાર્યજી! પરંતુ...આ બીજા આચાર્ય, ત્રીજા આચાર્ય અને ચોથા આચાર્ય એનું એ જ કહે છે...અને તમારી ચારેની આંખમાંની અગ્નિ વરસે છે. તમારી આંખમાં અભય નથી...પધારો શ્રેષ્ઠી! આપનાં દાન બહુ નામાંકિત છે.

શ્રેષ્ઠી : આપને અભય જોઈએ, નહિ? જુઓ આ મારી અઢળક સંપત્તિ! મને એ સાચવતાં ઠીક આવડે છે. તમારી સહુની, આખી માનવજાતની સંપત્તિ મને સોંપો. હું તેનો વાલી બની તમને ઘટતું વહેંચી આપીશ, અભયનો એક જ ઇલાજ મારા ઉપર વિશ્વાસ રાખો!

ગુરુ : આપને સંપત્તિ સોંપનાર હજી કોઈ કહેતો નથી કે આપ એના કદી વાલી બન્યા હો! જેટલી આપની મહોલાત ઊંચી થતી જાય છે એટલી ઝૂંપડીઓ વધતી જાય છે. આપ અભય ઉપજાવો એવો વિશ્વાસ હજી જનતાને આવ્યો નથી...આવો, આપણે સમાજના પ્રથમ ઘટકરૂપ કુટુંબમાંથી અભય શોધીએ.

શિષ્ય : અભય કોણ આપે?

ગુરુ : જેનો પ્રેમ બદલો ન માગતો હોય તે!

શિષ્ય : કુટુંબમાં એવું કોણ હોય?

ગુરુ : જો, પેલું નાનકડું ઘર અને એક નાનકડું કુટુંબ. આપણે શોધીએ કે એમાં કોનો પ્રેમ નિઃસ્વાર્થ છે!

[ દૃશ્ય બદલાય છે. ]

## દશ્ય ચોથું

[ એક ઘર, જેમાં પિતા છે, માતા છે, પત્ની છે અને નાની બહેન છે. યુવક ધીમો ધીમો, દ્વાર ખોલી, ભયત્રસ્ત ભોગ સરખો પ્રવેશ કરે છે. ]

બહેન : મા, મા ! બાપુજી ! બારણા પાછળ ભાઈનું મુખ દેખાયું ! ભાઈ ! ભાઈ ! આવ્યો તું ?

[ ભાઈને વળગી પડે છે, અને પિતા પાસે ખેંચી લઈ જાય છે. ]

યુવક : પિતાજી ! પગે પડું છું

પિતા : મારા પગ અપવિત્ર ન કરીશ. શું મોં લઈને તું મારી પાસે આવે છે ? ગુનો કરી, કેદ ભોગવી...

યુવક : પિતાજી ! મારો એક જ દોષ : ગુનો કરી હું પકડાયો ! મારી સાથે એ જ ગુનો કરનાર મારો ભાગીદાર પકડાયો નહિ. એ આજ મ્યાના-પાલખીમાં ફરે છે...હું તો સ્વપ્ન રચતો હતો કે મારા પિતાજીને હું પહેલી તકે પાલખીમાં બેસાડું......

પિતા : તેં કેદમાં જઈ મને બરાબર પાલખીમાં બેસાડયો...તારી માને મળ, મારે તારું આ મુખ જોવું નથી.

[ જાય છે. ]

યુવક : મા ! પગે લાગું છું.

મા : પેટ પથ્થર પડયો, મુઆ !

યુવક : મા ! ન્યાયાધીશ પાસે કહ્યું હતું અને તને પણ કહું છું

કે મેં ગુનો નથી કર્યો. ભાગીદારને બચાવતાં હું સપડાઈ ગયો.

મા : દુનિયા એ શું જાણવાની છે? લાખોનો લૂમખો લેવા ગયો હતો તે!

યુવક : હું ગયો હતો એટલા માટે કે મારી માને ગાડીઘોડે બેસાડું, ચારે ધામની જાત્રા કરાવું, ચાંદીનાં કડાં અને ચાંદીની સાંકળ વાળે હીંચકે બેસાડું......

મા : મારી જાત્રા પૂરી થઈ...મારે તો ભગવાનની પૂજા કરવી બાકી છે...વાત કર વહુ જોડે...

[ જાય છે. ]

યુવક : તું યે મને તરછોડીશ? મેં ગુનો નથી કર્યો એવું તું પણ નહિ માને? અરે, હું ગુનેગાર હોઉં તોય મારું ઘર મને નહિ સંઘરે?...નથી બોલવું! તું બોલે પણ શું?...છેલ્લે છેલ્લે તારું પલ્લું પણ વપરાઈ ગયું...તારા દાગીના ગીરો મૂકયા...ગુનેગાર ગણાઈ કેદમાં ગયો...કોઈ પણ પત્નીનો પતિ થવા હું લાયક નથી જ...હું તો નિત્ય સ્વપ્ન નિહાળતો કે તને સોનેરૂપે મઢી દઉં, હીરામોતીથી જડી દઉં, જરી-રેશમથી ઢાંકી દઉં...તારે પણ મારું મુખ જોવું નથી? વારુ! તું યે વગર બોલ્યે ચાલી જા. (પત્ની જાય છે) મારા સરખો ગુનેગાર પુત્ર ન પિતાને ગમે, ન માતાને ગમે! મારા સરખો કેદ ભોગવી આવેલો પતિ કોઈ પણ પત્નીને ન ગમે!...ચાલ પગ!...દુનિયામાં રખડીએ...

[ બહેન આવે છે. ]

બહેન : ભાઈ! કયાં જાય છે?

યુવક : પગ લઈ જાય ત્યાં.

બહેન : નથી જવાનું અહીંથી. વર્ષે દહાડે તો આવ્યો! લે આ દૂધ, પી જા. જતાં દહીં અને આવતાં દૂધ એ શકુન ગણાય!

યુવક : મને શકુન કરાવે છે તું ?

બહેન : નહિ તો ભાઈ ! તને શકુન પણ કરાવું અને તારાં દુઃખડાં પણ લઉં !...શું શું દુઃખ નહિ પડ્યું હોય...બધી અલા બલા તારે માથેથી ઊતરો ! અને પ્રભુ તને સો વરસનો કરો-...મારો ભાઈ...

[ આંખમાં આંસુ આવે છે. ]

યુવક : બહેન ! મારે માટે આંસુ પાડનાર તું એકલી જ નીકળી ! ...વારુ. પણ તું જાણે છે ને કે હું એક ગુનેગાર છું ?

બહેન : જેનો ગુનેગાર હો તેનો, મારે શું ? મારે તો તું મારો ભાઈ છે...ભાઈ શબ્દ ઉચ્ચાર્યા વગર તો મારી જીભ સૂની પડી ગઈ છે...મારો ભાઈ !...ચાલ, દૂધ પી લે. ભાવ્યું ને ?

[ દૂધ પીએ છે. ]

યુવક : હા, બહેન ! તારા હાથનું તો પાણી પણ દૂધ બની જાય એમ છે...હવે હું જાઉં ?

બહેન : જાઉં ? ક્યાં ? હું જવા દઈશ તો ને ?

યુવક : પિતાજી મારું મુખ જોવા નથી ચાહતા !

બહેન : તું જાણે છે ને, ભાઈ ! કે એમનો ગુસ્સો એક ઘડી પણ પહોંચતો નથી ?

યુવક : મા મારાથી શરમાય છે !

બહેન : તને ખબર નથી; તારા માટે તો કંસાર કરવાનું માએ મને ક્યારનું કહ્યું છે.

યુવક : જુઠ્ઠાં ! બહેન ! હું કોઈને પણ ગમતો નથી; તારી ભાભીને પણ નહિ !

બહેન : તે બરાબર છે ! ભાભીને તું શા રીતે ગમે ? આવે કપડે ? —જો, મેં તારાં કપડાં ધોઈ ગડી કરી એવાં મૂકી રાખ્યાં

છે ! તું પહેરીશ ને, એટલે ભાભી બાડી આંખે જોતી મલકાતી મલકાતી આવશે—પહેલાં આવતી ને, એમ !

યુવક : બહેન ! તું મને જિવાડવા અને અહીં રાખવા મથે છે ?

બહેન : એમાં મથવાનું કેવું ? મારી પાસેથી હવે મારા ભાઈને કોઈ લઈ જાય તો...હું જ મરું !

યુવક : જગતમાં કોઈની બહેન મરશે નહિ ! બહેન એટલે......

બહેન : બહેન એટલે બહેન, વળી ! જો, તને યાદ છે હું નાનપણમાં શું બોલતી હતી તે ?

મુખડે ફૂલ ને આંખમાં હીરા;
દેવ પૂજું, કે તમને વીરા ?
દેવ રિસાયા મંદિર વસે;
વીરો મારો ખડખડ હસે !

યુવક : બહેન ! ભાઈને બચાવી તું શું પામીશ ?

બહેન : પામવાનું શું ? હું મારો ભાઈ પામીશ ! બસ, મારે બીજું જોઈએ પણ શું ? (સ્વગત)...અને આજે...આજે જ... પૂનમના દિવસે જ...મારા હૈયાના બધા જ આશીર્વાદ ભેગા કરી ભાઈને હાથે એવી રક્ષા બાંધું કે...પ્રભુ પણ એ રક્ષાની આણ માને, મારા ભાઈને સો વર્ષનો કરે, એનું મુખ મીઠું અને હસતું રાખે, રિદ્ધિ સિદ્ધિ વડે એના ભંડાર ભર્યા પૂર્યા રાખે......

અવાજ : પણ ઓ ઘેલી ! એને માટે માગી લીધેલા ભંડારમાંથી એ તને શું આપશે ?

બહેન : મને ? મારે ભાઈ વગર બીજું કાંઈ જોઈએ ખરું ? હા, હા ! ભાઈ મોટા હોય તો હું એક કાપડું માગીશ...અને નાનો હોય તો હું એને આંગલું આપીશ...કપડાં બદલ્યાં અને ભાઈ કેવો બદલાઈ ગયો ? જાણે રાજકુમાર !

[ સંગીત ]

વીરને વાઘા સોહે કેસરિયા !
વાંકી અલક લટ ભાલે રમે રસાળ !
ચાંદા–સૂરજનાં તેજ મુખે વેરિયાં !
ધીરીઅધીરી એની મદત્તમ સિંહચાલ !
ઝબકે એ પોપચાંમાં અમૃતનાં હેરિયાં !

અવાજ : બદલાની આશા વગરનો વિશુદ્ધ પ્રેમ કોઈનો પણ હોય તો તે બહેનનો. બહેન સર્જીને પ્રભુએ પ્રેમની સીમા–દોરી બાંધી. એ બહેનની રક્ષા એટલે સાચામાં સાચી રક્ષા. હુમાયૂને ગુમાવેલું રાજ કેમ મેળવ્યું ? બહેનની રક્ષાના પ્રતાપે.

# દૃશ્ય પાંચમું

[હુમાયૂનનું દૃશ્ય : દિલ્હી સર કરી પાદશાહત પાછી પ્રાપ્ત કરી તે સમયે બહેરામખાન મુબારકબાદી આપે છે.]

બહેરામ : શાહેશાહાન! આપની જીત થઈ અને દિલ્હી આપે સર કર્યું. મુબારકબાદ!

હુમાયૂન : બહેરામ! તું જાણે છે આપની જીત કેમ થઈ તે?

બહેરામ : આપની તલવારમાં તેજ છે, આપના હાથમાં જોર છે, આપના પગમાં વેગ છે...

હુમાયૂન : એની એ તલવાર હતી, એના એ હાથ હતા, એના એ પગ હતા, છતાં પંદર વર્ષ સુધી રાજ્ય ગુમાવી હિંદ બહાર રખડતો હું આજ દિલ્હીમાં ફરી પગ મૂકું છું. એ પ્રતાપ, જો, બહેરામ, આ દોરાનો!

બહેરામ : આ તો એક સાધારણ દોરો છે, નામવર! કોઈ પીર–ઓલિયાનો મંત્ર પામેલો એ ગંડો લાગે છે!

હુમાયૂન : નહિ, બહેરામ! એ એક હિંદુ બહેને મને ભાઈ બનાવ્યો એનું ચિહ્ન છે!

બહેરામ : હિંદુ બહેન? આપને? એક કાફર...

હુમાયૂન : બસ કર, બહેરામ! તને માલૂમ તો છે જ કે મારો પુત્ર અકબર ક્યાં જન્મ્યો હતો!...ઉમરકોટના હિંદુ રાજાની આમ્રવાટિકામાં...મને જીવતદાન આપનાર મારા પિતા બાબરનું વસિયતનામું પણ તેં જોયું છે...હિંદુઓને તલવારથી નહિ પણ પ્રેમથી જીતવાનું એમાં ફરમાન છે...

બહેરામ : તો ફતેહની ખુશાલીમાં એ હિંદુ બહેનને બક્ષિસ મોકલીએ !

હુમાયૂન : બહેન કદી બદલો કે બક્ષિસ માગતી જ નથી. અને... આ બહેન તો ક્યારની યે...મને આ રક્ષાનો તંતુ મોકલી એ બહેસ્ત નશીન થયેલી છે. બહેરામ ! આ બહેન જીવતા દેહે અગ્નિમાં ઊતરી ગઈ !...મને એનો ખૂબ રંજ છે કે હું એને બચાવી ન શક્યો...જ્યારે એણે આશીર્વાદ ભરીને મોકલેલો આ સૂતરનો દોરો મારી સતત રક્ષા કરે છે અને મને ગયેલું રાજ્ય પાછું અપાવે છે......

બહેરામ : મને યાદ આવે છે, નામવર !...ગુજરાતી સુલતાને ચિતોડ ઘેર્યું ત્યારે રાજમાતા કર્મદેવીની સહાયે આપ સૈન્ય લઈ પધાર્યા હતા...અમને નવાઈ એ લાગી હતી કે આપના જ પિતા બાબરશાહનો કટ્ટો દુશ્મન રાણો સંગ. એની જ વિધવા રાણીની સહાયે આપ કેમ ગયા હતા ?

હુમાયૂન : મહારાણી કર્મદેવીએ આ રક્ષા મોકલી મને એનો ભાઈ બનાવ્યો હતો !...ચિતોડ પાછું અપાવ્યું, પણ બહેન ન બચી. છતાં એની રક્ષાનો દોરો આજ સુધી મને સલામત સાચવી રહ્યો છે અને આબાદી આપી રહ્યો છે...માનવજાતે સાચામાં સાચો સ્નેહ બહેનનો જ નિહાળ્યો છે.

# સુહાસિનીમ્

વસ્તુ

સ્વાતંત્ર્યદિનની ઉજવણી

## પાત્રો

| | |
|---|---|
| હિંદમાતા | કિશોરી |
| કિશોર | સેવિકા |
| સ્વયંસેવક | સાથીદાર |
| શિવાજી | રામદાસ |
| અકબરશાહ | જગન્નાથ પંડિત |
| ફૈઝી | પારસી મોબેદ |
| ખ્રિસ્તી પાદરી | જૈન સાધુ |
| બિરબલ | તાનસેન |
| બૌદ્ધ ભિખ્ખુ | મુસાફર |
| મિલીન્દ | |

[ હિંદમાતાની મૂર્તિ સામે એક કિશોરી ગાતી પ્રવેશ કરે છે. પાછળ તેની સખી સેવિકા આવે છે. ]

કિશોરી : સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્...

મા ! કેમ મુખ હસતું નથી ? કે મને ભ્રમ થયો છે ?

સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્...

મા ! આજના દિને તો તારે બંકીમવાણી સાર્થ કરવી જોઈએ. તેને બદલે આવું વિષાદમય મુખ ?

સેવિકા : આજે જે હસે નહિ તે હિંદી નહિ !

કિશોરી : હિંદમાતા પણ હિંદી નહિ, એમ ! જો એ ન હસે તો ?

સેવિકા : જરૂર નહિ; હિંદમાતા પણ આજ ન હસે તો સાચી હિંદમાતા નહિ !

હિંદમાતા : હું સાચી હિંદમાતા છું. મને સમજાવશો કે મારે શા માટે આજ હસતું મુખ રાખવું ?

કિશોરી : મા ! જો, જો, એ આજનો દિન છે કે જે દિને અમે તારી મુક્તિ સાધી...

સેવિકા : તને સ્વતંત્ર બનાવી...

કિશોરી : મા ! તારા સ્વાતંત્ર્યનો જન્મદિન આજ અમે ઉજવીએ છીએ...તું સ્વતંત્ર એટલે અમે પણ...

હિંદમાતા : મુક્તિ ! સ્વાતંત્ર્ય ! સ્વાતંત્ર્યનો જન્મદિન ! ઉજવણી ! ...પેલી દુકાને ઉભેલા ટોળાંને પૂછો કે મારી મુક્તિથી એમને એકાદ રોટલી વધારે મળી ખરી ? અરે, વધારે નહિ તો વખત-સર મળી ખરી ? પેલા ચીંથરેહાલ ફરતા મઝદૂરની પાસેથી

માહિતી લો કે હિંદ સ્વાતંત્ર્યમાં એને કાપડ મળે છે કે નહિ ? અને...અને...હજી ભ્રમ સેવો છો કે તમે મારી મુક્તિ સાધી ?

[ એક કિશોર અને સ્વયંસેવક આવે છે. ]

કિશોર : હા, હા, અમે તારી મુક્તિ સાધી.

સ્વયંસેવક : લાઠી માર...કેદ...કદી ગોળી...

હિંદમાતા : મને મુક્તિ અપાવનાર તો મરી ગયો ! એને કેવું ભવ્ય મરતાં આવડ્યું ? આવા એક સો બત્રીસ લક્ષણા માનવજાતને મળે તો માત્ર હિંદ જ નહિ, આખી માનવજાત મુક્ત બને !

[ હિંદમાતાના મુખ ઉપર પ્રસન્નતા અને આછું સ્મિત રમી રહે છે. ]

કિશોરી : મા હસે છે !

સેવિકા : સ્મિત કરે છે !

કિશોર : મા ! એ મહાત્માના મૃત્યુ ઉપર તો સાઠ કરોડ આંખો રડી છે ! અને તું સ્મિત કરે છે ?

સ્વયંસેવક : ગાંધીજીના મૃત્યુ ઉપરનું સ્મિત સહન નહિ થાય !

હિંદમાતા : ઘેલા ! એ મૃત્યુ નથી, મૃતસંજીવની છે. જેના મૃત્યુમાં લાખો અને કરોડો માનવીનાં જીવન પાંગરે એને કોણ મૃત્યુ કહે ? મને સ્મિત કરતી જોવી હોય તો સ્વધર્મીની ગોળીથી, મુખ ઉપર રામનામના ઉચ્ચાર સાથે, મારનારને ક્ષમા આપતી મુદ્રા સહ અને ભાઈભાઈનાં ખૂન અટકાવવા માટે મરવું જોઈએ...

કિશોર : એવું તો એક ગાંધીજી...

સ્વયંસેવક : અને વસંત–રજબ કે ગણેશ–શંકર વિદ્યાર્થી મરી શક્યા.

કિશોરી : એવાં મોત કેટલાં તારા ઇતિહાસમાં, મા ?

સેવિકા : અને તારાં સંતાનોનાં મોત માગીને જ તું શું સ્મિત કરે છે ?

હિંદમાતા : જરૂર મારા સ્મિતની પહેલી શર્ત મોતની તૈયારી !... પછી મોત આવે કે ન આવે !

[ અવકાશમાંથી એક ગીત સંભળાય છે. ]

## [ ગીત ]

રસના ભર્યા રે એ તો રંગના ભર્યા,
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.
માથાં મૂક્યાં છે કાપી હાથ વડે વેગળાં,
જોગણીનાં ખપ્પરોને ભાવથી ભર્યાં,
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.
ઝૂઝે છે વીરધીર, ખેલંતા મર્દખેલ,
કામ–ક્રોધ–લોભના ચૂરા કર્યા;
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.

સેવિકા : અમારાં મોત સિવાય શું તું હસે જ નહિ ?

હિંદમાતા : મોતને ઓળખો બરાબર. હજી એનો ભય ગયો નથી. મોત તો એક મુક્તિ-મંત્ર છે. મોતને હાથમાં લઈ ફરો ! મૃત્યુ આવે ન આવે તેની મને પરવા નથી.

કિશોરી : એવું સ્મિત તેં ક્યારે કર્યું ? મોત હોય કે ન હોય ત્યાં પણ ?

હિંદમાતા : બતાવું ? જો થોડાં મારાં સ્મિત...

[ દૃશ્ય બદલાય છે : એક ઝૂંપડી પાસેના ચોતરા ઉપર સ્વામી રામદાસ ધ્યાનસ્થ બેઠા છે. સહજ દૂર શિવાજી અને તેનો સાથીદાર આવે છે.]

સાથીદાર : શિવાજી મહારાજનો જય ! વિજય !

શિવાજી : અરે ઓ મૂર્ખ ! કોનો જય ! અને કોનો વિજય ? શાન્ત થા. ગુરુ સમાધિભંગ થશે.

[ધીમે પગલે બન્ને આગળ આવી રામદાસને પગે લાગે છે. રામદાસનાં નયનો ધીમે ધીમે ખૂલે છે.]

રામદાસ : પધારો છત્રપતિ !

શિવાજી : ગુરુદેવ ! કાંઈ અપરાધ થયો છે ?

રામદાસ : કોણે કહ્યું ? આર્યઆદિત્ય શિવાજીનો અપરાધ હોય નહિ.

શિવાજી : ગુરુ મને છત્રપતિ તરીકે સંબોધી મને પરાયો તરીકે ગણી પધારવાનું કહે—કાંઈ પણ ગુના વગર, એ કેમ બને ?

રામદાસ : વત્સ ! આજ સુધી મેં તને છત્રપતિ કહ્યો ન હતો. આજે તું સાચો છત્રપતિ બની મારી સમક્ષ આવ્યો છે !

શિવાજી : કાંઈ સમજાતું નથી, ગુરુદેવ !

રામદાસ : પેલા મુસ્લિમ દુશ્મન કિલ્લેદારની રૂપરૂપના અંબાર સમી પુત્રીને પકડી તારી પાસે સૈનિકો લાવ્યા હતા ! નહિ ? તારામાં કઈ લાલસા ત્યારે જાગી હતી ?

શિવાજી : મહારાજ ! એનું રૂપ નિહાળી મને એક લાલસા જરૂર થઈ આવી ! એવી લાવણ્યમયી માતાને ખોળે હું જન્મ્યો હોત તો હું આવો બરછટ કદરૂપો ન હોત !

રામદાસ : એ જ ક્ષણે તું સાચો છત્રપતિ બન્યો, માટે મેં તને છત્રપતિનું સંબોધન કર્યું ! કહે, કેમ આવવું થયું ?

શિવાજી : સમર્થનું જે છે તે સમર્થને ચરણે ધરવા આવ્યો છું.

રામદાસ : ન સમજાયું મને, શિવાજી !

શિવાજી : સર્વજ્ઞને ન સમજાય એ કેમ બને ?

રામદાસ : સર્વજ્ઞ તો પ્રભુ છે ! એનું લક્ષણ હું માનવી ક્યાં અપનાવી લઉં ? હું તો પ્રભુનો દાસ.

[સહજ હસે છે.]

મને સમજાવ. રાજવૈભવ મૂકી આ ઝૂંપડી તરફ આજ કેમ વળ્યો ?

શિવાજી : જેનો રાજવૈભવ છે તેને સોંપવા માટે આવ્યો છું !

રામદાસ : ભલે; પણ તેમાં અહીં શું છે?
શિવાજી : ગુરુદેવ! આ રાજદંડ અને આ રાજમુગટ! આપને ચરણે ધરું છું.

[ બન્ને પગ આગળ મૂકે છે. ]

રામદાસ : અરે, ઘેલા! આ શું? તારા ભુજબળથી તેં હિંદુપદ-પાદશાહી મેળવી, એને તું જ ભોગવ.
શિવાજી : મારા ભુજબળ કરતાં આપના આશિષનું બળ વધારે છે. મારો સંકલ્પ છે કે મારે ગુરુચરણે રાજપાટ ધરી દેવાં!
રામદાસ : (હસીને) હું સંન્યાસી! જેનાથી એક કણ પણ સંગ્રહ ન થાય, એ રાજપાટ કેમ લઈ શકે? શા માટે લઈ શકે? શિવાજી! શક્તિ ઘટી કે શું?
શિવાજી : સમર્થ રામદાસનો હાથ જેના શિર પર હોય એની શક્તિ કદી ઘટે જ નહિ. હજી આખી પૃથ્વીને જીતી આપનાં ચરણોમાં લાવી મૂકું એવી તાકાત ધરાવું છું. પણ...તે આપને ચરણે ધરવા માટે!
રામદાસ : વારુ, શિવાજી! આપણે આખી પૃથ્વી ન જોઈએ! જેટલું મળ્યું એટલું બસ. નહિ? અને, હવે...આ રાજમુગટ મારો બન્યો, ખરું?

[ હાથમાં રાજમુગટ લઈ હસે છે. ]

શિવાજી : જરૂર, ગુરુદેવ!
રામદાસ : અને આ રાજદંડ પણ તેં મને સોંપ્યો. ખરું?

[ રાજદંડ હાથમાં લે છે. ]

શિવાજી : સદા ય આપને સોંપ્યો, હવે આજ્ઞા?
રામદાસ : શિવાજી! જરા પાસે આવ, મારે આજ્ઞા કરવી છે. મુગટ અને દંડ સાથે આજ્ઞા કરી શકાય ને?
શિવાજી : મારું મસ્તક આપને ચરણે છે. આજ્ઞા......

રામદાસ : મારે તને અને તારા મસ્તકને બન્નેને આજ્ઞા કરવાની છે. આ રાજમુગટ હું તારે મસ્તકે પાછો મૂકું છું...

શિવાજી : પ્રભુ ! ગુરુદેવ !

રામદાસ : અને આ રાજદંડ પણ તારા જ હાથમાં પાછો લે ! રામદાસ સરખા સંન્યાસીને રાજ અર્પણ કર્યાનું ચિહ્ન રાખવું હોય તો...લે આ મારી ભગવી ચીંદરડી ! એમાંથી ભગવો ઝંડો ફરકાવ, આજથી તું રાજસંન્યાસી – સાચો મહારાજા – સાચો છત્રપતિ બન્યો !

શિવાજી : ગુરુદેવ ! નહિ, નહિ...

રામદાસ : મારી આજ્ઞા છે, વત્સ !

[ શિવાજીને મસ્તકે મુકુટ મૂકી તેના હસ્તમાં રાજદંડ રામદાસ મૂકે છે. ]

હિંદમાતા : શિવાજીએ છત્રપતિપદ ધારણ કર્યું ત્યારે નહિ, પરંતુ એ પદ સ્વામી રામદાસને ચરણે ધર્યું ત્યારે હું સુહાસિની બની રહી હતી. જે રાજવીનું હૃદય ભગવે રંગે રંગાયલું હોય તે જ આવી દિલ દિલાવરીથી રાજ્ય સમર્પણ કરી શકે અને મને પ્રફુલ્લ બનાવી શકે.

કિશોર : મા ! આજના હિંદી રાજવીઓએ પણ આત્મસમર્પણથી આડો આંક વાળ્યો છે. પછી તું કેમ આમ ઉદાસી...

હિંદમાતા : રાજવીઓનાં હું હૃદય તપાસી રહી છું. એ આત્મસમર્પણ હતું કે અશક્તિ હતી તે હવે સમજાશે. રાજપ્રમુખો તો મળશે; કયો રાજવી રાજસેવક બની રહે છે એ જોયા પછી હું આનંદ માણીશ.

સ્વયંસેવક : રાજાઓમાં પણ જુઓ ને ! હિંદુ હતા તે બધાએ સાથ આપ્યો; અને મુસ્લિમ રાજવીઓ હજી જુનાગઢ–હૈદરાબાદમાં જંગ પોકારી રહ્યા છે !

કિશોર : મને ડર છે કે મુસ્લિમ યુગનાં એક હજાર વર્ષમાં હિંદમાતા કદી હસી નથી.

હિંદમાતા એમાં દોષ કોનો ? આજ પણ સ્વાતંત્ર્યદિને મારાં અંગ તમે જ કાપવા દીધાં ને ? અને, એમ ન માનશો કે હું મુસ્લિમ યુગમાં સતત સ્મિત વગરની જ રહી છું.

સેવિકા : કલ્પી શકાતું નથી કે એ યુગમાં આપ ક્યારે હસ્યાં હો !

કિશોરી : હરીફરીને એક અકબરનું નામ આગળ આવશે !

હિંદમાતા : એમ શું બોલે છે, બહેન ? જરા ઇતિહાસપટ પર નજર નાખી જો. તમે બધાં ય નજર નાખો અને શોધી કાઢો કે હું ક્યારે પ્રફુલ્લ બની હોઈશ ?

કિશોર : કબીરના જન્મ સમયે...

હિંદમાતા : આ યુગમાં હું કોઈના યે જન્મસમયને માનતી નથી કબીરના મૃત્યુ સમયે જરૂર મેં સ્મિત કર્યું હતું ! એ સ્મિતમાંથી વરસેલાં ફૂલ વડે તો કબીરનો દેહ ઢંકાઈ ગયો !

સ્વયંસેવક : તુલસીદાસે રામાયણ રચ્યું ત્યારે !

હિંદમાતા : સાચું. હજી રામધૂન મને ગમે છે.

કિશોરી : મીરાં અને નરસિંહ નાચ્યાં ત્યારે !

હિંદમાતા : બરાબર. આજની છોકરીઓનાં નૃત્ય કરતાં એ બન્નેનાં નૃત્ય વધારે સાચાં.

સેવિકા : સૂરદાસે આંખ ફોડી ત્યારે !

હિંદમાતા : એ પણ ખરું. તાજમહેલ ઉપર પણ મારું એક સ્મિત ખર્યું છે.

કિશોર : અકબર બિચારો રહી જાય છે...

હિંદમાતા : આવો, આવો. હું તમને અકબરના દરબારમાં લઈ જાઉં !

[ અકબરના દરબારનું દૃશ્ય ખડું થાય છે. ઊંચી ગાદી ઉપર અકબર આવી બેસે છે. તે પહેલાં

આસપાસ દરબારીઓ, પંડિતો, ધર્મગુરુઓ, સંગીતકારો અદબથી આવી બેઠા છે. ]

જગન્નાથ પંડિત : એટલે, રાજેશ્વર ! આપનો દીને ઇલાહી અને અમારો આર્ય ધર્મ અલગ નથી જ. પ્રાણી માત્રનું દુઃખ એ પ્રત્યેક આર્યનું દુઃખ. वसुधैव कुटुम्बकम् ।

ફૈઝી : જહાંપનાહ ! ઇસ્લામનો અર્થ જ શાન્તિ ! જ્યાં ઝઘડો ત્યાં ઇસ્લામ જીવી શકે જ નહિ ! દીને ઇલાહી ઇસ્લામથી ખીલાફ નથી જ.

પારસી મોબેદ : મનશ્ની ! ગવશ્ની ! કુનશ્ની ! મન, વાણી અને કર્મની વિશુદ્ધિ એ અમારા જુરથુષ્ટની આજ્ઞા. દીને ઇલાહીમાં તેનું સ્થાન છે જ, નામવર !

ખ્રિસ્તી પાદરી : ઇસુએ તો જગતનાં પાપ માથે લઈ સહુની શિક્ષા સહી લીધી. ખ્રિસ્ત એટલે દયાનો સાગર. દીને ઇલાહી ક્યાં એની ના પાડે છે ?

જૈન સાધુ : અને આ બધું અમારા अहिंसा परमोधर्ममां આવી જાય છે.

અકબરશાહ : તો હું પોતે દીને ઇલાહીનો પ્રથમ સેવક બની જાઉં ! રાજાજી, આપનું શું કહેવું છે ?

બિરબલ : ખુદાવંદ ! બરાબર છે. પણ એક મુશ્કેલી સાચવવાની છે. બધા ધર્મોએ એ મુશ્કેલી અનુભવી છે.

અકબરશાહ : એ કઈ મુશ્કેલી ?

બીરબલ : ધર્મછાપની – ધર્મતિલકની – ધર્મના નામકરણની ! ધર્મમાંથી ધર્મનું નામ જતું કરો; ગુરુનો ગંડો કાઢી નાખો; ધર્મની ભાષા દૂર કરો; ધર્મની દીક્ષા ગુપ્ત ન રાખો. નહિ તો બીજા ધર્મોની માફક દીને ઇલાહીનો આત્મા મરી જશે. અને એ નવો ધર્મ બની નવી જેહાદો જગવશે.

અકબરશાહ : દીને ઇલાહીને ગુરુ ન જોઈએ ! મંત્રોચ્ચાર ન જોઈએ !

ધર્મદીક્ષા ન જોઈએ. હિંદુ હિંદુ રહીને આ દીનમાં જોડાય; મુસ્લિમ ઇસ્લામ સ્વીકારીને આ દીન પોતાનો બનાવે. સર્વ ધર્મ સમન્વય એ જ દીને ઇલાહી! તાનસેનના સંગીતથી આજની ચર્ચા પૂરી કરીએ.

તાનસેન : [ ગઝલ [

ઊઠે આવાઝ કાબાથી સુણો પંડિત, યા અલ્લા!
ઊઠે એ શબ્દ કાશીથી સુણો ૐકાર અય મુલ્લા!
અયે કાઝી! અહો બ્રાહ્મણ! બતાવો ભેદ ક્યાં ભાળ્યો?
કહો એ ઈશ કે અલ્લા બધે ક્યાં? ક્યાંઈ નીહાળ્યો?
ચરાચરમાં રમે તેને પુકારી રામ પૂજે છે.
કહેશો કે યવન હૃદયે કદી ના રામ ગૂંજે છે?
કહો છો પાડ અલ્લાની રહમ દુનિયા ભરી ફેલે;
પૂછું, કાફર જિગરમાં શું રહમ દરિયાવ ના રેલે?
ન પૂછો પંડિતોને ના, ન પકડો કાઝીના પલ્લા!
મિલાવી હાથ ને હૈયાં પુકારો : ઈશ એ અલ્લા!

[ દૃશ્ય સમેટાય છે. ]

હિંદમાતા : આ ચર્ચા સાંભળી ત્યારે મેં જે પ્રફુલ્લતાભર્યું સ્મિત કર્યું તે હજી મને યાદ છે...અરે, આ શાની બૂમ પડી રહી છે?

[ દૂરથી બૂમાબૂમ સંભળાય છે, જેમાં આ ઉદ્ગારો સ્પષ્ટ સમય છે :

'ભાગો! ભાગો! હુણ–યવનનાં ટોળાં ને ટોળાં દેશને મેદાન મેદાન કરી રહ્યાં છે.'
'એ તો પેલો મિલીન્દ! અને બાપ રે! એમના તે ઘોડા છે કે વીજળીનાં ચોસલાં? ]

ભિખ્ખુ : बुध्धं शरणं गच्छामि
धर्मं शरणं गच्छामि
संघं शरणं गच्छामि

[ મુસાફર અને ભિખ્ખુ પ્રવેશ કરે છે – બોલતાં બોલતાં ભિખ્ખુ આસન પાથરી ધ્યાનમાં બેસે છે. ]

મુસાફર : અરે ભિખ્ખુ ! ભાગ ! મિલીન્દના ઘોડાના ડાબલા સંભળાય છે.

ભિખ્ખુ : હું શા માટે ભાગું ?

મુસાફર : મોતથી બચવા !

ભિખ્ખુ : મોતથી બચેલો કોઈ માનવી દેખીશ ત્યારે હું ભાગીશ ! હિંદવાસીને ભાગવાની ટેવ ન પડવી જોઈએ.

[ મુસાફર દોડી જાય છે. સાથે જ મિલીન્દ તલવાર લઈ આવે છે. ભિખ્ખુ આંખ મીંચી ધ્યાનમગ્ન રહે છે. ]

મિલીન્દ : અરે એ ! અહીંથી કોણ ગયું હમણાં ?...બોલતો નથી ? ...ઝટકે ઝબે કરી નાખીશ.

[ ભિખ્ખુને હલાવી નાખે છે. સ્મિતભર્યાં નયને ભિખ્ખુ સામે જુએ છે. ]

મોતનો ડર નથી શું ?

ભિખ્ખુ : ના. અને હશે તો ય તારા કરતાં વધારે નહિ !

મિલીન્દ : મને તું ઓળખે છે, મિલીન્દને ?

ભિખ્ખુ : નહિ. એના કરતાં વધારે સારું ઓળખવાનું બીજું ઘણું છે !

મિલીન્દ : એમ ? સાંભળ. મને બરાબર પિછાની લે. હું મહારાજા મિલીન્દ ! મધ્ય એશિયાથી દેશ દેશ સર કરતો આવ્યો છું !

ભિખ્ખુ : તો ય હજી પૃથ્વી જીતવાની ઘણી પડી છે, નહિ? આકાશ પાતાળને બાજુએ મૂકીએ તો ય!

મિલીન્દ : ઓ તોછડા! એ બધું હું જીતવાનો છું! એ તને બતાવવા માટે જ જીવતો રાખું છું.

ભિખ્ખુ : એ બતાવીને શું કરીશ? એમાં મને રસ શો? હું ભિખ્ખુ અને તું મહારાજા! શો ફેર? બન્ને એ જ પૃથ્વીમાં સમાવાના! મોતને દિવસે પૃથ્વી, આ ધૂળ અને માટીની પૃથ્વી, વિજેતા મહારાજા ચક્રવર્તી મિલીન્દને જીતશે અને અકિંચન ભિખ્ખુ તથા મહારાજા મિલીન્દ સરખા બનશે – મિટ્ટીનાં પૂતળાં! અરે એ પૂતળાં ધૂળના રજકરણનું મહત્ત્વ મેળવશે! નહિ, નહિ, એટલું પણ નહિ. ઓ મિલીન્દ! તને ખબર છે કે ધૂળના એક રજકણમાં તારા મહારાજ્ય કરતાં વધારે મોટાં મહારાજ્ય ખીલી નીકળ્યાં છે? આ કણ તો છે—જીવે છે! પણ કૈંક મિલીન્દો અદશ્ય થઈ ગયા!

મિલીન્દ : ભિખ્ખુ! મોતથી બચવાનો કોઈ ઇલાજ તું બતાવે છે?

ભિખ્ખુ : હા, આવ. મારી પાછળ આવ. **बुद्धं शरणं गच्छामी।**

[ દશ્ય સમેટાય છે. હિંદમાતાના મુખ ઉપર સ્મિત રમી રહે છે. ]

કિશોરી : આ તો મિલીન્દ પન્હાની ગાથા! યવન મીનેન્ડર બૌદ્ધ બન્યો ત્યારની!

સેવિકા : અને જુઓ! આ ટોળાં અને ટોળાં ક્યાં ચાલ્યાં, ગણવેશ ધારણ કરીને?

સ્વયંસેવક : ન હોય ગણવેશ! એ તો સાધુઓ છે બધા...નાના, મોટા, સ્ત્રી, પુરુષ...ઓ હો હો! મોટી હારકતાર લાગી રહી છે...

હિંદમાતા : સાધુને ગણવેશ ન હોય, એમ? સૈન્ય સિવાય ગણ-

વેશ હોય જ નહિ, ખરું ? એ જ સાચા સૈનિકો ! એ જ સાચા જગતવિજેતા ! સાચા ચક્રવર્તી !

કિશોર : પણ આ ક્યાં ચાલ્યા આટલા બધા ? નદીઓ કૂદી જાય છે, હિમાલયને ઠેકી જાય છે, રણમાં રણ ઓળંગી જાય છે, સમુદ્રને પી જાય છે...

કિશોરી : નથી એમને ટાઢ વાતી ! નથી એમને લૂ લાગતી...

સેવિકા : અરે, પેલો સિંહ બેસી જ રહ્યો છે ! અને પેલો વાઘ ? બધાંને ખાઈ જશે !

કિશોર : કૂદવા માટે પેંતરો લીધો છે, છતાં વાઘ પૂતળા સરખો ઊભો જ રહ્યો છે !

સ્વયંસેવક : નાગ પગે વીંટાયો છે છતાં પેલી ભિખ્ખુણી તો હજી હસે છે ! કોણ હશે એ ?

[ સાધુ–સાધ્વીઓની મોટી શ્રેણી પર્વત ચઢતી ઊતરતી ગાય છે. ]

## [ ગીત ]

જગત જીતવા જઈએ, સાધો !
 જગત જીતવા જઈએ !
પ્રાણ મુઠ્ઠીમાં લઈએ; સાધો !
 જગત જીતવા જઈએ.
દિશા કાલના મેરૂ હિમાચલ.
 હથેલી માંહી સમાયા;
જલધિનાં જલ જતાં ઓસરી,
 વડવાનલ હોલાયા, સાધો !
 જગત જીતવા જઈએ.
વનરાજિની ચામર ઝૂલે,
 અરણ્ય આસન આપે;

મરુત મંદ કે ઝંઝાવાતો
ક્ષુધા–તૃષાને કાપે, સાધો !
જગત જીતવા જઈએ.
મોતભર્યાં શસ્ત્રોને ફેંકી
અગ્ન્યાસ્ત્રો પરહરિયાં;
પીયૂષ પાઈ છાંટી સંજીવની
અમ્મર ભાથાં ભરિયાં, સાધો !
જગત જીતવા જઈએ.
રાજમુકુટ કે દંડ જીતીને
પુકારીએ નવ કીર્તિ.
પ્રાણ બિછાવી માનવતાનાં
હૃદય લીજીએ જીતી, સાધો !
જગત જીતવા જઈએ.

હિંદમાતા : જુઓ જુઓ ! મારી સાથે તમે પણ પ્રફુલ્લ થાઓ અને સ્મિત કરો ! મારાં અનેક પુત્ર-પુત્રી ચીન જીતે છે, જપાન જીતે છે, જાવા–બાલી જીતે છે, બ્રહ્મદેશ–શ્યામ જીતે છે. ત્રીવીષ્ટપ–તાર્તરી જીતે છે. વગર શસ્ત્રે ! વગર યુદ્ધે કોઈને માર્યા વગર !

[ દૃશ્ય સમેટાય છે. ]

કિશોરી : મા ! આવો વિજય કેમ મળે ?

હિંદમાતા : રાજઘાટને પૂછો ! ગાંધીના મૃત્યુ-સ્થળને પૂછો ! ગાંધીની રાખને પૂછો ! અરે, એની છબીને જ પૂછો !

[ હે રામ : એવા આછા ઉદ્‌ગાર સંભળાય છે. હિંદમાતાના મુખ ઉપર સ્મિત દેખાય છે. ધ્વજ લહેરાય છે...પાછો પડી સંકોચાઈ જાય છે, સ્મિત જતું રહે છે. ]

સ્વયંસેવિકા : ન સમજાયું ! અમારે તો, મા ! તારું સ્મિત જોઈએ; સુહાસ જોઈએ.

હિંદમાતા : ગાંધીના ઉપવાસ યાદ આવે છે? હિંદભરના ઉપવાસીઓનું પ્રદર્શન હતું. ગાંધીનું કૌપીન યાદ આવે છે? હિંદભરનાં નવસ્રાનો એ ધ્વજ ! હા, હું જરૂર કહીશ, જે ક્ષણે હિંદભરમાં એકે માનવી વસ્ત્ર વિહીન નહિ હોય !...અને હશે તો પોતાને ભારતનો રાજ્યકર્તા માનતો સત્તાધીશ સમૂહ ભૂખ્યાં સાથે ઉપવાસ કરતો હશે. ઘર વિહોણાં સાથે ખુલ્લા આકાશ નીચે સૂતો હશે, અને વસ્ત્ર વિહોણાંને સાથ આપવા કૌપીન પહેરતો હશે !

સહુ : મા ! અમે મથીએ ! કાળાંબજારને તાળાં વાસીએ ! ગાદીને ખુરશી ખસેડીએ ! ઉપવાસ આદરીએ ! પણ એક સ્મિત... અમને સ્ફુરણા અને શક્તિ મળશે !

[ હિંદમાતા આછું સ્મિત કરે છે. સહુ ગાય છે : ]

**સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્**
**સુખદામ્ વરદામ્ માતરમ્**
**વંદેમાતરમ્ !**

# "સ્વર્ગ-તરણાંને તોલે"

## વસ્તુ

દાનવો ઉપર મેળવેલા વિજયને કેમ ઉજવવો તેને માટે વિચાર કરવા ભેગા થયેલા દેવોને સામર્થ્યનો ગર્વ હોય છે. એ ગર્વ ગાળવા માટે પક્ષી તત્ત્વ વિચિત્ર રૂપે પ્રગટ થઈ દેવોને તણખલા સરખા બનાવી દે છે. એ ઉપનિષદ્-કથામાંથી આ નાટિકાનું વસ્તુ લીધું છે.

## સ્થળ

નંદનવન

## સમય

રાત્રિનો પ્રથમ પ્રહર

## પાત્રો

ઈન્દ્ર, વરુણ, મરુત, અગ્નિ, અશ્વિનીકુમાર, કુબેર, શચી-ઈન્દ્રાણી, અનુચર તથા સત્વઅને અપ્સરાઓ

[ ઇન્દ્રદેવ પોતાના બગીચામાં એક વિશાળ મંડપ નીચે બિરાજ્યા છે. કેટલાક દેવો તેમની આસ-પાસ યોગ્ય સ્થાને બેઠા છે. ઇન્દ્રને ચમ્મર ઢોળાય છે. ગાંધર્વોનાં ગાન સાથે અપ્સરાઓનાં નૃત્ય પણ થઈ રહ્યાં છે. કેટલાક દેવોનાં સ્થાન ખાલી છે. મુખ્ય ગાંધર્વ તુંબરું અને મુખ્ય અપ્સરા ઘૃતાચીનાં ગીત–નૃત્ય મુખ્ય હોય છે. ]

## ગીત

[ રાગ બાગેસરી ]

દેવની વધાઈ ગાઓ !
દેવની વધાઈ ! દેવ ઇન્દ્રની વધાઈ ગાઓ...
દેવની...૦

રૂપમાં અતુલ દેવ ! વર્ણમાં અનુપ દેવ !
દર્શનીય દેવ ! પ્રેમ પરમ પાઓ પાઓ !
દેવની...૦

વીરતા વહેતી અંગ ! વાળિયો અસુર ખંગ !
જંગ મહીં વિજય અંગ ! છલકતી શી ગીત–ગંગ ?
એ ગીત–ગંગ માંહી ન્હાઓ !...દેવની૦

ઇન્દ્ર : સ્વર્ગમાં સંગીતનો શોખ ઘટતો લાગે છે !

અશ્વિનીકુમાર : કેમ એમ ? દેવરાજ ! હજી તો ઊર્વશી, રંભા, તિલોત્તમા, મેનકા બધાં બાકી છે ! એ સર્વનાં કુળ હોય ત્યાં સુધી સંગીત–શોખ ઘટે જ શાનો ?

ઇન્દ્ર : હું તો દેવતાઓની વાત કરું છું.

અશ્વિનીકુમાર : સમજાયું નહિ, દેવરાજ ! દેવ સરખા સંગીતપોષક બીજા કોણ હોય ?

ઇન્દ્ર : ક્યાં છે તમારા બધા ય દેવ અહીં ?

પુષ્પા : આવતા જ હશે હવે. અસુર–સંગ્રામનો થાક ઉતારતા હશે. આ...વરુણદેવ આવતા જ લાગે છે.

[ વરુણદેવ આવે છે અને ઇન્દ્રને નમન કરી પોતાને સ્થાને બેસી જાય છે. ]

ઇન્દ્ર : વરુણદેવ ! ક્યાં રોકાયા હતા આજ ?

વરુણ : મહારાજ ! મંદાકિનીના પ્રવાહને જરા ઉતાવળો બનાવ્યો.

ઇન્દ્ર : અરે હા ! અસુરોએ તો આખા પ્રવાહને રોકવા ઉદ્યમ કર્યો હતો. શી મયદાનવની કલા ? વિશ્વકર્મા અને તમે ભેગા મળ્યા ન હોત, તો તેઓ મંદાકિનીને જલરહિત બનાવી દેત. ઓ હો...વિશ્વકર્મા પણ આવે છે ને !

[ વિશ્વકર્મા આવી નમન કરે છે. ]

વિશ્વકર્મા : મહારાજ ! ક્ષમા ચાહું છું. જરા વાર લાગી આવતાં. વરુણદેવના જલસંચયને એક મજબૂત બંધ બાંધ્યો. હવે અસુરોએ કરેલા નુકસાનની અસર પણ રહેશે નહિ. કેટલી ભાંગફોડ આ યુદ્ધમાં થઈ ?

[ વિશ્વકર્મા પોતાને સ્થાને બેસે છે. ]

વરુણ : પરંતુ હવે મગદૂર નથી અસુરોની, કે દેવભૂમિ ઉપર પગ મૂકે.

ઇન્દ્ર : દેવોનાં પરાક્રમે અસુરોને છિન્ન ભિન્ન કરી નાખ્યા છે. હજાર વર્ષે પણ એ ઊભા નહિ થઈ શકે. માતરિશ્વા પણ પધારે છે... અને ચમકતા આપણા અગ્નિદેવ પણ...

[ માતરિશ્વા–મરુત અને અગ્નિ આવી નમન કરે છે. અને પોતાને સ્થાને બેસી જાય છે. ]

કહો મરુતદેવ ! આપના વેગને જરા શાંતિ મળી કે નહિ ?

મરુત : મહારાજ ! અસુરો ફરી ઊભા ન થાય ત્યાં સુધી મને શાંતિ જ છે ને ?

ઇન્દ્ર : આપને શું લાગે છે તે અસુરો ફરી ઊભા થશે ? છિન્ન-ભિન્ન થયેલી તેમની શ્રેણી વન પર્વતોમાં છુપાઈને કેટલા દિવસ જીવશે ?

મરુત : એક નાનકડી ટોળીના સમાચાર મળ્યા અને એક ફૂંકમાં હું ઉડાડી આવ્યો. તેથી સહેજ વાર લાગી આવતાં.

અગ્નિ : અને હું પણ મરુત સાથે જ પહોંચી ગયો હતો ! ચારે પાસ અગ્નિ અગ્નિ વરસાવી એ આખી દાનવશ્રેણીને નષ્ટ કરી નાખી. હવે કદાચ દુનિયામાં દાનવ હશે જ નહિ કોઈ જીવતો !

ઇન્દ્ર : મારા દેવબાંધવો ! આપની પ્રશંસા તો સુવર્ણાક્ષરે લખવા જેવી છે ! આપે સ્વ-પરાક્રમથી દાનવોનો ભય સદાયનો દૂર કર્યો છે.

પુષ્પા : અને આપની પ્રશંસા, મહારાજ ? હીરાજડિત અક્ષરે લખ-વાની છે.

અશ્વિનીકુમાર : જરૂર ! ઈન્દ્રદેવના વજ્રનો ઘાવ આ યુદ્ધમાં એક પણ દાનવ સહી શક્યો નહિ. વિજયી ધસારો દેવરાજ ઇન્દ્રનો જ !

ઇન્દ્ર : આપણે સહુએ મળી સ્વર્ગને બચાવ્યું.

મરુત : સ્વર્ગને જ શા માટે, મહારાજ ? આપણે પૃથ્વીને પણ બચાવી છે. ઝંઝાવાત સમો હું પૃથ્વીને પણ દાનવરહિત કરી આવ્યો છું.

અગ્નિ : અને મહારાજ ! મેં તો પાતાળમાં પણ આગ લગાડી, સંતાયેલી સર્વ દાનવોને મારી ઝાળમાં હોમી દીધા છે. હવે 'દાનવ' નામ શબ્દકોશમાંથી ગયું માનો !

[ 'દાનવ છે ! દાનવ આવ્યો ? મહાદાનવ ! સાંભળો !' એવા પોકાર નેપથ્યે સંભળાય છે.

બહાર અવ્યવસ્થા અને ઘોંઘાટનું દૃશ્ય રચાતું હોય એમ લાગે છે. ]

ઇન્દ્ર : શું સંભળાય છે આ?

કુબેર : રાક્ષસની બૂમ!

[ એક ભયંકર નાદ-ગર્જના પણ થાય છે. ]

મરુત : મને ખાતરી છે કે હવે વિશ્વમાં એક પણ રાક્ષસ રહ્યો નથી.

અગ્નિ : હું પણ એની ખાતરી આપું છું. છેલ્લા રાક્ષસને મેં બાળી ભસ્મ કર્યો.

વરુણ : અને મેં તો રાક્ષસોની આખી ભૂમિ પાણી નીચે ડુબાડી દીધી છે!

[ નેપથ્યે ફરી કલબલાટ સંભળાય છે અને ફરીથી ગર્જના થાય છે. ]

ઇન્દ્ર : હું જાણું છું કે આપણે દાનવો ઉપર ભવ્ય વિજય મેળવ્યો છે. હવે ઇન્દ્રપુરીમાં દાનવ આવે જ નહિ.

અશ્વિનીકુમાર : આવવા માટે કોઈ જીવતો હોય તો ને!

મરુત : છતાં આ ગભરાટ શો જનતામાં?

ઇન્દ્ર : કદાચ કોઈ રડ્યોખડ્યો દાનવ જીવતો રહ્યો પણ હોય.

વરુણ : તો તેને માટે આપણાં શસ્ત્રો ક્યાં તૈયાર નથી?

અગ્નિ : બરાબર! એક ઝાળમાં જ હું એને...જે હશે તેને...ભસ્મ કરી નાખું છું.

ઇન્દ્ર ખેંચો હથિયાર સહુ કોઈ...આજનો વિજય-ઉત્સવ દાનવના ભોગ વડે જ ઊજવીશું.

[ દેવતાઓ ઊભા થઈ શસ્ત્રો ખેંચે છે. બહારથી પ્રતિહાર આવી ઇન્દ્રસભાને નમન કરે છે. ]

પ્રતિહાર : મહારાજ! કોઈ અણદીઠું સત્ત્વ આ સભા તરફ ધસી

આવે છે. રોકયું રોકાતું નથી...અને આપણા નંદનવનની આસપાસ સ્વર્ગલોક ખળભળી ઊઠયો છે.

મરુત : આખી દાનવજાતને ઉજાડી નાખનાર દેવતાઓને કોઈ પણ સત્ત્વ કે તત્ત્વ કાંઈ કરી શકે એમ નથી. હું એક ફૂંકમાં ઉડાડી મૂકીશ.

અગ્નિ : મારી એક ચિનગારી બસ છે એ તત્ત્વને બાળી મૂકવા.

વરુણ : અને એ બસ નહિ થાય તો મારો પાશ ક્યાં વેગળો છે?

પુષ્પા : અંતે મહારાજ શક્રનું વજ્ર તો છે જ ને! એ અમોઘ શસ્ત્ર કદી પાછું ન ફરે.

[વિચિત્ર વેશવાળું–વિચિત્ર તેજછાયાથી વ્યાપ્ત–બિહામણું છતાં કોઈની હિંસા માટે તત્પર નહિ એવું કોઈ સત્ત્વ એકાએક સભામાં પ્રવેશ કરી ઊભું રહે છે. એક અટ્ટહાસ્ય કરે છે અને એ અટ્ટહાસ્યથી સર્વ દેવોના અસ્ત્રો હાલી પડી જાય છે.]

ઇન્દ્ર : કોણ છે એ સત્ત્વ તું?

સત્ત્વ (હસતાં હસતાં) ઓળખો...પરખો...દેવતાઓનાં તો દિવ્ય-ચક્ષુઓ છે ને?

વરુણ : યક્ષ છો? માનવ છો? કોણ છો તમે?

સત્ત્વ : હા. હું એ બધું ય છું.

અગ્નિ : કોઈ માયાવી દેવ તો નથી ને?

સત્ત્વ : તે પણ હોઉં. તમે જે ધારી શકો તે હું છું. તમે જે ધારી ન શકો તે પણ હું છું...

મરુત : અહીં કેમ આવ્યા?

સત્ત્વ : મારે આવવાપણું છે જ નહિ. હું ગમે ત્યાં જઈ શકું છું ...ગમે ત્યાં હોઈ શકું છું...

પુષ્પા : તમે જાણો છો આ દેવસભા ભરાઈ છે તે?

સત્ત્વ : હા. દેવેન્દ્રના નંદનવનમાં દેવોની સભા બિરાજી છે.

અશ્વિનીકુમાર : એ સભામાં તમને બોલાવ્યા હોય એમ યાદ નથી.

સત્ત્વ : મને વગર બોલાવ્યે પણ ફાવે ત્યાં ફરવાની ટેવ છે.

વરુણ : પરંતુ તમે અમારી મંત્રણામાં હરકત કરી રહ્યા છો.

અગ્નિ : જાણો છો અમે કેવા મહત્ત્વના કાર્યમાં રોકાયા છે તે?

સત્ત્વ : હું ન જાણું એ બને ખરું? તમે તો...દાનવો ઉપરના વિજયની ઊજવણીનો વિચાર કરો છો; નહિ?

મરુત : હા. કેટલો મહત્ત્વનો પ્રશ્ન છે એ સમજી અહીંથી ચાલ્યા જાઓ!

સત્ત્વ : મહત્ત્વનો ખરો...પણ ભલા દેવવરો! હું પૂછું છું કે મહત્ત્વ શાનું? વિજયનું કે ઊજવણાંનું?

ઇન્દ્ર : મહત્ત્વ વિજયનું જ! છતાં વિજયની ઊજવણી પણ વિજયનો એક મહત્ત્વનો ભાગ ગણાય ને?

સત્ત્વ : જરૂર. આપ સરખા બલિષ્ઠ દેવેન્દ્ર જ્યાં મોખરે હોય ત્યાં વિજય જરૂર પ્રાપ્ત થાય.

ઇન્દ્ર : મોખરે તો જે હોય તે ખરું. પરંતુ આ સર્વ દેવતાઓના સામર્થ્યનું એ પરિણામ.

[ દેવો સામસામે નિહાળે છે. વિજયમાં દરેકનો ફાળો હતો એમ અનુભવે છે. ]

મરુત : મેં તો આ દાનવોની ડાબી બાજુને વીંઝી નાખી હતી... એ ખરું.

અગ્નિ : અને મેં સામનો થતાં બરોબર આગ વર્ષાવી હતી...બધું તો કેમ કહેવાય?

વરુણ : અને જમણી પાંખને મેં એવા પાશમાં બાંધી હતી, કે કોઈથી ન છુટાય કે ન નસાય... દાનવોનો મર્યે જ છૂટકો હતો!

અશ્વિનીકુમાર : હું તો ઘાયલ યોદ્ધાઓને સાજા કરી યુદ્ધમાં એટલી

ઝડપે મોકલતો હતો, કે સૈન્યમાં એક ઘડીની પણ ખોટ જણાઈ નથી.

સત્ત્વ : શું બળવાન છો તમે દેવતાઓ ! અને દેવતાઓ બલવાન ન હોય તો બીજું કોણ હોય ?

ઇન્દ્ર : તો...આપ કાંઈ માગવા માટે તો નથી આવ્યા ને ?

સત્ત્વ : એમ પણ હોય, યાચનાની ઇચ્છા છે ખરી.

ઇન્દ્ર : તો હું કુબેરને આજ્ઞા કરું છું...

સત્ત્વ : નહિ, નહિ, દેવેન્દ્ર ! હું તો અહીં જ માગવાનો અને અહીં જ મેળવવાનો ! એટલી કૃપા જરૂર થાય !

મરુત : આખી ઇન્દ્રપુરીને હલાવી મૂકી !...શી ખબર કે એ તો માત્ર બિહામણો માગણ છે ? શું માગવું છે ?...ચાલો, બોલી જાઓ જલદી. હવે અમને ફુરસદ નથી...ઉત્સવની વાતમાંથી !

સત્ત્વ : હું જાહેરમાં નહિ માગું...મારી પાસે પધારે...જે દેવ મારી સામે–પાસે આવી ઊભા રહેશે તેમની પાસે માગીશ.

[ કોઈ દેવ પાસે આવતા નથી, પરંતુ પરસ્પર સામે જુએ છે. સત્ત્વ ભયંકર રીતે ખડખડાટ હસી પડે છે. ]

બલવાન દેવોને શું મારો ભય લાગે છે ? પોતાના સામર્થ્યથી દાનવોનાં દળ દળનારને ડર શો ? આવો ! પધારો એકાદ દેવ મારી પાસે. મારી માગણી અતિ અલ્પ છે, તુચ્છ છે.

મરુત : ભય ? દેવોને ભય ? વિજેતા દેવોને ડર હોય ? હું આગળ આવું છું.

[ મરુત આગળ આવી સત્ત્વ પાસે જાય છે. ]

સત્ત્વ : પધારો મરુત દેવ !...આપની એક ફૂંકે તો પર્વત હાલી–ડોલી જાય છે. મને વિશ્વાસ છે કે આપ મારી માગણી પૂરી પાડશો જ.

મરુત : કહી દો ! હે કુરૂપ સત્ત્વ ! માગવા આવો છો તો જાણી લો કે દેવના ભંડારમાં ન મળે એવી કોઈ ચીજ નથી.

સત્ત્વ : અને દેવના સામર્થ્યમાં અશક્ય કોઈ વસ્તુ નથી ! ખરું ને ?

મરુત : એમ જ !...ઝડપ કરો.

સત્ત્વ : ઓ સુસવાટના દેવ ! હું નહિ માગું વધારે.

મરુત : જે હોય તે ! વાત છોડો અને માગો માગવું હોય તે.

સત્ત્વ : અતિ અલ્પ માગણી...આ તણખલું દેખાય છે ને ?

મરુત : હા...તેને શું છે ? બગીચો છે ! અને તણખલાં વેરાય ! તમારી માગણી શી છે ?

સત્ત્વ : મારી એટલી જ માગણી. બીજાં તણખલાંનું તો જે થાય તે ખરું. આ મારી અને તમારી પાસે પડેલું તણખલું જરા જરા ખસેડી આપો ને !

મરુત : શું ?...અમારી મશ્કરી કરવા આવ્યા છો ?...અમ દેવોની ?

[ મરુત લાલપીળો બને છે. ]

સત્ત્વ : આપને ભલે મશ્કરી લાગે ! હું તો એટલી જ કૃપા માગું છું.

મરુત : ફૂંકથી ખસેડું કે હાથથી ?

સત્ત્વ : આપને બન્ને ઢબ વાપરવાની છૂટ છે !

મરુત : (તિરસ્કારપૂર્વક) હં...છૂટ છે !...આ ફૂંકથી તણખલું ખસ્યું જુઓ ! મરુતની ફૂંકથી !

[ મરુત ફૂંક મારે છે. તણખલું ખસતું નથી. વધારે જોરથી ફૂંક મારે છે, તો ય તણખલું ખસતું નથી. સુસવાટ થાય છે; તણખલું હાલતું ય નથી. ઝંઝાવાત ફૂંકાય છે, કશી અસર થતી નથી. પ્રચંડ વંટોળ જાગે છે, છતાં તણખલું ખસતું નથી. ]

જાદુગર છો ?

સત્ત્વ : દેવોના સામર્થ્ય પાસે જાદુ ચાલે ખરો ? પ્રલયનો વંટોળ વાપરી જુઓ—જો તણખલું હાલતું હોય તો !

[ મરુત સહેજ ચમકે છે અને ઝાંખા પડી જાય છે. ]

મરુત : એ વપરાઈ ચૂક્યું...મારા દેહમાં, મારા સામર્થ્યમાં ઓટ આવી ગઈ. હું તણખલું પણ હલાવી શકતો નથી. હે અણજાણ સત્ત્વ ! જીવનમાં એક વાર નિર્બળતા આવી—નિષ્ફળતા આવી.

[ મરુત ઝાંખે મુખે પાછા પોતાને સ્થાને જાય છે. ]

ઇન્દ્ર : માતરિશ્વા ! પાછો પગ ? જાતવેદ અગ્નિ ! આપ આગળ વધો અને પેલા બિહામણા સત્ત્વને દેવના સામર્થ્યનું દર્શન કરાવો.

[ જરા ઠોકરાતે પગે અગ્નિદેવ આગળ વધે છે. ]

અગ્નિ : ઓ અહંકારી સત્ત્વ ! માગ મારી પાસે ! શું માગવું છે ? મરુતને ભરમાવનાર મને નહિ ભરમાવી શકે !

સત્ત્વ : નજીવું માગીશ...અહંકારી નહિ લાગું એવું ! અગ્નિદેવ ! બીજું કાંઈ મારે નહિ જોઈએ. આપની મહાન શક્તિનો એક તણખો ઉડાડો અને આ તણખાને જરા બાળી આપો ને !

અગ્નિ : બ્રહ્માંડને ભસ્મ કરનાર હું આ તણખલાને બાળું ? એની શી વિસાત ! જુઓ આ તણખલું સળગ્યું હમણાં !

[ અગ્નિ હાથમાંથી અંગારો વેરે છે, તણખલાંને અડકે છે; છતાં તણખલું બળતું નથી. વધારે અંગારા વેરાય છે. ભડકા ઊઠે છે; છતાં તણખલું લીલું જ રહે છે. અગ્નિ ગુસ્સે થાય છે...પછી ધીમે ધીમે ભય પામે છે. ઝાંખા પડેલા અગ્નિદેવ પાછે પગે સત્ત્વને નિહાળતા પોતાના સ્થાન ભણી જાય છે. ]

વિજયને પરાજયમાં ફેરવી નાખનાર એ સત્ત્વ ! કયે કારણે અમારા ઉત્સવનો ભંગ કરવા તમે ઇચ્છો છો ? દેવતાઓને દીન...

સત્ત્વ : દેવતાને દીન બનાવનાર હું કોણ ? હું તો દેવતાઓ પાસે તેમની શક્તિ અનુસાર નજીવી ભિક્ષા માગું છું...તણખલું ખસેડવાની, તણખલું બાળવાની. શું એ બહુ મોટી માગણી છે ? દેવો પાસે છેલ્લી માગણી કરી લઉં...વધારે કાંઈ નહિ. હવે આ તણખલાંને સ્વર્ગની કોઈ પણ વસ્તુ સામે તોળી આપો. બસ. હું રાજી થઈ ચાલ્યો જઈશ. દેવ–દેવેન્દ્રની શક્તિનો પરચો જોઈ હું આનંદ પામીશ.

ઇન્દ્ર : કુબેર ! એ તણખલાંને તોળી આપો.

[ કુબેર સહેજ અનિચ્છાએ આગળ વધે છે. એક અનુચર તેમની પાસે તુલા લાવી મૂકી દે છે. ]

અનુચર : આ તુલા, દેવ !

[ કુબેર તુલા હાથમાં લે છે. ]

કુબેર : કહો, તણખલાંની સામે શું મૂકું ?

સત્ત્વ : આપની ઇચ્છામાં આવે તે—આપની વીંટીથી માંડી આપના મુગટ સુધી. આપ જાતે સામે પલ્લે તોળાશો તો ય મને હરકત નથી. મારે તો માત્ર આ તણખલાને તોળી જોવું છે.

[ કુબેર અશ્રદ્ધાપૂર્વક તણખલું ઉપાડી એક પલ્લામાં મૂકે છે અને સામેના પલ્લામાં પોતાની રત્નજડિત વીંટી કાઢી મૂકે છે. ]

કુબેર : મારી વીંટીથી શરૂ કરીએ...મને તોળવાને બીજું મોટું તોલું જોઈશે.

[ સહેજ હસે છે. ]

સત્ત્વ : નહિ, નહિ. દેવસંપત્તિના ભંડારીનું તોલ આટલામાં થઈ જશે. ઊંચકો તોલને, ધનપતિ !

[ કુબેર તુલા ઊંચકે છે. તણખલાંવાળું પલ્લું નીચું અને નીચું જ રહે છે. વીંટી પછી પોતાનો બાજુબંધ, કંઠનો હાર, રત્નજડિત કમરબંધ અને અંતે પોતાનો સુશોભિત મુગટ પણ રીસથી પલ્લામાં મૂકી દે છે. છતાં તણખલાંવાળું પલ્લું ઊંચું થતું નથી. કુબેરના હાથમાંથી તુલા પડી જાય છે અને કુબેર પાછે પગે પોતાના સ્થાન તરફ જાય છે. ]

કુબેર : કાંઈ કૌતુક છે...દેવતાઓની શક્તિ બહારનું !

સન્ત : મારી એક પણ માગણી સ્વર્ગના દેવતાઓ પૂરી નહિ કરે ? વારુ, છેલ્લી વિનંતી કરી લઉં. દેવરાજ ઇન્દ્ર ! આપ જરા આગળ આવો. મારી સામે ઊભા રહો અને...બીજું કાંઈ ન કરશો...આટલાં તણખલાંને જરા તોડી આપો ને !

[ ઇન્દ્ર એક ક્ષણ માટે આગળ પગલું ભરે છે અને અટકી જાય છે. ]

અટકો નહિ, દેવરાજ ! આપની ઇચ્છા હોય તો વજ્ર પણ વાપરી શકશો, આ તણખલાંને તોડવા માટે.

[ ઇન્દ્ર અટકી રહે છે. આખી સભા દેવના પણ દેવ ઇન્દ્રને થયેલા આહ્વાનથી ચોંકી જાય છે. ]

એમ ? દેવના પણ દેવ મારી માગણી મંજૂર નહિ રાખે ! અને મારી માગણી કેટલી અલ્પ ? એક તણખલું હલાવવાની ! એક તણખલું બાળવાની ! એક તણખલું તોળવાની ! અરે, વજ્ર વડે એ તણખલાંને તોડવાની ! અને તે મહાસમર્થ દેવતાઓ આગળ ! મરુત, અગ્નિ, કુબેર અને ઇન્દ્ર સમક્ષ ! અરે, એ ચારમાંથી કોઈ એક વિનંતીને તો પરિણામ આપો !

ઇન્દ્ર : આપ કોણ છો ?

સન્ત : હું ? હું કોણ તે ! મને ઓળખવાની જરૂર પણ નથી. હું

તો નમ્રમાં નમ્ર તણખલાંનો સાથી બન્યો છું. પરંતુ આપ તો સ્વર્ગના સમર્થ દેવતાઓ! દાનવો ઉપર મહાવિજય મેળવનાર! ભલે! આપ આપના સામર્થ્યના વિજયનો ઉત્સવ ઊજવો! પરંતુ હું તો એક સત્ય જોઈને જાઉં છું: સ્વર્ગના દેવો એક તણખલું હલાવી શકતા નથી, બાળી શકતા નથી, તોળી શકતા નથી, કે તોડી શકતા નથી. આપના સામર્થ્યનો, આપના વિજયનો ઉત્સવ સફળ થાઓ. આપની ઉત્સવ-યોજના હવે ન અટકાવશો.

[ સત્ત્વ જવા માંડે છે. જતાં જતાં ભયંકર હાસ્ય સંભળાય છે. ]

તણખલું પણ ન તોડી શકતા દેવ વિજયોત્સવ ઊજવે છે. હા...હા...હા...

[ સર્વ દેવોના મુખ ઉપર મૂંઝવણ દેખાય છે. ]

મને ભાસ થાય છે! જે પરમતત્ત્વ—પરમસત્ત્વની ઇચ્છા વગર શક્તિમાનની શક્તિ અને દેવોની દિવ્યતા પણ નિષ્ફળ નીવડે છે, એ પરમતત્ત્વે આપણને દર્શન દીધાં! સામર્થ્યનું અભિમાન અને વિજયનો ગર્વ દેવની દિવ્યતાને પણ કેવી નિષ્ફળ બનાવે છે, એનું પ્રત્યક્ષ દર્શન આપણને થયું. સામર્થ્ય આપણું નહિ, એ પરમ તત્ત્વનું! વિજય આપણો ન હોય, પ્રભુનો જ હોય. આપણા સામર્થ્યનો નહિ, આપણા વિજયનો નહિ, પરંતુ પ્રભુના સામર્થ્યનો—પ્રભુના વિજયનો ઉત્સવ ઊજવીએ.

[ અવકાશમાંથી શબ્દ સંભળાય છે. ]

**यद् यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा।**
**तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽश संभवम् ॥**

# ભાઈ–બહેન

એક ગીતિકા

વસ્તુ

બળેવનો ઉત્સવ

## સમય

શ્રાવણી પૂર્ણિમા

## પાત્રો

બ્રહ્મા

ભાઈ

બહેન

મિશ્ર સાદ

## ગીતિકા

એક સંગીત પ્રયોગ

બે મિશ્ર સાદ—

[ અનુષ્ટુપ ]

શૃંગારી પ્રેમ આલાપો પ્રલાપો માનવે કવ્યા,
વિરાગી રાગ શીળો
ચૂંથ્યા ચૂકચા વિનાનો કો મહાપ્રેમ રખે ભૂલે !
પ્રેમ હોયે પરબ્રહ્મ  ઢળેના  માત્ર  ઈશ્કમાં.
ભાઈને બહેન ભૂલતાં બ્રહ્મ પામે ન પૂર્ણતા

[ ઢાળ ઓખાહરણનો ]

મિશ્ર સાદ :

શીળો સાત્વિક તેજનુ પુંજ,
વિધી કરતો ગુંજ :—

એક સાદ :

૧ સર્ગ સૃષ્ટિ–સર્જન

સ્વામી રખે મુજને ઉવેખો !

પ્રેમ ભાઈ બહેનનો :

મારું સર્ગે સ્થાન ઉલ્લેખો !
માગું હું નવ ભોગ કે સ્વાદ
સુખ સ્વાર્થ મને નથી યાદ.
મારે અંગે આશિષ હેલી,
વેરું વાસ ચંપો ને ચમેલી.

[ઢાળ : રત્નાના મહિનાનો]

મિશ્ર સાદ :

તેજલ પુંજ નિહાળતાં, મલકી વિધિની આંખ
વેદ વચન વિધિ ઉચ્ચરે

એક પુરુષ સાદ :

... ... ... રચું ત્હારી બે આંખ

બ્રહ્મા : એક પાંખ દઉં ભાઈને, બીજી બેનડી સાથ
અજબ અનોખો પ્રેમમાં, સહોદર સંગાથ,
યમલ ઉડો બની બેલડી.

મિશ્ર સાદ :

પાંખ રચંતાં તેજની કણિકા રહી ગઈ એક,
ચન્દ્ર રચ્યો બ્રહ્માજીએ મૂકયો ફરતો નેક.
તેજલ પાત્ર ખંખેરતાં ઉડી રજકણ ધૂળ,
ગૂંથી ગગન ઘુમ્મટ પરે તારલિયાની ઝૂલ.
યમલ ઉડે બની બેલડી.
બાંધવ બહેનીની જોડેલી.

મિશ્ર કે બે સાદ :

[સાખી[

બહેન બંધુની બેલડી, સ્નેહે આડો આંક!
સર્જ્યાં હોત ન સૃષ્ટિમાં તો પ્રેમ બનત બહુ રાંક.

[અનુષ્ટુપ]

એક પુરુષ સાદ :

ભાઈ
આવે આ બહેનડી મારી હૈયે આંખે ભરી લઉં,
ગીતા ગાયત્રી કે ગંગા? ભાવથી હું ભજી લઉં.

છલકતી પુણ્યની છોળે, આશિષો ઉભરાવતી
ભાગ્યની પૂર્ણિમા મારી આવે વર્ષાવતી સુધા.

ઢાળ—નયન નયન નાચે

હો...બહેની મારી આવે, ઉષાની પગલી લાવે.
પગલી માંહી રંગને ગુલાલ શું સુહાવે—
બહેની મારી આવે.

મીઠી એની વાણી, ચન્દ્રીની અમર લ્હાણી,
વેણુમાં સુભદ્રા તણી કૃષ્ણ કહે કહાણી—
બહેની મારી આવે.

આશિષ ભંડારો......એ વેરતો ફુવારો.
બ્હેન ? કે કુટુંબ કેરો કુલ ઉજાળ ક્યારો ?—
બહેની મારી આવે.

માત તણી મૂર્તિ ! ગૃહાંગણની સ્ફુર્તિ !
ઝળહળતી જ્યોત એ કુટુંબ કેરી કીર્તિ !—
બહેની મારી આવે.

બહેન મારી આવે ! હસતી રમતી આવે !
કે ભાગ્ય મારું ઉઘડતું હો પુષ્પ છાબ લાવે ?
બહેની મારી આવે.

એક સાદ :

[ અનુષ્ટુપ ]

બહેન :

ભાઈ હો ! ભાઈ ! એ શબ્દે વિશ્વભંડાર ને ખૂલે !
ભાઈ અર્પી ભગિનીને બ્રહ્મ બ્રહ્માણ્ડમાં ખીલે !

મુખડે ફૂલ ને આંખમાં હીરા !
દેવ પૂજું ? કે તમને વીરા !
દેવ સિવાય મંદિર વસે !
વીરો મારો ખડખડ હસે !

હસતાં હસતાં મોતી ખર્યાં,
બહેનીએ જઈ ખોબા ભર્યા.
મોતીના એકાવન હાર.
બહેનીના પૂર્યા શણગાર.

હસતાં બંધ ન રહેશો વીર !
ભાભી માગે રેશમ ચીર !
સાડીમાં ચમકે છે જરી !
ભાઈ, કયહાં આંખલડી ઠરી ?

વીર નિહાળો શું ફરી ફરી ?
ભાભી મારી રૂપા પરી !
ઉજ્જવલવીરો ! ઉજ્જવલ દેશ !
ઉજ્જવલ ત્યાં બહેનીના વેશ !

મિશ્ર સાદ

[ અનુષ્ટુપ ]

ઉગી આર્ય પ્રદેશે જ્યાં પુણ્ય પર્વણી શ્રાવણી,
ધારી મુંજ નવાં આર્યો કરે છે પુણ્ય વાવણી.
છતાં સૌ શ્રાવણી પુણ્યો આદર્યાં અધૂરાં રહે
ભાઈ હસ્તે ન બંધાયે રક્ષા જો બહેન-હસ્તથી.

પુરુષ સાદ :

ભાઈ

હું તો ગગનોના ઘુમ્મટનો વાસી
કે પૃથ્વીનો પ્રવાસી.

હો હોય હારી આંખડીનો બહેન, હું તો પ્યાસી !
હાં રે કદી પહોંચું હું કીર્તિને કિનારે,
કે મુક્તિને મિનારે

હો જોઉં મારું ભાગ્ય કરે હાંસી,
હો તેથી હારી આંખડીનો, બહેન, હું પ્યાસી !
હાં રે હું તો માતાની મહેરમાં ખેલ્યો,
વિલાસ મહીં ઘેલો.

હો ભાળું ભરી જિંદગી ઉદાસી !
હો તેથી હારી આંખડીનો, બહેન હું તો પ્યાસી !
હાં રે હું તો ભવનની ભુલામણીમાં ભૂલ્યો,
અંધાર માંહી ડૂબ્યો,

તું જ આંખડીનું તેજ અવિનાશી,
હો તેથી હારી આંખડીનો બહેન, હું તો પ્યાસી !
હાં રે હું એ તેજ તણી રક્ષા માગું,
તુજ પાવલીએ લાગું,

હો આશિષોનો નિત્ય ઉપવાસી !
હો તેથી હારી આંખડીનો, બહેન, હું તો પ્યાસી !

સ્ત્રી સાદ :

**બહેન**

તંતુ ગૂંથ્યા આલ્હાદભર અહા બંધુ હૈયા હીરથી,
સીંચ્યાં અમી મુજ ભાવભર નયનોતણાં કંઈ નીરથી.
ભવરૂપ શંકર
ડમરૂ કરધર
ડીમક ડક તાંડવ ધમક

મુજ બંધુ રક્ષા કાજ આજ
સજો પીનાક તણી પણછ.

સ્મિત વેરતા વરદાયી વિષ્ણુ પ્રસન્ન નયને નિરખતા,
બ્રહ્માણી સહ બ્રહ્મા પધારે, હંસ વાહન હરખતા.
શક્તિ તણા ખડ્ગે ચમકતી ચમકભર એ વીજળી,
બંધુ કરે હું બાંધુ રે રક્ષા ! વર દીઓ સહુ ઝળહળી !

# પાવાગઢ

ધરતુ

મધ્ય ગુજરાતના આભૂષણ રૂપ પાવાગઢની કથા

## સ્થળ

પાવાગઢનાં વિવિધ સ્થાનો

## પાત્રો

| | |
|---|---|
| મુસાફર | ભોમિયો |
| જયસિંહ | કાલિકા |

[ દુર્ગા રાગની આછી છેડ વાદ્યમાં થાય છે...
પછી ડાકલું વાગે છે. ]

મુસાફર : આખા મધ્ય ગુજરાતના આભૂષણ સરખો આ પાવાગઢ ! મેઘમાંથી તોરણમાળ કોતરી કાઢી હોય એવી પાવાગઢની પર્વતમાળ ગાઉના ગાઉથી ગુજરાતને સનાતન આમંત્રણ આપતી આવી છે !

ભોમિયો : અને છતાં વર્તમાન ગુજરાતે હજી એક ઘર અહીં ઊભું કર્યું નથી. પરભોગી ગુજરાતને પાવાગઢ હજી ગોઠ્યો નથી. એને જોઈએ મહાબળેશ્વર, માથેરાન, આબુ, લોનાવલા......

મુસાફર : આપ કોણ છો ?

ભોમિયો : હું પાવાગઢનો ભોમિયો–માર્ગદર્શક. પાવાગઢમાં ઇતિહાસે પગ મૂક્યો ત્યારથી હું અહીં બેઠો છું અને યુગયુગની સાંકળો જોડી આપું છું.

મુસાફર : એમ? ત્યારે મને પ્રથમ તો એ કહો કે આ પર્વતનું નામ પાવાગઢ શાથી પડ્યું ?...ચાલો, આપણે સાથે ચઢીએ.

ભોમિયો : કોઈ સમયે આ પર્વત પવનગઢને નામે ઓળખાતો. ટોચ ઉપર જશો એટલે પવનના ઝપાટા એ નામની સાર્થકતા સમજાવી શકશે. કોઈ સમયે આ જ પર્વત પાવકગઢ–પાવકદુર્ગને નામે પણ ઓળખાતો. અહીંના મહાવનમાં એક અગ્નિ–ચિનગારી પડે તો આખો ડુંગર કરાડો અગ્નિ કિલ્લા સરખી બની જાય. પણ...એથી ય આગળ પર્વતની ઉત્પત્તિ સુધી લઈ જતી એક કથા ચાર પાંચ હજાર વર્ષથી હું સાંભળતો આવ્યો છું.

મુસાફર : એમ ? મને સંભળાવો ત્યારે...ચાર પાંચ હજાર વર્ષની ?...

ભોમિયો : સંભળાવું ? કે આખી કથા દેખાડું ? જુઓ…પણે કાંઈ દેખાય છે ?

મુસાફર : હા, હા…વેદકાળના કોઈ ઋષિમુનિની આકૃતિ લાગે છે…જટાજૂટ, વિસ્તૃત લાંબી દાઢી, અગ્નિ ઝબૂકતી આંખો અને શક્તિશાળી ઊંચી કાયા…ચિત્રકાર રવિવર્માએ દોરેલા વિશ્વામિત્ર જાણે જીવતા થયા !

ભોમિયો : ગાયત્રીના આદ્યદ્રષ્ટા વિશ્વામિત્રને કોણ ન ઓળખે ? એ સદા જીવંત મુનિ !

મુસાફર : કોને શોધે છે એ મુનિ ?…ઓહો !…પેલી એમની ગાય …ગૌમાતા ખીણમાં ઊતરી પડી…પાછા ચઢાતું નથી… ઓહોહો !…આખી ખીણ દૂધથી ઊભરાઈ ગઈ…અને ગાય તરીને ખીણને માથે આવી…મુનિ કોપાયમાન લાગે છે… આકાશના દેવોને પ્રાર્થે છે…ઓહ !…ખીણમાંથી આખો પહાડ ઊંચકાઈ આવે છે…ખીણને પૂરી દીધી…અરે, એથી ય ઊંચે એ પહાડ વધે છે…

ભોમિયો : એ જ પાવાગઢ ! પોણા ભાગે ખીણ પુરાઈ પા ભાગ ઊંચે આવ્યો એ પાવાગઢ. આમ એનું નામ પડ્યું !

મુસાફર : કોઈ ધરતીકંપ કે જલપ્રલયની ઊથલપાથલમાંથી આ કથા ઊપજી લાગે છે.

ભોમિયો : એ જે હોય તે ! હજી વિશ્વામિત્રી પાવાગઢની ખીણમાંથી વહ્યા કરે છે અને ગાઉના ગાઉ સુધી વહી કેટલી ય જમીનને જળભીની કરે છે. પૃથ્વીની એ ઊથલપાથલ તો મેં પણ જોઈ નથી. ભૂસ્તરશાસ્ત્રીઓ મથે છે…કોઈ કહે છે કે ઉત્તરના આરાવલીનો એ દક્ષિણ છેડો; કોઈ કહે છે: વિંધ્યાચળનો એ નાનો ભાઈ…રિસાઈને છૂટો પડેલો; કોઈ કહે છે કે એ તો સહ્યાદ્રિએ દક્ષિણમાંથી ફેંકેલું પોતાનું એક શિખર !

પાવાગઢને એની ઇતિહાસ પૂર્વકથની પૂછું છું પણ એ હજી કાંઈ બરાબર બોલતો નથી.

મુસાફર : પહાડ તે કાંઈ બોલે ? શું તમે યે વાત કરો છો ?

ભોમિયો : અરે, બોલાવતાં આવડે તો પહાડ પણ બોલે અને પથ્થર પણ બોલે.

મુસાફર : એમ ? તો કહો ! આ કાલિકા માતાની પૂજા ક્યારથી શરૂ થઈ ?

ભોમિયો : કહું ? જુઓ ! સાંભળો !

[ સંગીત સંભળાય છે ]

"મા ! તું પાવાની પટરાણી કે
કાળી કાળકા રે લોલ !"

[ સંગીત આછું બનતાં ડાકલું વાગે છે અને માતા ધૂણતા માણસના ઉદ્‌ગાર સંભળાય છે : હો...હો...હો... ]

મુસાફર : આ તો માતાનો રથ ચાલ્યો ! અભણ અસંસ્કૃત લોકોને માતા ચઢે, ટોળાબંધ પગરસ્તે તેઓ રથ લઈ પાવાગઢ આવે અને રથ મૂકી માતાનાં દર્શન કરી, કૂકડાં, બકરાં કે નાળિયેર વધેરી પાછા જાય ! એ તો મેં જોયું છે. પરંતુ હું તો ઇતિહાસ માગું છું કાલીપૂજાનો !

ભોમિયો : હું એ જ આપું છું, ભાઈ ! ઉતાવળા **ન** થાઓ કોઈને પણ અભણ કે અસંસ્કૃત ગણી તિરસ્કારો નહિ. ભીલ, કોળી કે વાઘરીને માતા ચઢે ! તમારા જેવા સંસ્કારી ભણેલાઓને કાલીમાતા નહિ તો સત્તામાતા ચઢે, સંપત્તિમાતા ચઢે, જુદ્ધ-જોગણી ચઢે ! અને ત્યારે તમે કેવા ધૂણો છો તે જોયું છે ? વળી લાખો-કરોડો માનવીઓ લડાઈઓમાં વધેરવા કરતાં કૂકડાં–બકરાં કે નાળિયેર વધેરવામાં ઓછું પાપ લાગે;

નહિ? ભાવીમાં તમારા યુગને ભજેલો જંગલી યુગ ગણી ભીલ, કોળી અને વાઘરી કરતાં વધારે ભયંકર લેખે તો નવાઈ નહિ!

મુસાફર : સરખામણી જવા દઈએ—હું તમને એક દીર્ઘજીવી ભોમિયા તરીકે કાલીપૂજનનો ઇતિહાસ જ માત્ર પૂછું છું.

ભોમિયો : મેં તમને એ જ ઇતિહાસ બતાવ્યો. સુધરેલા આર્યો અહીં ન હતા ત્યારે આ જ ભીલ—કોળીના પૂર્વજોએ પૃથ્વીની—માતાની—સહુને દોરનાર કોઈ અગમ્ય શક્તિની અહીં સ્થાપના કરી તેને પૂજનીય બનાવી. આજ તમે પણ એનાં દર્શને આવો છો...વધારે સુધરેલા છતાં! વેદ કરતાં પણ કાલિકા વધારે પ્રાચીન છે! સારું છે કે તમે એ દેવી સ્વીકારી લીધી.

મુસાફર : ઓહો! તમે તો વેદ વારાના વિશ્વામિત્રને બતાવ્યા અને વેદથી યે પ્રાચીન પ્રકૃતિપૂજાને પણ બતાવી...શક્તિપૂજન તો ભારત અને ભારતની બહાર પણ એક સમયે વ્યાપક હતું ...માતાનાં દર્શન તો બહુ દૂર છે, નહિ?

ભોમિયો : છેક ટોચે જઓ ત્યારે દેવીનાં દર્શન થાય! પાવાગઢ તો એમ કહી રહ્યો છે: ટોચે ન પહોંચે એને સત જડે જ નહિ!

મુસાફર : બહુ ઊંચે ચઢવાનું! થાક ન લાગે?...અને આ પથ્થરોના થરમાંથી શું નવું જડશે?

ભોમિયો : ગતિ બે જ: ઊર્ધ્વગતિ કે અધોગતિ! ઊંચે નહિ ચઢો તો નીચે પડવું પડશે. અને થાક? એ તો લાગશે. પણ એને ઉતારવાનાં જોઈએ એટલાં સાધનો પાવાગઢ આપશે.

મુસાફર : કંટાળો આપતાં કાળમીંઢ પથ્થરોમાં કયું સાધન મળે?

ભોમિયો : જુઓ પેલું મેદી તળાવ! એને કિનારે અડધી ઘડી બેસીએ તો થાક ઊતરી જાય—અને એવાં તો કેટલાં ય સરોવરો પાવાગઢ ઉપર પથરાયાં છે! તેલિયું તળાવ, છાશિયું તળાવ, અન્નપૂર્ણા તળાવ, દૂધિયું તળાવ—એ દૂધિયા તળાવમાં જે સ્નાન કરે એનો જીવનભરનો થાક ઊતરી જાય.

મુસાફર : એમ? આ વેરાનમાં આવાં તળાવો કોણે રચ્યાં હશે?

ભોમિયો : વેરાન ? જરા સામે જુઓ ! કાંઈ દેખાય છે ?

મુસાફર : હા, હા; કોઈ મહાલયનાં ખંડેરો દેખાય છે...અને એથી ય ઊંચે કોટ, કિલ્લા અને બુરજોની પરંપરા ! અહીંથી ઠેઠ ટોચ સુધી આ જબરદસ્ત ચણતર ચાલ્યું જ જાય છે... માતાજીની ધજા સુધી...કોણે આ બધું બાંધ્યું હશે ? એ પ્રાચીન અણસુધરેલા યુગમાં શિલ્પી સ્થપતિઓ હશે ખરા ?

ભોમિયો : સાહેબની ટોપી પહેરી, કોટપાટલૂન ચઢાવી, મજૂરોને કામ સોંપી માત્ર દેખરેખ રાખી નિષ્ણાત મનાતા તમારા આજના એન્જિનિયરોના કામ કરતાં આ વધારે મજબૂત બાંધકામ ! નહિ ?

મુસાફર : જરૂર ! અને જ્યારે આ બધું બંધાયું હશે ત્યારે તો ભરચક વસ્તી અહીં હશે ! આ ડુંગર ઉપર...

ભોમિયો : આવો. આપણે એ વસ્તીનો એક ટુકડો નિહાળીએ.

[ શસ્ત્રોનો ખડખડાટ સંભળાય છે. ]

મુસાફર : કોણ પેલો શસ્ત્રધારી પુરુષ છુપાઈને આવતો દેખાય છે ?

ભોમિયો : મોટેથી બોલશો નહિ, જે થાય તે જોયા કરો. એ જયસિંહ ચહુઆણ ! પાવાપતિ ! પતાઈ રાવળ !

[ જયસિંહ—પતાઈ રાવળ પ્રગટ થાય છે. ]

મુસાફર : (ધીમેથી) શું કરે છે એ ?

ભોમિયો : પાવાગઢનો કિલ્લો સરાસાવે છે. અમદાવાદનો સુલતાન મુહમ્મદ એના ઉપર તૂટી પડ્યો છે. પરંતુ એ શૂરવીર રજપૂત પૃથુરાજ ચહુઆણનો જ વંશ જ ને ! એક વાર તો એણે સુલતાનને ભારે શિકસ્ત આપી. આ બીજી વારનો ઘેરો ! બુરજો ઉપર, કિલ્લાને કાંગરે કાંગરે. ગઢને દરવાજે દરવાજે એ જયસિંહે એવી વ્યૂહરચના કરી છે કે ગઢ કદી પડે જ નહિ !

મુસાફર : ગઢમાં કાંઈ ગીત-સંગીત પણ સંભળાય છે શું ?

ભોમિયો : જૂના ભણકાર !...હજી પાવાગઢમાં જીવતા રહ્યા છે. ન ભેદાય એવો ગઢ હવે ભેદાઈ ચૂક્યો !

મુસાફર : એટલે ?

ભોમિયો : સાંભળો આ નવરાત્રિના ગરબા. જેણે પાવાનું અને પતાઈ રાવળનું પતન સર્જ્યું...જયસિંહ પણ સાંભળે છે... ...અરેરે !

[ ગીત સંભળાય છે. બની શકે તો ગરબો, નહિ તો એક યુવતીનો સૂર ]

[ સાખી ]

કલહપ્રિય વર્ષા નહિ, ક્રીડિતા શિશિર ન એહ.
ના યૌવનભર નાચતી મસ્ત વસંતની દેહ.
ચાંદલો ચમકે આકાશની અટારીએ !
સતીયોનાં સતને સોહાગ તણો પુંજ શું ?
પુષ્પ ગુચ્છ હસતો શું શરદની ક્યારીએ
કેવડો ફૂટ્યો ને ફાલ્યો નિકુંજ શું ?
ચાંદણો ચમકે આકાશની અટારીએ !

[ ગીત ધીમું થતું થતું વિલાઈ જાય છે પગનાં આછાં ઝાંઝર અને કંકણનો ખણકાર પાસે આવતો સંભળાય છે. ]

જયસિંહ : (ધીમેથી) એ જ...પાવાગઢની રૂપસુંદરી ! શો કંઠ છે ! આ જ રસ્તે આવે છે...

[ પગનાં ઝાંઝર પાસે આવતાં સંભળાય છે, અને કાલિકા પ્રવેશ કરે છે ]

કાલિકા : અરે ! ! કોણ એ મારો છેડો સાહે છે... પાવાપતિ ચૌહાણના રાજ્યમાં ?

જયસિંહ : હું ! મા પાવાપતિ જયસિંહ જાતે જ !

કાલિકા : (સહજ ઉગ્રતાથી) છેડો મૂકી દો રાજન્ ! હું કોણ છું એ જાણો છો? હું કાલિકા છું.

જયસિંહ : એ તો શિખરે બિરાજે છે...

કાલિકા : પ્રત્યેક સ્ત્રી પરપુરુષ સામે કાલિકા બની શકે છે.

જયસિંહ : સુંદરી ! તું કાલિકા હો તો મારા ઉપર પ્રસન્ન થા.

કાલિકા : વીર પુરુષો ઉપર હું સદા ય પ્રસન્ન રહું છું...

જયસિંહ : મને વર આપ.

કાલિકા : રાજવી સરખો માગનાર હોય તો હું વરદાન જરૂર આપું. માગી લે, રાજન ! મોંઘી ક્ષણ છે...માગી લે...તને શોભે એવું કાંઈક...

[ક્ષણભર શાંતિ વ્યાપે છે...આછું ગીત સંભળાય છે :]

**"માગું માગું એટલું વરદાન કે મહોલે પધારજો રે લોલ."]**

જયસિંહ : શરદનો ચંદ્ર ખીલી આ પહાડની વજ્ર કઠણાશને પણ વિશ્વનું કોઈ અવનવું પુષ્પ રૂપ અર્પી રહ્યો છે...એ ક્ષણે એટલું જ વરદાન માગું : સુંદરી ! મહોલે પધારો ! અવકાશ પણ એ જ...મારા હૃદયની વાંછના ગાઈ રહ્યું છે !

[વાદ્યનો એક અવાજ અને વાતાવરણ આખું ય આ વરદાનથી ચમકીને જાણે ગાઈ ઊઠતું હોય એમ ગીત સંભળાય છે : ]

**"ફટ ફટ પાવાના રાજન્ કે આ શું માગિયું રે લોલ.
માગ માગ ગુજરાત સરખી ગાદી કે
ભાદર બેસણાં રે લોલ."]**

કાલિકા : ફટ ફટ ! પાવાપતિ ! આ શું માગ્યું ? તારા સરખો વીર તો ગુજરાતની ગાદી માગે ! દખ્ખણના કિલ્લેબંદી પહાડ માગે ! ઘોડાની ઘોડાર, ઝૂલતા હસ્તી માગે ! અરે હજી યે માગી લે

નવે ખંડનું રાજ્ય! અને ગુજરાતને અમર કરી તું પોતે અમર બની જા! ચાંદા-સૂરજ તપે ત્યાં સુધી તારું ચક્ર ચાલશે, રાજન્! માગી લે! ફરી આ ક્ષણ નહિ આવે!

જયસિંહ : એક તુલામાં વિશ્વનું સામ્રાજ્ય મૂકું છું...અરે ઉપર મારું અમરત્વ મૂકું છું તો ય સામેની તારી રૂપ-તુલા નીચે જાય છે. સુંદરી? માગવાનું મેં માગી લીધું. મહોલે પધારો...

કાલિકા : સમયની રેત ઓસરી ચાલી! જયસિંહ, જો તારો સાત-મજલી મહેલ! મજલે મજલે એક એક રાણી રહે છે. એક પાસ પર્વતની ટોચ! બીજી પાસ પાતાળ પ્રગટાવતી ખીણ! પડીશ તો પાછો નહિ આવે તું! છેલ્લી ક્ષણ છે, પતાઈ! માગતાં અને આપતાં તું અને હું લજવાઈએ નહિ એવું કાંઈ માગ...અને...મૂક મારો છેડો!

જયસિંહ : રસનાએ રસભર્યું વરદાન એક વાર માગી લીધું! ક્ષત્રિયની જીભ, રજપૂતનો બોલ હવે બીજું નહિ માગે! દેહનો અણુ યે અણુ માગી રહ્યો છે...મન એકાગ્ર બની બોલી રહ્યું છે : બસ! મહોલે પધારો!

[ભયંકર ગર્જના થાય છે–જાણે પ્રલય ફરી વળશે.]

કાલિકા : ક્ષત્રિયની જીભ! રજપૂતનો બોલ! પામર માનવી! ગુજરાતને તારી આશા હતી. પરંતુ ગુજરાતનો રાજવી સ્ત્રીને સંતાપી રાજ્ય ખોવાનો અને અંતે મરવાનો! પાવાપતિ! છ માસ અને છ દિવસ પણ નહિ વીતે જ્યારે તું પાવાપતિ મટી પાવાગઢના પથ્થરનો લોહી-છાંટતો ભોગ બન્યો હોઈશ! તારો રણવાસ ભડકે બળશે અને તારી રાણીઓ એમાં હોમાશે. તારાં હીરામોતી અને માણેક અહીંના જ પથ્થરની ઘંટીઓમાં ભરડાશે અને તારો આ ભર્યો ભર્યો ગઢ તારી સાથે જ ઘવાઈ ખંડેર બની જશે...પછી...હું તારા ખંડેર મહોલમાં નજર

કરીશ...અરે નહિ, નહિ ! પાપી રાજવીના પગ નીચે ચંપા-ચલી ભૂમિમાં મારે નથી રહેવું. હું ઊતરી જઈશ પાતાળમાં !

[ વીજળીનો કડાકો થાય છે અને કાલિકા અદૃશ્ય થાય છે. આછા નિરાશાજનક અને પશ્ચાત્તાપ સૂચવતા સ્વરો સંભળાય છે. ]

જયસિંહ : નહિ, નહિ, મા ! હું ભલે વધેરાઉં ! ન જઈશ ગઢ ઉપરથી ! પગે લાગવા પાત્ર એક તારો ગોખ રહેવા દે ! ન જઈશ, મા, પાતાળમાં !...ગઈ ! એનો વસ્ત્ર-છેડો અગ્નિ બની હાથમાંથી છૂટી ગયો ! એમ જ હોય ! પાપને આંખ જ હોતી નથી. સ્થિર થા, પાવાપતિ ! શાપ તો લાગ્યો ! એ... આ તુર્કો અને મોગલોનું સૈન્ય ધસ્યું આવે છે !—ગુણોમાં ભરાઈને ગઢ પણ ભેદ્યો !...ક્ષત્રિયને શોભે એવું જિવાયું નહિ. પરંતુ ક્ષત્રિયશોભન મૃત્યુ તો મેળવું !

[ ખડ્ગ ખખડે છે ]

ભોમિયો : મુસાફર. કોઈ દેખાયું ! નહિ ?

મુસાફર : પતાઈ રાવળ અને કાલિકા માતાનો આખો પ્રસંગ નજરે જોયો ને !

ભોમિયો : પાવાગઢ ચઢનારને એ દૃશ્ય તો દેખાયા વગર રહેતું જ નથી. હવે ચઢો આગળ...થાક લાગ્યો હોય તો. ગુજરાતીઓ થાકે છે બહુ ઝડપથી.

મુસાફર : મને તો હવે પાવાગઢના પથ્થરે પથ્થર વાર્તા કહેતા લાગે છે...આ કિલ્લાની રચના તો આબાદ રહી છે અહીં ! એ શી રીતે ?

ભોમિયો : બેગડા સુલતાન મહમદને પાવાગઢ જીત્યા પછી અમદાવાદ ગમ્યું નહિ. આજનું અમદાવાદ હવા ખાવા આબુ ઉપર ઊતરે છે ત્યારે અમદાવાદના સુલતાને રાજધાની અમદાવાદથી ફેરવી ચાંપાનેર લાવી મૂકી – અડધી સદી પાવાગઢ ગુજરાતની

રાજધાનીનો ગઢ રહ્યો, એટલે મુસ્લિમ શાહોએ પણ એ પચાસ વર્ષમાં જૂનાં બાંધકામ તોડયાં અને ઉદ્ધાર્યાં પણ ખરાં.

મુસાફર : સુલતાનોને ગમી ગયેલો પાવાગઢ ત્યારે ગુજરાતની કાયમી ગાદી કેમ ન બની રહ્યો ?

ભોમિયો : પાવાગઢ બીજા ગઢોની માફક બહુ ઘવાયલો ગઢ છે. પતાઈ રાવળના હાથમાંથી ગયેલો એ ગઢ ગુજરાતી સુલતાન બહાદુરશાહ પાસેથી હુમાયૂને જીતી લીધો. હુમાયૂનના દીકરા અકબરે ગુજરાતની સલ્તનત જ આખી ખતમ કરી...ત્યારે પછી તો અહીંનાં જંગલો ગાઢ બન્યાં અને ચિત્તા, વાઘ અને હાથી પણ અહીંનાં જંગલોમાં ભમવા લાગ્યા.

મુસાફર : તો હવે માત્ર જાત્રાસ્થાન પૂરતું જ પાવાગઢનું મહત્ત્વ ને ?

ભોમિયો : ઇતિહાસ ટુકડા જોઈએ એટલા અહીં મળી આવશે. મહારાષ્ટ્રી માંચીથી માંડીને ગુજરાતના ચાવડાઓ સુધીની બાર સદીઓનો ઇતિહાસ પાવાગઢ ઉપર આલેખાયો છે. વન-રાજ ચાવડાના મંત્રી ચાંપાએ પાવાગઢ બાંધ્યો—પર્વત નહિ, ગઢ ! અને મહાદજી સિંધિયાએ કાલી માતાના ટોચ મંદિરનાં પગથિયાં કરાવ્યાં !

મુસાફર : ઓહો ! બાર સદીઓનાં નિશાન પાવાગઢ ઉપર છે ? હું એ બધાં જ નિશાન જોઈ લઈશ.

ભોમિયો : અને ચઢવા-ઊતરવાની બહુ ઉતાવળ નહિ કરો તો તમને હિંદુ, જૈન અને મુસ્લિમ સ્થાપત્યના સુંદર નમૂના હું બતાવીશ.

મુસાફર : દૃષ્ટાંત તરીકે ?

ભોમિયો : પાટિયા પોળ તો ક્યારની ગઈ, જુઓ પેલું પડતું. આખડતું શિવાલય ! એમાં બકુલેશની પણ આકૃતિ દેખાશે... નટરાજ તો દક્ષિણમાં જ જાણે હોય એમ તમારા કલાવિવેચકો વાત કરે છે...જુઓ, એ જ પાવાગઢના મંદિરમાં જબરદસ્ત નટરાજની પ્રતિમા ! હવે કહેશો નહિ કે ગુજ-રાતને કલાશોખ ન હતો !

મુસાફર : સાચે જ !...અરે ! ઇલોરાના કીર્તિમુખની પણ રચના અહીં છે જ ! બ્રહ્મા, વિષ્ણુ અને અંબિકાની મૂર્તિઓ પણ મુસ્લિમ પ્રહારમાંથી ઠીક બચી ગઈ છે !

ભોમિયો : બરફના પાણી સરખા ઠંડા દૂધિયા તલાવમાં સ્નાન કરી આપણે પાંચમી પર્વત ટૂક ચઢીએ અને માતાજીનાં દર્શન કરીએ...

મુસાફર : બસ ! સ્વર્ગની ઊંચાઈએ જાણે આવી પહોંચ્યા – કેવો સરસ પવન આવે છે. જગતની ઝાળ, જીવનની!જંજાળ અહીં ભુલાઈ જાય છે ! ગુજરાતમાં આવું પ્રકૃતિસૌંદર્ય છે એ પાવાગઢની ટોચે ચઢ્યા વગર સમજાય એમ નથી.

[ ઘંટ વાગે છે. ]

જય માતંગી ! મહાકાલી મા !...કેમ આટલાં ઊંડાં ઊતર્યાં લાગે છે ?

ભોમિયો : પતાઈના પાપે પાતાળમાં ઊતરી જતાં કાલીમાતાને સદનશા પીરે પકડી રાખ્યાં !

મુસાફર : શું ? મુસ્લિમ પીર હિંદુ દેવને પકડી રાખે ?

ભોમિયો : તો જ બન્ને ધર્મ સાચા બને ! હિંદુઓનું દૈવત મુસ્લિમો સાચવે અને મુસ્લિમોની માણસાઈ હિંદુઓ સાચવે તો જ આ ભારતમાં બન્ને જીવી શકે. પાવાગઢ એ જ કહી રહ્યો છે ...પણ હવે ચાલો, હજી જરા નીચે ઊતરી પાવાગઢની બીજી ટોચે મુખ ફેરવી ઊભાં રહેલાં ભદ્રકાલીનાં દર્શન કરાવું.

મુસાફર : ભદ્રકાલી ?

ભોમિયો : હા ! પતાઈથી કુપિત બનેલાં કાલિકાનું એ કલ્યાણ-દર્શનનું પુણ્ય પણ ન મળે.

મુસાફર : ઓહ ! શું સુંદર દૃશ્ય !? ( બંને જાય છે. )

[ સંગીત આવું આવું સંભળાય છે : ]

" મા તું પાવાની પટરાણી કે કાળીકાળકા રે લોલ. "

# દારૂની દુનિયામાં

## વસ્તુ

દારૂની દુનિયા કેવી હોય છે અને તે કેવાં પરિણામો લાવે છે તેને ચિત્રિત કરતી વિવિધ દશ્યોની નાટિકા.

## દૃશ્ય પહેલું

પાત્રો

શ્રીકૃષ્ણ સારથિ દારૂક

પ્રદ્યુમ્ન સાંબ

પારધી વિવિધ સાદ

## દૃશ્ય બીજું

પાત્રો

ગરાડી ઠાકોર કલાકાર

ગવૈયો બે સદ્‌ગૃહસ્થો

બાળકો પત્ની

## દૃશ્ય ત્રીજું

સમૂહગીત કરતી જનતા

## દૃશ્ય પહેલું

[ મુરલી વાદ્ય વગડે છે. શંખ, ચક્ર, પદ્મધારી કૃષ્ણ ઉપર પડદો ઊઘડે છે. એક પાસથી બીજી પાસ કૃષ્ણ ધીમે ધીમે ચાલી અદૃશ્ય થાય છે. દરમિયાન ગીતાશ્લોક ગવાય છે. ]

પડદા પાછળથી સાદ :

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत
अभ्युत्थानमधर्मस्य तदात्मानमसृजाम्यहं ।
परित्राणायसाधुनाम् विनाशाय च दुष्कृताम्
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

એ જ ભગવાન કૃષ્ણ, જેમણે ગીતા ઉચ્ચારી, ભારત વર્ષના પ્રમુખ પુરુષનું સ્થાન લીધું, જે સ્થાને હજી તે પૂજાય છે!

સાદ : શસ્ત્ર-અસ્ત્રના ખડખડાટ કેમ થાય છે? નારા-કાપોના સૂર કેમ સંભળાય છે? અને આભૂષણ વિહીન કૃષ્ણ પોતાના સારથિ દારૂકને ખભે હાથ મૂકી પાછા કેમ પધારે છે? અરે પોતે તો હાથ ટેકવી મસ્તક મૂકી પગ ઉપર પગ ચઢાવી દેહને લંબાવે છે, અને...

સારથિ દારૂક નમન કરી શું પૂછી રહ્યો છે?

'ભગવાન! આ શું? આપની જ નજરે તળે આખા યાદવંશનો સંહાર? નથી સમજાતું!'

[ બે યાદવ યોદ્ધાઓ હાથમાં પ્યાલા અને હથિયાર લઈ પરસ્પર પ્રહારો કરતા પ્રવેશ કરે છે. ]

સાદ : સારથિ કહે છે કે :

'પ્રભુ ! આ તો પ્રદ્યુમ્ન અને સાંબ ! આપના જ પુત્રો ! એ બે જ આખા યાદવવંશમાંથી જીવંત છે. બચાવો...છૂટા પાડો, પ્રભુ !

અરે એ તો ઘવાઈને પડ્યા !

પ્રહસન્નીવ—સદા ય સ્મિતભર્યા ભગવાન કૃષ્ણ સારથિને કહે છે :

'દુષ્કૃત્ય કરનાર સહુનો હું વિનાશ કરું છું; પછી દુષ્કૃત્ય કરનાર ભલે મારાં પોતાનાં જ સંતાન હોય, સગાં-વહાલાં હોય કે મિત્ર-પરિવાર હોય. આખા યાદવકુળનો—મારા પોતાના જ યાદવકુળનો સંહાર સાધી હું માનવજાતને એક શિક્ષણ આપી રહ્યો છું.'

સારથિને સમજ પડતી નથી કે સ્વકુળને સંહારી પ્રભુ કયું શિક્ષણ આપી રહ્યા હશે ! ભગવાન તેને કહે છે :

'જો સારથિ ! ( યાદવો સત્તામાં મદોન્મત્ત બની ગયા હતા ! સંપત્તિ-વૈભવમાં છકી ગયા હતા ! ) સત્તા અને સંપત્તિમાંથી દારૂ—મદ્ય—નશો જન્મે છે. પરંતુ દારૂની પાછળ સંહાર છે જ એમ અવશ્ય માની લેજે. યાદવનું આ રહસ્ય : દારૂ એટલે ઘરનો, કુટુંબનો સંપત્તિનો, સંહાર ! પછી ભલે એ દારૂનો સોબતી કૃષ્ણ હોય કે કૃષ્ણનો વંશજ હોય. બસ ! મારા જીવનનું આ છેલ્લું શિક્ષણ. હવે હું પણ જાઉં !'

[ તીર કમાન લઈ પારધી આવે છે, કૃષ્ણના પગમાં કાંઈ ચમકારો જુએ છે, તીર છોડે છે, કૃષ્ણના પગમાં વાગે છે, અને કૃષ્ણ બોલી ઊઠે છે : ]

સાદ : જે કુટુંબમાં મદ્ય કે મદ્યપી હોય એ કુટુંબના વડીલથી જિવાય જ નહિ. હું પણ હવે ચાલ્યો...!'

સારથિ વ્યાકુળ બની પોકારે છે :

'ભગવન્ ! ભગવન્ !'

પ્રભુ જવાબ આપે છે :

'હવે મદ્યનો–દારૂનો વિનાશ થશે ત્યારે હું પાછો અવતરીશ.'

ભગવાનની આંખ ઢળી ગઈ !

[ કોઈ વિચિત્ર નાદ સહ પડદો પડે છે. સમૂહ સંગીત પાછળ સંભળાય છે : ]

[ ગીત ]

**નશા તણી છે એક નિશાની : નાશ અને સંહાર !**
**યુગયુગથી માનવઇતિહાસે કર્યો એક ઉચ્ચાર :**

**દારૂ છે દૈત્ય તણો અવતાર**
**શરાબે શયતાની આકાર !**

**રાજપાટમાં રાજવી રમતા, પ્રજા કરંતી ગેલ.**
**રઝળ્યા રાજવી ! પ્રજાપતનમાં ! શરાબના એ ખેલ !**

**રહ્યો નહિ રાજમુકુટનો ભાર !**
**સુરા શું સમજે સાર અસાર !**

**એક બુંદમાં કાયા કંપે, બીજે બુદ્ધિવિનાશ !**
**ભરપ્યાલી પીતાં જકડી લે કાળ તણો મહાપાશ !**

**મળે નહિ પગને કો પરથાર**
**બુંદમાં ડૂબે ભલાં નરનાર !**

## દૃશ્ય બીજું

[ પડદો ઊઘડે છે. એક સાખી ગવાય છે : ]

**કેફી પીએ કસૂંબલો, ગાંજો પીએ અબુધ,**
**દારૂ દીવાના પીએ, દાના પીએ દૂધ.**

[ સાખીને અનુસરતી ચાર વ્યક્તિઓ રંગભૂમિ ઉપર અનુકૂળ અભિનયસહ પ્રવેશ કરે છે. ]

સાદ : આ અફીણ-કસૂંબાના ગરાડી ઠાકોર ! જાગીર ખોઈ, મિલકત ગુમાવી, પગ ઘસતા બની પેલા ગંજેરી સાધુ પાસેથી અફીણ માગે છે ! આપણા એ લડવૈયા ! રક્ષણહાર ! એમની તલવાર પણ કટાઈ અને ગીરો મુકાઈ ! પોતાના રક્ષણનું જેને ભાન નથી એ બીજાનું રક્ષણ શું કરશે ?

અને પેલો ગાંજાખોર અબુધ ! સાધુનો વેશ છે પણ... એના ધ્યાનમાં ઈશ્વરનો આકાર છે જ ક્યાં ? એને તો ચલમનો ભડકો એ જ ઈશ્વર ! એ આપણને ધર્મ શું સમજાવે ? શાસ્ત્રપુરાણ શું કહે ? પ્રભુ તરફ આપણાં ડગલાં કેમ મુકાવે ? એનાં જ ડગ સ્થિર નથી ને !

[ એક કલાકાર હાથમાં ફલક લઈ ચિત્ર ચિતરતો બેસી જાય છે, અને એનું ચિત્ર જોઈ તારીફ કરતાં બે માણસો પસાર થાય છે. ]

સાદ : ઓહો ! આ તો મહાન ચિત્રકાર ! લોકોને એનાં ચિત્રો ખૂબ ગમી ગયાં...પણ બધાં જ ચિત્રો અધૂરાં !...અરે, અરે ! એ શું કરે છે ? શાનો પ્યાલો એ લઈ આવ્યો ?...રંગ હશે ?

સંકોચાતાં, હા ના કરતાં એ પ્યાલો એણે મુખે માંડયો !... હવે ?...એના દેહમાં અસ્થિરતા આવી...પગ લથડયો...રંગ ઢોળાયો...ચિત્રનો વિનાશ થયો...એની તારીફ કરતા લોકોને એની નફરત આવી ગઈ છે...ચિત્રકારની દારૂ લત ઉપર તેઓ તિરસ્કાર વર્ષાવે છે.

[ હાથમાં તંબૂર લઈ એક ગવૈયો આવે છે. ]

સાદ : પધારો સંગીતવેત્તા ! આપ હવે અમને સૂરનું સ્વર્ગ જરૂર બતાવશો ! અમારાં હૃદયની મલીનતા આપ જરૂર દૂર કરશો. બિરાજો...મીઠાશભરી સંવાદ-સૃષ્ટિને રચનાર કલાકાર...બિરાજો ...તાનપૂરાના તાર નથી મળતા ?...એ મેળવાય એવી કોઈ અમૃત ઔષધી આપનો શિષ્ય આપને પાય છે શું ?...એ અમૃત નથી, એ ઝેર છે, જેણે કલાને સદા ય વિકૃત રાખી છે ...એ દારૂ ! એ શરાબ ! ન પીશો, કલાકાર ! તમારા રાગ, સૂર અને તાલમાં પણ દારૂની છાક આવશે...થયું ! પ્યાલો પીધો જ !...તાર જ તૂટતા જાય છે...અને જેમ તાર તૂટતા જાય છે તેમ કલાકારના નશાની તૃષા ઊઘડે છે...આવી દારૂની ગલામીમાં જીવતી કલા ભલે અદૃશ્ય થાય !

[ ખાલી પ્યાલો ભરવા તૂટેલા તારવાળો તંબૂરો લઈ જતાં વીંગ આગળ કલાકાર અને તેમનો તંબૂરો પડી જાય છે...બે સદ્‌ગૃહસ્થો આવે છે... એકના મુખ ઉપર આછી કરચલી દેખાય છે. ]

સાદ : આ બન્ને સભ્ય, સારા, પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો દેખાય છે... શાની વાત કરે છે ? કેમ ના પાડે છે ? બિલના કાગળિયા ઉપર આંકડો બહુ વધી ગયો છે માટે ?...આટલી બધી આજીજી છતાં શાની ના પાડે છે ?...અરે, આ સભ્ય સદ્‌ગૃહસ્થ...પેલા તાકાનું તાળું તોડી અંદરથી ઘરેણાં કાઢે છે !...એમની પત્નીનાં હશે...આ ઘરેણાં આપી એ દારૂ

ખરીદે છે ?...રાજી થતો વ્યાપારી કોરા કાગળ ઉપર સહી કરાવી ચાલ્યો જાય છે... અને સ્ત્રીનાં ઘરેણાં ગીરો વેચાણ કરતા આ ગૃહસ્થ ચારેપાસ નજર કરી ચુપકીથી પ્યાલો ગટગટાવી ચાલ્યા...આ કોણ બાઈ આવે છે ? ગૃહસ્થ તો આરામથી સૂતા...ભલે ને દુનિયા ઉપર આગ ફેલાય !... આગ તો આ સ્ત્રીના હૃદયમાં સળગી છે જે પોતાના પતિને નશામાં સૂતેલો જુએ છે...ખુલ્લા તાકા તરફ નજર કરતાં પોતાનાં ઘરેણાં ગુમ થયાં નિહાળે છે...ઘરેણાં તો દારૂમાં ગળી ગયાં...પણ આ સ્ત્રીને તો હવે પહેરવામાં એક પહેરેલું કપડું જ રહ્યું છે ! એના હૃદયમાં આગ કેમ ન સળગે ? અને વધારે આગ સળગે પેલાં નાનકડાં બાળકો નિહાળીને !

[ બે બાળકો આવે છે. ]

શા મેલાં, ફાટેલાં વસ્ત્ર ?...બાળકો કાંઈ માગે છે ? મુખ અને પેટ બતાવી તેઓ કહે છે :

'મા ! અમને ભૂખ લાગી છે ! કાંઈ ખાવાનું આપો ! ગમે ત્યાંથી લાવીને આપો !'

માતા કહે છે :

'એક શરાબીના ઘરમાં તમે જન્મ લીધો. ખાવા માટે હવે હું બચી છું. મને કાપી, સમારી, રાંધી ખાઓ અને આજના દિવસ પૂરતી ભૂખ શમાવો !...આવતી કાલ પ્રભુ મને ન બતાવે !'

બાળકોએ પાસેના ઘરમાં અનાજ જોયું છે. એ કહે છે :

'પડોશમાંથી અનાજ ન લવાય ?'

'માગીને ? ભીખીને ? કે ચોરીને ?' કહી મા પોતાની આંસુ ભરી આંખો લૂગડામાં ઢાંકી દે છે...અને ભૂખ્યાં બાળકો અન્ન ચોરવા છાનાંમાનાં ઊપડી જાય છે.

અરે ! પણ પેલા શરાબી ગૃહસ્થ જાગે છે ! પત્ની અને બાળકોને જુએ છે છતાં...આહ...નફટાઈ ! કે લાચારી !... પ્યાલો ફરી પી એ પડે છે !

એક જ પ્યાલો ! એ ન પીધો હોત તો ?

[ પડદો પડે છે. ]

એક એક ટીપે ડુબાડચાં ગામ-ગામડાં !
ઘૂંટડે ગળિયા છે મહેલ ને મીનાર ! ઓ પીનાર !

ભાંગ્યાં શહેર તણાં ખંડિયેર જો ખડાં !
લૂંટતાં લૂંટચા ભંડારો ભર્યા ભર્યા !
લૂંટતાં લૂંટી સતીઓની લાજ ! રાજતાજ !
એની છાયે રમે છે મોત ઝાળ, ઓ પીનાર !

કર્યાં દારૂએ માનવીનાં મડાં.
બન્યાં દારૂમાં માનવીનાં મડાં !

## દૃશ્ય ત્રીજું

સાદ : દારૂનો એક જ પ્યાલો ન પીધો હોત તો ?

અરે ! હજી પણ એ પ્યાલાને, શીશાને અને ભઠ્ઠીને તિલાંજલી આપીએ તો ?

[ પડદો ઊઘડે છે અને આનંદથી નૃત્યગીત કરતી જનતા દેખાય છે. ]

# સર્પ-દંશ

## વસ્તુ

પાંડવોની રાજગાદીએ આવનાર અર્જુનપુત્ર અભિમન્યુના દીકરા પરીક્ષિતને શમીક ઋષિના પુત્રે શાપ આપ્યો : 'મારા પિતાને ગળે મરેલો સર્પ ભરવાની રમત કરનાર પરીક્ષિતને તક્ષક નાગ સાતમે દિવસે ડસશે અને તેનું મૃત્યુ થશે.'

પરીક્ષિતે આ વાત સાંભળી. તેને વિરાગ આવ્યો. ગંગાતટે અનશનવ્રત લઈ તે બેઠો; જ્યાં શુકદેવે તેને ભાગવતની કથા સંભળાવી મૃત્યુભયથી દૂર કર્યો.

છતાં, અત્યંત કાળજી લેવાં છતાં-પરીક્ષિતનું મૃત્યુ સર્પદંશથી થયું, અને તે અંગે તેના પુત્ર જનમેજયે સર્પસત્રની પ્રતિજ્ઞા પણ લીધી. નાગ ખરેખર કોઈ માનવજાતિ હોય અને આર્યો સાથે ઘર્ષણમાં આવતી હોય અને મૈત્રી પણ રાખતી હોય એવો ભણકાર સંભળાય છે. સર્પ-નાગ સરખાં તેમનાં હથિયારો પણ હોય.

## સમય

શુકદેવજીની કથા પૂરી થાય છે અને રાજા પરીક્ષિતને બીજી ઇચ્છા દર્શાવવાનું સૂચન શુકદેવજી કરે છે.

## સૂચન

ભૂતકાળનાં (પાર્શ્વભૂમિનાં) દશ્યો (જે રાજા પરીક્ષિત જુએ છે) સરળતાથી રંગભૂમિ ઉપર દેખાડી શકાય તો દેખાડવાં, ન દેખાડાય, તો બોલવામાં જ તેનું સૂચન કરી દેવું.

## પાત્રો

**શુકદેવજી**— મહામુનિ, ભાગવતની સપ્તાહ કરનાર.

**રાજા પરીક્ષિત**—મૃત્યુ નિહાળી રહેલો હસ્તિનાપુરનો પાંડુવંશી રાજવી.

**જનમેજય**—યુવરાજ–પરીક્ષિતપુત્ર.

**બ્રાહ્મણ**—તક્ષકવંશીય નાગજાતિનો રાજવી–વેશધારી.

**સૈનિકો**

**મુનિસમૂહ**

## સ્થળ–પ્રસંગ

[ ગંગાનો કિનારો, ગંગાનો પ્રવાહ વહ્યો જાય છે. કિનારા ઉપર ઋષિમુનિઓની વચમાં રાજા પરીક્ષિત અનશનવ્રત લઈ શ્રીમદ્‌ભાગવતની કથા મુનિ શુકદેવજી પાસેથી સાંભળે છે. છ દિવસ વીતી ગયા અને સાતમો દિવસ કથા સાથે પૂરો થવા આવ્યો છે. ધૂપદીપ કથામાં થઈ રહ્યાં છે. કથાનો અંત આવતાં શુકદેવજીનાં વાક્યો સંભળાય છે. ]

શુકદેવજી : રાજન્ ! આજ સાતમો દિવસ પૂર્ણ થાય છે. પ્રભુના ગુણગાનનો સાગર તે ભાગવત ! ભાગવતકથા સાતે દિવસ આપે સાંભળી; એ કથા પણ આપણે હવે પૂર્ણ કરી. કહો રાજન્ ! બીજી શી ઇચ્છા રહી છે ?

પરીક્ષિત : ( ધ્યાનમાંથી ઝબકીને જાગતો હોય તેમ ) મુનિશ્રેષ્ઠ ! ભાગવત સાંભળ્યા પછી મને બીજી શી ઇચ્છા રહે ? હા, મારા હૃદયને પૂછી જોઉં. હૃદય તો ગોપીગીતનાં શ્રી છંદથી ઉભરાઈ રહ્યું છે.

[ વાતાવરણમાં ગોપીગીતાનો રણકાર ગાજી રહે છે ]

**सुरतवर्धनम् , शोकनाशनम्.**
**स्वरितवेणुना सुष्ठु चुंबितम् । ]**

મુનિસત્તમ ! હૃદયને પૂછ્યું. હૃદયને કશી જ ઇચ્છા નથી; ઇચ્છાનું ભાન પણ નથી. હું બોલું છું છતાં બોલતો

ન હોઉં એમ લાગે છે. હૃદયે પ્રભુ સાથે સૂરતા સાધી છે. કથાનો શબ્દે શબ્દ કૃષ્ણબંસી જેમ સંભળાયા જ કરે છે. શોક, રાગ, દ્વેષ ક્યાંય ડૂબી અદશ્ય થઈ ગયાં છે. મને કાંઈ જ ઇચ્છા નથી. ઇચ્છા હોય તો ય એટલી જ કે ભાવથી શ્રવણે નિર્મળ બનાવેલા મારા હૃદયમાં અત્યારના સરખો જ પ્રભુપ્રેમ જાગ્રત રહે !

શુકદેવ : હૃદય તો રાજન્ ! પ્રભુમય બની ગયું છે, પરંતુ હૃદયનું વેષ્ટન રહ્યું છે. એ તો જાણો છો ને ?

પરીક્ષિત : હૃદયનું વેષ્ટન ? કાંઈ દેખાતું નથી. હોય તો ય...ચારે પાસ પ્રભુથી ઝબકાળાયેલું છે. હૃદયને વેષ્ટન હોય તો ય તે પ્રભુનું જ !

શુકદેવ : ( સહજ સ્મિત સહ ) દેહને શું ભૂલી ગયા, રાજન્ ? હૃદયની આસપાસ હજી દેહ વીંટળાયેલો છે. નહિ ?

પરીક્ષિત : અરે હા ! એ તો હું ભૂલી ગયો...પરંતુ ગુરો ! એ હોય તો ય મને લાગતો નથી. દેહનાં અણુ અણુ ચાળણી બની ગયાં છે. વ્યાપક વિશ્વંભર એ દેહની પાળ તોડી વહી રહ્યો છે...મારો દેહ છે ખરો ? ક્યાં છે ?

શુકદેવ : રાજન્ ! દેહ હજી છે એની હું આપને યાદ અપાવું... સાથે સાથે બીજી પણ એક મહત્ત્વની યાદ અપાવું ?

પરીક્ષિત : યાદ અપાવો—ન અપાવો, સરખું જ છે. છતાં આપ યાદ અપાવશો એ મહત્ત્વની જ હશે. જોકે પ્રભુની યાદ અપાવ્યા પછી કાંઈ બાકી રહેતું હોય એમ મને લાગતું નથી.

શુકદેવ : ભાગવતનો સાચામાં સાચો શ્રોતા મને કોઈ મળ્યો હોય તો, મહારાજ, આપ જ છો. પરંતુ આપે ભાગવત કેમ સાંભળ્યું

પરીક્ષિત : અરે હા ! મારે સાત દિનમાં પ્રભુદર્શન કરવાં હતાં— મને તાલાવેલી લાગી હતી. એ તાલાવેલી ફળી...હું પ્રભુમયતા અનુભવું છું...પ્રભુનું સાન્નિધ્ય ફળે !

શુકદેવ : એ તાલાવેલી કેમ લાગી હતી? કાંઈ યાદ છે, રાજન્? સાત દિવસની સીમા કેમ બંધાઈ હતી? એ જાણો છો ને?

પરીક્ષિત : અરે, હા! એ તો હું ભૂલી ગયો હતો. હા...હા...

[ જાણે જૂના ઇતિહાસ યાદ કરતો હોય તેમ. ]

મૃગયા રમતાં તૃષા લાગી. તૃષા છિપાવવા હું શમીક ઋષિના આશ્રમમાં ગયો. ઋષિ સમાધિસ્થ હતા. પાણી મેં માગ્યું પણ એ જવાબ શાનો આપે? એ સ્વાભાવિક હતું. પરંતુ મારા સરખા તૃષાતુરને ભાન રહ્યું નહિ. મને રીસ ચઢી અને મારું છીછરાપણું એટલી હદે પહોંચી ગયું કે મેં એક મરેલો સર્પ શમીક ઋષિના ધ્યાનસ્થ દેહને ગળે વીંટાળી દીધો. સ્થળ છોડ્યા પછી મને પશ્ચાત્તાપ થયો...અને કૃપાવંત શમીકે ઘેર પહોંચતાં તો મને સમાચાર પાઠવ્યા, કે તેમના બાલકપુત્રે ...હા, યાદ આવ્યું...મને શાપ દઈ દીધો હતો, કે નાગદંશથી સાતમે દિવસે મારું મૃત્યુ થશે...તક્ષક નાગ.

[ ઉપરનાં સર્વ દશ્યો રંગભૂમિ ઉપર દશ્યમાન થાય છે. ]

શુકદેવ : એ જ સાતમો દિવસ આજે છે—એ પૂરો થવા આવ્યો છે...ન કરે નારાયણ અને ઋષિપુત્રનો શાપ આકાર ધારણ કરે તો?

પરીક્ષિત : તો શું? દેહનું રહ્યું સહ્યું બંધન તૂટી જશે અને આત્મા પરમાત્મામય બની રહેશે...એથી વધારે સારું શું?

શુકદેવ : દેહનું બંધન તૂટે એનું નામ મૃત્યુ. મૃત્યુ ભય તો નહિ ઉપજાવે ને?

પરીક્ષિત : મૃત્યુ હવે મને ભય ઉપજાવે તો આપનું ભાગવતપઠન અને મારું ભાગવતશ્રવણ વ્યર્થ ગણાય. જ્ઞાનસાગર! આપે મને ભક્તિનાં દ્વાર ખોલી આપ્યાં. યુગયુગાન્તર, કલ્પકલ્પાંતર અને જડચેતનના લયવિલય અને સ્થિતિ આપે ઉકેલી આપ્યાં. દેવ, દાનવ, માનવના ખેલ આપે બતાવ્યા, અને અનંતકોટિ બ્રહ્માં-

ડને ઉછાળતા પ્રભુની–પ્રભુના અવતારોની લીલા મને નજર સમક્ષ બતાવી. મહાભારતનું યુદ્ધ અને યાદવાસ્થળીનો પ્રસંગ જાણ્યા–સમજ્યા પછી હજી મૃત્યુ ભય ઉપજાવે તો...જન્મમરણના અનેક ફેરા બાકી રહ્યા મારે માટે! મારું ભાગવતશ્રવણ મૃત્યુ-ભય વ્યર્થ નહિ બનાવે.

શુકદેવ : મૃત્યુનાં અનેક સ્વરૂપ હોય છે...અને તે થરકાવે એવાં બિહામણાં પણ હોય છે.

પરીક્ષિત : મૃત્યુનું સ્વરૂપ ગમે એટલું બિહામણું હોય તો ય એ પ્રભુનું જ કાળ સ્વરૂપ ને? સર્વને નિજ સ્વરૂપમાં શમાવતા કાળ ભગવાનનું દર્શન મારા પિતામહ અર્જુને કર્યું અને એ ધન્ય બની ગયા. મને પણ મૃત્યુ પીંખશે તો ય તે પ્રભુનું જ સ્વરૂપ મને પીંખશે ને? મને તેનો ભય નથી. મને મૃત્યુ દેખાતું નથી. મુક્તિની બંસરી જ મને સંભળાયા કરે છે.

શુકદેવ : તો હવે...રાજન્! તારું કલ્યાણ જ છે. ભાગવતના હાર્દને સમજનાર પરીક્ષિતને બોધની જરૂર નથી.

[ શ્રોતાઓમાંથી યુવરાજ જનમેજય ઊભો થાય છે. ]

જનમેજય : બોધની જરૂર નહિ હોય, રક્ષણની જરૂર ખરી. આજ સાતમે દિવસે પિતાજીની રક્ષા માટે મેં એવી યોજના કરી છે, કે મૃત્યુ પણ એ યોજનાને ભેદી ન શકે.

[ પરીક્ષિત જરા વિસ્મય પામે છે, શુકદેવ આસનેથી ઊભા થાય છે. ]

શુકદેવ : સહુ સહુ પોતાના ધર્મ બજાવે! યુવરાજ! પિતાની રક્ષા કરવાનો ધર્મ તમારે માથે હવે આવ્યો છે. ભાગવતકથા સમાપ્ત થઈ. મારું આ સ્થળનું કર્તવ્ય સમાપ્ત થયું. ગંગાસ્નાન કરી હું સમાધિમાં ઊતરી જાઉં...મુનિવર્યો! કથા સાંભળ્યા પછી આપ પણ મારી સાથે ગંગાસ્નાન કરી

સાયંસંધ્યામાં પ્રવૃત્ત થાઓ. અહીં યુવરાજનું રક્ષાકવચ રચાશે. ચાલો !

[ પરીક્ષિત સહુને પગે લાગે છે. શુકદેવને પુષ્પહાર અર્પે છે અને સહુ મુનિ પરીક્ષિત ઉપર પુષ્પ-વૃષ્ટિ કરે છે. શુકદેવ અને શ્રોતા ઋષિમંડળએ સ્થળ છોડી જાય છે. વાતાવરણમાં એક સ્તુતિ ગાજી રહે છે :

अविक्रियं सत्यमनन्तमाद्यं,
गुहाशयं निष्कलमप्रतर्क्यं;
मनोग्रयानं वचसा निरुक्तं
नमामहे देव वरं वरेण्यं ।

પરીક્ષિત : યુવરાજ !

જનમેજય : પિતાજી !

પરીક્ષિત : રાજકાજ તમને સોંપ્યું. એ છોડી શા માટે અહીં આવવું પડ્યું ?

જનમેજય : મહારાજા પરીક્ષિતનું રક્ષણ યોજવું એ રાજધર્મ છે. એ ન બજાવું તો હું પાપમાં પડું.

પરીક્ષિત : યુવરાજ ! હું કેમ જન્મ્યો તે ખબર છે ?

જનમેજય : જી ના. માત્ર એટલું જાણું : વીર અભિમન્યુ પિતા અને સતી ઉત્તરા માતા...

પરીક્ષિત : તો સાંભળો. હું અવતર્યો જ મૃતદેહી...

જનમેજય : એટલે ?

પરીક્ષિત : મરેલું બાળક. પરંતુ પાંડવકુળના રક્ષણહાર શ્રીકૃષ્ણને પાંડવવંશ રાખવો હતો, એટલે પોતાનું સર્વસ્વ મને અર્પણ કર્યું અને હું જીવિત બાળક બની ગયો. માએ મને આ

વાત કહી. મૃત બાળકને જીવન મળે તો એ જીવન પ્રભુ પાછું પણ લઈ શકે. એમાં રક્ષણ કરનાર આપણે કોણ?

જનમેજય : પિતાજી! મારી નિદ્રા ટળી ગઈ છે. મારાથી આપને આમ વનમાં–ગંગાકિનારે—એકલાં મૃત્યુને ન સોંપાય. સાત દિવસથી હું આસપાસના આખા પ્રદેશને નાગવિહોણો બનાવી રહ્યો છું. મારે મુનિપુત્રના શાપને વ્યર્થ બનાવવો છે.

પરીક્ષિત : શા માટે?

જનમેજય : આપ મારા પિતા છો એ માટે.

પરીક્ષિત : વારુ, યુવરાજ! તમારો ધર્મ તમે ભલે બજાવો, પરંતુ એક શરતે—પૂરતી ચોકી રાખો, પણ મને મારા પ્રભુસ્મરણમાં વિઘ્નરૂપ બને એટલી પાસે ન રાખો. આજ જીવીશ તો હસ્તિનાપુર આવી રાજ્ય કરીશ. પરંતુ આજ...ત્યાં સુધી...મારી એકાગ્ર ભક્તિની પણ ચોકી કરો—મારા દેહ કરતાં પણ વધારે.

[ કહી પરીક્ષિત પોતાના આસને બેસી જાય છે ]

જનમેજય : જેવી આજ્ઞા! સૈનિકો! ઊભા રહો દૂર દૂર. પરંતુ ધ્યાનમાં રાખો, એક જંતુ પણ તમારી વચ્ચેથી જઈ શકે નહિ એ ભૂલવાનું નથી. હથિયારસજ્જ ખુલ્લી આંખે ઊભા રહો. ઉપવાસી ઋષિમુનિઓનાં ભોજનની તૈયારી કરતો હું પણ અહીં નજર નાખતો જ રહીશ. ખબરદાર! જો કોઈ ખસ્યું તો!

[ જનમેજય જાય છે. સૈનિકો દૂર પણ સજ્જ ઊભા રહ્યા છે. પરીક્ષિત ધ્યાનમગ્ન બની બેસે છે. ]

સૈનિક : થોભી જાઓ! ખબરદાર! કોણ એ આગળ આવે છે? સૈનિકવર્તુલ ઓળંગવાની મના છે. વીંધાવું હોય તો એક ડગલું આગળ ભરો!

[ સૈનિક બોલતો હોય છે એવામાં જ એક તપસ્વી બ્રાહ્મણ આગળ આવી સૈનિક પાસે ઊભો રહે છે. ]

બ્રાહ્મણ : સૈનિક ! મને, મુનિને મા રોક. પરિણામ સારું નહિ આવે.

સૈનિક : પરિણામ જે આવે તે ખરું...અહીંથી કોઈ જંતુને પણ પસાર થવા દેવાની મનાઈ છે.

બ્રાહ્મણ : ( હસીને ) હું તને જંતુ લાગ્યો ! એમ ? હું બ્રાહ્મણ છું, તપસ્વી છું; મહાકાર્ય માટે આવ્યો છું...

સૈનિક એવું શું મહાકાર્ય છે ?

બ્રાહ્મણ : મહારાજા પરીક્ષિતનો પુષ્પ અભિષેક કરવા આવ્યો છું. સપ્તાહ પૂર્ણ કરી જે મહાફળ એણે મેળવ્યું છે તે સ્થિર નહિ રહે. જો આ પુષ્પ-અભિષેક નહિ થાય તો એનું પુણ્ય નિષ્ફળ જશે.

સૈનિક : ( જરા ભય પામી ) શાપ આપો છો, મહારાજ ?

બ્રાહ્મણ : મને મના કરીશ તો તને અને તારા રાજાને શાપ આપીશ જ.

સૈનિક : હું યુવરાજની આજ્ઞા મંગાવું...

બ્રાહ્મણ : વાર લાગશે—મુહૂર્ત ચૂકી જવાશે...તું મહારાજાને જ પૂછી જો.

સૈનિક : આપે સર્વ મુનિઓની સાથે પુષ્પ-અભિષેક કેમ ન કર્યો ?

બ્રાહ્મણ : હું આવું છું સિંધુકિનારેથી...પાંડવવંશનો હું શુભેચ્છક છું...આવતાં ઘટિકા મોડું થયું. આ પુષ્પમાળામાં મારું જીવનભરનું તપ ભર્યું છે. વાર કરીશ તો મારો સંકલ્પ નિરર્થક જશે. અને તે ક્ષણે હું તને, તારા સૈન્યને અને તારા રાજા તથા યુવરાજને શું કરીશ એ પૂછવાનો સમય નહિ રહે.

સૈનિક : મહારાજ ! એક તપસ્વી મુનિ આપનો પુષ્પ-અભિષેક કરવા માગે છે.

પરીક્ષિત : આજના અંતિમ દિને એટલા આશીર્વાદ મને લઈ લેવા દે...આવવા દે એ મુનિને.

બ્રાહ્મણ : હું આવી જ ચૂક્યો છું, મહારાજ ?

[ સૈનિક ખસી પોતાને સ્થળે ચાલ્યો જાય છે. ]

પરીક્ષિત : આજ્ઞા મુનિરાજ ! કહો, શી ઇચ્છા છે?

બ્રાહ્મણ : માત્ર આ પુષ્પ અભિષેકની—તારા તપની, સાત દિવસના અનશનવ્રતની ખ્યાતિ સાંભળી હું આશીર્વાદ આપવા આવ્યો છું...

પરીક્ષિત : અહોભાગ્ય મારાં ! સહુના આશીર્વાદની આ મારા જીવનને જરૂર છે.

બ્રાહ્મણ : આ પુષ્પમાળા !

[ પહેરાવે છે. ]

અને આ પુષ્પગુચ્છ...

[ પરીક્ષિતના પગ પાસે મૂકે છે. ]

નાગપ્રદેશનાં આ વિશિષ્ટ પુષ્પ !

પરીક્ષિત : ( જરા ચમકીને ) નાગપ્રદેશનાં ?...અરે, પુષ્પો કેમ હાલી ઊઠે છે?

[ પુષ્પો હાલે છે અને તેમાંથી નાનકડો સર્પ ડોકું ઊંચકે છે. ]

બ્રાહ્મણ : એ પુષ્પો નહિ, તારો કાળ હાલી રહ્યો છે ! રાજા ! મૃત્યુની ઘડી સુધારવી હોય તો...પ્રભુને સમરી લે, લે...આ સર્પ ડસ્યો !

[ પુષ્પોમાંથી સર્પ ખસી પરીક્ષિતને ડસે છે. ]

પરીક્ષિત : ભલે ! મુનિપુત્રની વાણી સફળ થવી જ જોઈએ...

બ્રાહ્મણ : એ તો કોણ જાણે ! પરંતુ તક્ષક નાગના એક વંશજ તરીકે મેં મારું વેર વાળ્યું છે. ખાંડવ વનને બાળતાં અર્જુને મારી પિતામહીને મારી. હું એ જ અર્જુનના પૌત્રને મારું છું. હવે તારે તારા સૈનિકોને બોલાવવા હોય તો બોલાવ.

પરીક્ષિત : શા માટે ?

બ્રાહ્મણ : આ સર્પદંશમાંથી તારું અવશ્ય મૃત્યુ થશે. એની શિક્ષાનો સંતોષ તારે લેવો હોય તો લઈ લે !

પરીક્ષિત : શિક્ષા ! શાની શિક્ષા ? મૃત્યુની તો હું રાહ જોતો બેઠો છું...તક્ષક ! તેં મને મૃત્યુ નહિ પરંતુ મુક્તિનું સાચું વિમાન આપ્યું છે. શિક્ષા નહિ, તને જીવતદાન ઘટે. મારા દેહને ઝેર ચઢી ચૂક્યું છે. જીવનભરનું ઝેર એ દેહ સાથે ઓસરી જશે અને હું પ્રભુમય, અમૃતમય, જીવનમય થઈ જઈશ—મૃત્યુની ક્ષણે. મારા મૃતદેહને જોઈ કોઈ તને શિક્ષા કરે એ પહેલાં ઓ બ્રાહ્મણવેષી તક્ષક, તું અહીંથી ભાગી જા ! આ ક્ષણે તારો, દંશનો, વેરનો કે જગતનો વિચાર થઈ શકતો નથી... તું ભાગી જાય...સલામત, તો હું મૃત્યુ વિમાનમાં પગ મૂકી મારા પ્રભુનું ધ્યાન ધરું...

[ બ્રાહ્મણ એકાએક ભાગી જાય છે. ]

સંસારરૂપી નાગનું આ અંતિમ ઝેર ! નાગ હજી બેઠો બેઠો મારી સામે જુએ છે...ના, ના. એ કાલકૂટની પાછળ તો શેષશાયી પ્રભુ વિરાજ્યા છે. પ્રભુ ! જાગો ! અને આ બાંહ્ય પકડો. એમ આપનો અમૃતસ્પર્શ થયો...ઝેરભર્યા દેહને ફેંકી દીધો...આહ ! શો આનંદ !

[ પદ્માસન વાળેલા પગ જુદા પડે છે અને પરીક્ષિતનો દેહ ભૂમિ ઉપર ઢળી પડે છે. એકાએક સૈનિકો ધસી આવે છે અને તેમની પાછળ

[યુવરાજ જનમેજય શસ્ત્રસહ દોડતો આવી પિતાના દેહને જુએ છે. નજીકમાં પુષ્પોના ઢગલા નીચે જીવંત સર્પ–નાગ–પોતાનું ડોકું હલાવી રહ્યો છે.]

જનમેજય : મારા પ્રયત્નો નિષ્ફળ ગયા !...મુનિપુત્રનો શાપ સફળ થયો !...પુષ્પોમાં નાગને સંતાડી મારા પિતાનો વધ કર્યો !... ગંગાકિનારે મારી આ પ્રતિજ્ઞા ! વિશ્વનાં સમસ્ત નાગકુળને હું સર્પસત્રમાં બાળી ભસ્મ કરી આ પિતૃઋણ ચૂકવીશ. નાગ-સંહાર એ મારું પણ !...એ પ્રતિજ્ઞાસહ હું પિતાને સિંહા-સને બેસું છું...આ સર્પના નાશ સહ પ્રતિજ્ઞાની શરૂઆત !

[પુષ્પ નીચે સંતાયેલા સર્પ ઉપર પગ મૂકવા જાય છે. સર્પ સંતાઈ જાય છે. પરીક્ષિતનો પડેલો દેહ બેઠો થાય છે. મુખમાંથી વાણી સંભળાય છે.]

પરીક્ષિત : ઝેર–વેરની પ્રતિજ્ઞા ન લેવાય !

[પરીક્ષિતનો દેહ પાછો ઢળી પડે છે.]

જનમેજય : હવે પ્રતિજ્ઞા લેવાઈ ચૂકી. એ પાળ્યે જ છૂટકો.

[આકાશવાણી થાય છે :

**अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।**
**निर्ममो निरहंकारः समदुःखसुखक्षमी ॥]**

# સૌભાગ્ય – પ્રતીક

## વસ્તુ

પ્રતીકોની જીવનમાં આવશ્યકતા અને તેમને સમજવાની વૃત્તિ જીવનને કેટલું સુખમય બનાવે એ દર્શાવતી એક નાટિકા.

## પાત્રો

માતા

રમા—પુત્રી.

રંજન—રમાની બહેનપણી.

[ અવકાશમાંથી ગીત—

અનુષ્ટુપ

**સ્નેહની સાધના સિદ્ધિ સૌભાગ્ય–પ્રતીકો વડે !**
**પ્રભુ પ્રત્યે પ્રકાશે છે ન્હાનાં મોટાં પ્રતીકથી ! ]**

માતા : દીકરી ! તું તો ભણેલીગણેલી કહેવાય, નહિ ?...તારી ભણેલી બહેનપણી હજી કેમ ન આવી ?...

રમા : તેં અને પિતાજીએ ભણાવી એટલે હું ભણી...અને મા, તું પણ ક્યાં ભણેલી નથી ?

માતા : તારા જેટલું નહિ...તું તો અંગ્રેજીમાં છટાબંધ વાત પણ કરે છે...મારાથી તો તમારાં અંગ્રેજી પેપરો પણ વંચાતાં નથી, અમારું અંગ્રેજી ભણતર એટલે માત્ર ડી ઓ. જી ડૉગ અને સી એ ટી કેટ જેટલું જ !

રમા : એ તો ઠીક છે...પણ તને જેટલાં સંસ્કૃત સ્તોત્રો મુખ પાઠ છે એનો ચોથો ભાગ પણ મને આવડતો નથી...આખું નાગદમન, ધ્રુવાખ્યાન, ઓખાહરણ અને ગીરધરકૃત રામાયણ તને મોઢે છે...

માતા : તમારે પણ કાંઈ ગોખવાનું તો આવતું જ હશે ને ? કાંઈ નહિ તો અંગ્રેજીમાં તો ખરું ને ?

રમા : અમારી કેળવણીમાં યાદદાસ્ત ઉપર જરા ય ભાર મૂકવામાં આવતો નથી. ગોખણપટ્ટીના, તો આજના શિક્ષણ–શાસ્ત્રીઓ કાળ ! ગોખવાથી બુદ્ધિ કુંઠિત બની જાય છે !

માતા : એમ ? ગોખ્યા વગર બધું યાદ રહે એવી શિક્ષણ–યુક્તિઓ તો તમણે શોધી જ કાઢી હશે ને ?—

રમા : યાદદાસ્તને ખેંચાણ ન પડે એવી ઢબે જે યાદ રહે એ જ સાચું યાદ રહ્યું કહેવાય !

માતા : એટલે હું તારી મા છું એ તારે ગોખવું ન પડે? એમ ને?

રમા : લગભગ એવું જ! સહેલાઈથી, સરળતાપૂર્વક, સ્વાભાવિક રીતે હૃદયમાં રમી જાય એવું!

માતા : વારુ બહેન! અમે જૂના જમાનાનાં રહ્યાં! અમારાં હૃદય જરા કાચાં રહ્યાં! હૃદયને વળગવા અમારે તો કાંઈ જોઈએ! પ્રભુ પાસે પણ પ્રતીમા દ્વારા પહોંચાય...જો, આ તારી બહેનપણી આવી! રંજન!...આવ બહેન! કેમ છે?

[ રંજન આવે છે. ]

રંજન : મઝામાં! ખૂબ મઝામાં!

માતા : તમારી મઝા જીવનભરની ખૂબ મઝા બની રહો!...પણ રંજન! કેમ આમ હાથ ખાલી લઈને આવી?

રંજન : ખાલી હાથ? હાથમાં શું વળી લઈને આવું?...ટેનીસ-રેકેટ હતું તે બહાર મૂક્યું—

માતા : તારાં રેકેટ ભલે હાથમાં રહે! પરંતુ આ ધોકણા જેવા હાથ કેમ રાખે છે, છોકરી?

રંજન : હાથ તો જેવા હોય તેવા રાખીએ ને? અને ધોકણા જેવા હાથ ખોટા પણ શું? મજબૂત હાથ! પુરુષોને પણ જરા ખબર તો પડે કે સ્ત્રીઓના હાથ શસ્ત્ર બની શકે એવા છે!

માતા : કેમ એમ? શસ્ત્ર શાનાં? પુરુષોને ખબર પાડવાની જરૂર શી?

રંજન : પુરુષોને ખબર પાડવાની જરૂર એટલા માટે કે તેમણે સ્ત્રીઓને યુગયુગથી બંધનમાં રાખી છે!

રમા : મા! એ વાત તો ખરી જ ને કે પુરુષો સ્ત્રીઓને હલકી અને ઊતરતી ગણે છે?

માતા : કોણે એવું કહ્યું?

રમા : બધે જ અમે જોઈએ છીએ! ભારતમાં તો એ વળી રોજની વાત થઈ!

રંજન : માટે તો સ્ત્રીઓ હવે આઝાદ થવા માગે છે! અને આઝાદ બન્યા વગર રહેવાની જ નથી!

માતા : આઝાદ એટલે? કાંઈ સમજાય એવું બોલો.

રમા : આઝાદ એટલે સ્વતંત્ર, મુક્ત, જુદાં!

રંજન : કોઈનું યે બંધન ન સ્વીકારે એવાં!

માતા : ભારત આઝાદ થયો કહેવાયો એમ! ખરું?

રમા : હા મા! અંગ્રેજોનાં બંધન જેમ આપણા દેશે તોડયાં તેમ!

માતા ; તે...તમારે કોનાં બંધન તોડવાં છે?

રંજન : કેમ? પુરુષોનાં બંધન વળી?

માતા : પુરુષોનાં બંધન? શા ઘેલી વાત કરો છો તમે છોકરીઓ? પુરુષોનાં બંધનની વાતો કરો છો અને પરણી જાઓ છો જોત જોતામાં! આ રંજનને જ જુઓ ને?

રંજન : મારામાં શું જોવાનું છે વળી!

માતા : તારામાં જોવાનું એટલું જ કે આઝાદી પોકારતાં પોકરતાં તું પરણી ગઈ!

રંજન : તે મારે ન પરણવું! એમ?

માતા : હું કયાં એમ કહું છું? મોટી મોટી શાહજાદીઓ અને કુંવરીઓ પરણી જાય છે ત્યાં તને કોઈ શા માટે ના કહે?

રંજન : હવે શાહજાદીઓ અને કુંવરીઓ બહુ રહી નથી! જમાનો પલટાઈ ગયો.

માતા : ભલે પલટાયો! પણ લગ્ન પલટાયું દેખાતું નથી!

રંજન : પુરુષો લગ્ન કરે તો અમે કેમ લગ્ન ન કરીએ?

માતા : તમને કોણે ના પાડી, બહેન? અને તમને ના પાડીએ તો માબાપની ઉપર વટ થઈને પણ લગ્નમાં જોડાઈ જાઓ છો ને? પછી પુરુષનાં બંધનની અને આઝાદીની અધ્ધર વાતો શું કરવા કરી રહ્યાં છો? આ મને તો લાગતું હતું કે આ રંજન કદી પરણે જ નહિ!

રંજન : તે શું મેં ભૂલ કરી પરણવામાં?

માતા : જરા ય નહિ. એમાં તો તેં કુદરતના–ઈશ્વરના નિર્માણને સ્વીકારી લીધું અને સુખને માર્ગે પગ મૂક્યો—

રમા : પણ મા! તેં રંજનના હાથને ધોકણા જેવા કેમ કહ્યા?

માતા : મને એના ખાલી ખાલી હાથ ન ગમ્યા...અને એ તો વળી હાથને શસ્ત્ર બનાવવા તૈયાર થઈ છે! મેળાપ માટે સર્જાયલા હાથને શસ્ત્ર બનાવાય? હાથને તો શણગારાય! શોભાયમાન બનાવાય! સૌભાગ્ય ચિહ્નથી સજાવાય!

રંજન : હાં, હાં! હું સમજી–મારા હાથમાં બંગડી કે ચૂડી નથી એટલે તમે હાથને ખાલી કહ્યા...ધોકણા સાથે સરખાવ્યા! નહિ?

માતા : એટલું જ નહિ! તારે કપાળે ચાંલ્લો નથી! કંઠ ઉપર કીડિયાસેર નથી કે નથી મંગળસૂત્ર! સૌભાગ્યનાં એ ચિહ્નો...

રંજન : સ્ત્રીનું સૌભાગ્ય પરણવામાં જ રહ્યું છે! એમ?

માતા : પૂછ તારા હૈયાંને!—અરે સ્ત્રીનું જ નહિ...પુરુષનું પણ એમાં જ સૌભાગ્ય છે!

રમા : ત્યારે પુરુષો કેમ બંગડીઓ પહેરતા નથી?

રંજન : બંગડી તો બંધનનું ચિહ્ન છે! બેડીનું સુધરેલું રૂપાંતર!

માતા : તને કોણે કહ્યું?

રંજન : મોટા મોટા સમાજશાસ્ત્રીઓનાં પુસ્તકોમાં એમ કહ્યું છે!

માતા : શું?

રમા : કે આ બંગડી અને ચૂડીનું મૂળ સ્વરૂપ...હજાર બે હજાર વર્ષ ઉપર...બેડી જ હતું! સ્ત્રીઓના બંધનની એ મૂળ ભાવના!

માતા : હજાર બે હજાર વર્ષ ઉપર સમાજશાસ્ત્રીઓ દૂરબીનથી નજર નાખતા હશે ખરું?

રંજન : એ બહુ જ સાચી વાત! એના પુરાવા વગર સમાજશાસ્ત્રીઓ કાંઈ જ કહે નહિ.

માતા : બે હજાર વર્ષ ઉપર એ જે હોય તે! આજ તો તમારી

બંગડી કે ચૂડી બેડી નથી ને ! અમે સહજ જૂના જમાનાનાં બહુ હોંશથી એ પહેરતાં ! અમારી માતાઓ તો બંગડી વગરનો અમારો હાથ જુએ જ નહિ !...આવા રૂપાળા, સૌન્દર્ય-વર્ધન અલંકારમાંથી ભલા તમારા અભ્યાસીઓને બેડી દેખાઈ આવી ! અને તે બે હજાર વર્ષ ઉપર !

રંજન : જુઓ ને ! બંગડી–ચૂડી કેવી ગોળાકાર હોય છે? બેડી જેવી જ ! હજી એણે પોતાનો આકાર બદલ્યો નથી.

માતા : આ રમાએ રીસ્ટ–વૉચ પહેરી છે એ પણ ગોળ છે ! પુરુષો પણ એ પહેરે છે ! જેટલી ગોળ વસ્તુ હોય તેમાં બેડી જોવા જઈશ તો આ દુનિયામાં રહેવાશે નહિ !

રમા : એ કેમ, મા ?

માતા : આ તમે જ તમારા ભણતરમાંથી કહો છો ને કે પૃથ્વી ગોળ છે ! સૂર્યચંદ્ર તો ગોળ દેખાય જ છે ! એ બધા જ ગોળાકારમાં બેડી જોઈએ તો...અમારામાં ભક્તો અને સંતો કહે છે તેમ...આ દુનિયામાં જન્મ લેવો એ પણ બેડીનાં બંધન લઈ આવવા જેવું બની રહેશે ! સૌભાગ્ય-શૃંગારમાં નકામાં બંધન ન જોશો.

રંજન : મા ! તમે તો જબરાં છો ! જુનવાણી સ્ત્રીઓ મહા જિદ્દી ! અને જબરી !

માતા : જો ને, દીકરી ! પચીસ વર્ષ પછી તને યે એ યુગની છોકરીઓ જુનવાણી જ કહેશે—એની હરકત નહિ, પરંતુ મારું ચાલે તો તને ચૂડી–ચાંલ્લા વગર મારા ઘરમાં પગ પણ ન મૂકવા દઉં !...પણ અમારી એ જીદ કે જબરાઈ ક્યાં ચાલે છે?

રંજન : તમને રાજી કરવા હું કદાચ બંગડી પહેરી લઉં ! પરંતુ તમે તો પાછો ચાંલ્લો પણ માગો છો !

માતા : એમાં શું બગડી ગયું ? આવું સુંદર તારું કપાળ ! ચાંલ્લા વગર કેવું સપાટ લાગે છે ! ઓરસિયા જેવું !

રમા : અમને એ ખરાબ ન લાગતું હોય તો, મા !

માતા : (જરા હસીને) એમાં યે કદાચ તમારા સમાજશાસ્ત્રીઓને બે હજાર વર્ષ ઉપર કાંઈ દેખાયું હશે ખરું!

રમા : હા, મા એમાં પણ માલિકીના બંધનનો ભાવ રહેલો છે!

માતા : એ પણ ગોળ હોય છે, એટલે...કપાળ શારીને બેડી પહેરાવાતી હશે બે હજાર વર્ષ ઉપર! ખરું, મા?

રંજન : નહિ, એમ નહિ! એ તો વળી વધારે ક્રૂરતાદર્શક વસ્તુ છે!

માતા : ચાંલ્લો ક્રૂરતાદર્શક? શી વાત તું કરે છે, રંજન?

રંજન : એમાં તો શિકારના લોહીની ભાવના રહી છે!

માતા : જા જા હવે! ઘેલી ન થા. અભ્યાસમાં આ બધું શીખવાય છે શું? ચાંલ્લામાં શિકાર ક્યાં આવ્યો? અને વળી લોહી ક્યાં આવ્યું?

ા : કેમ, મા? આ રાતો રંગ એ શું છે?

તા : એટલે જ્યાં જ્યાં કુમકુમનો રાતો રંગ જુઓ ત્યાં ત્યાં આપણે લોહી જ જોવાનું! એમ? મૂર્ખાઈની પણ હદ હોય! ત્યારે તો મેંદી પણ નકામી! અને આ તમારા નખ ઉપરના નવા રંગ? તમારી કૈંક બહેનપણીઓ હોઠ ઉપર રાતા લપેડા કરીને આવે છે એ શું?...જો રંજન! તમે બન્ને જણીઓ જરા ચા પીઓ...બેસો નિરાંતે!...અને મને રાજી રાખવી હોય તો...

રંજન : તો મારે ચાંલ્લા વગર, બંગડી વગર, મંગળસૂત્ર વગર તમારી સામે ન આવવું! એમ જ ને?

માતા : હવે તું ડાહી દીકરી ખરી!...હું તો જાઉં છું!...પણ જો જો! ચાનો રંગ બહુ રાતો ન થઈ જાય! નહિ તો... કેવા પેલા તમારા શાસ્ત્રીઓ?...

રમા : સમાજશાસ્ત્રીઓ, મા!

માતા : એ પાછા કહેશે કે ચ્હા પણ જંગલી જાતોના રુધિરપાનમાંથી ઊતરી આવી છે!...બે હજાર વર્ષ ઉપરથી...

[ ત્રણે જણ હસે છે...માતા ચાલી જાય છે. ]

રમા : આવ રંજન ! જરા બેસીએ અને ચા પીએ ! કેમ તું વ્યગ્ર દેખાય છે ?

રંજન : જો આ કાગળ !

રમા : મારાથી ન વંચાય તારો ખાનગી કાગળ !...અને તેં એટલી-વાર વાંચ્યો લાગે છે કે એ કાગળ પણ બિચારો ફાટવા આવ્યો છે ! કોનો હશે એ હું સમજી ગઈ !...શું લખ્યું છે ?

[ અવકાશમાં ગીત સંભળાય છે. ]

## ગીત

**એ પ્રાણપતિનું હૃદય છે ! એ આત્મના ભવનો નર્યાં,**
**એ ભવનમાં વસતી નિરંતર સુંદરીથી છે ભર્યાં.**
**એ વાદળી ઝરતી અલૌકિક જલ-કિરણ શી ફરફરે !**
**એ સેર કેરા ઇન્દ્રધનુમાં રાજતી પ્રિય જળહળે ! ]**

રંજન : સંભળાયું કાંઈ, ગીત, રમા ?

રમા : એક કાગળનો ટુકડો ! એમાં તે શી શી કલ્પના ઊભી કરી છે ?

રંજન : એ કાગળનો ટુકડો નથી; એ હૃદયનો ટુકડો છે !

રમા : કોના હૃદયનો ?

રંજન : કોનાં...તે તું સમજી જા ને ! કોના તે એના ! અને મારા !

રમા : ક્યારની યે સમજી ગઈ છું ! એક કાગળનો ટુકડો ! લાવ, ફાડી નાખવો છે ?

રંજન : ના રે ના ! એ તો જિંદગીભર સંઘરી રાખવાનો !

રમા : એમ ? એની એવડી કિંમત વધી ગઈ ? બે આનાના કાગળની ?

રંજન : બે લાખ રૂપિયા કોઈ આપે તો એ પત્ર ન ફાડવા દઉં !

રમા : એમ ?...જો રંજન ! આપણા કરતાં ઓછું ભણેલી માના શબ્દો મને યાદ આવ્યા !

રંજન : કયા શબ્દો ?

રમા : પ્રભુ પણ પ્રતિમા દ્વારા પહોંચાય !

રંજન : એટલે ? એમાં પાછી તું પ્રભુને કયાં લાવી ?

રમા : રંજન ! પ્રભુને ભલે દૂર બેસાડીએ ક્ષણવાર ! અને એને સ્થાને તારા પતિને બેસાડીએ ! પત્રના પ્રતીકમાં એ તને પ્રત્યક્ષ થયો એ તો ખરું જ ને ?

રંજન : પણ એમાં શું લખ્યું હશે એની તને શી ખબર ?

: જે લખ્યું હશે તે ! એણે તારી પાસે આવવાનું લખ્યું હોય ! કે તને બોલાવવાનું લખ્યું હોય !...એ સિવાય કૈં કૈં ઘેલછાઓ લખી હશે...એ જે હોય તે ! એ પ્રતીક તારી પાસે તારા પતિને પ્રત્યક્ષ કરે છે એ તો ખરું જ ને ?

ન : અંશતઃ તો ખરું જ ને ?

: અને એ પતિ ગમતો હોય ત્યાં સુધી...

ન : અરે, ગમવાની વાત શું કરે છે તું ? તું જાણે છે કે અમારાં સ્નેહલગ્ન છે !

: તો પછી...એ સ્નેહનાં...લગ્નનાં...અને એ સ્નેહ તથા લગ્નને પાત્ર પતિનાં સ્મરણ આપતાં પ્રતીકોને આપણે શા માટે નકારીએ ?

જન : કોણે નકાર્યાં ?

ા : તેં, રંજન

જન : પત્ર તો આ રહ્યો !...હાથમાં, હૈયામાં અને આંખમાં ! એ ખસતો જ નથી !

મા : જો પતિ આટલો પ્રિય હોય એના પ્રેમમાં સૌભાગ્ય માનવાની હરકત શી ?...ગમે તેવી આઝાદ સ્ત્રીને પણ ?

રંજન : કોણે કહ્યું કે એમાં સૌભાગ્ય નથી ?

મા : તેં અને મેં ! જુનવાણી શબ્દ ગણીને...પણ ભાવ તો એનો એ જ સૌભાગ્યનો હજી રહ્યો છે ને ?

રંજન : હા, બહેન !

રમા : તો આ સૌભાગ્ય-પ્રતીકો જૂનાં હોય તો ય તું ધારણ કરી લે ! અને માને એ પછી તારું મુખ બતાવ !...જો...આ બંગડી...હસ્તવલય ! બંધન હશે તો ય તે પ્રેમનું ?...લાવ... કંકુથી તારે કપાળે ચાંદલો કરું ! આર્ય સ્ત્રીત્વનો યુગ જૂનો એ સૌભાગ્ય ચંદ્રક !...અને આ નાનકડી કીડિયાંની સેર... મંગલસૂત્ર !...પછીથી એના લોલકમાં તને ગમે તે મુખની છબી મૂકજે...વાહ !...કેવી સરસ તું લાગે છે ! તારી આઝાદી એથી કાંઈ ઘટી હોય એમ દેખાતું નથી...ચાલ મા પાસે !

રંજન : આ બધું પહેરીને આવતાં તો મને શરમ આવે છે !

[ માતા આવે છે. ]

માતા : હરકત નહિ ! સૌભાગ્ય-પ્રતીકો તેં ધારણ કર્યાં અને તારે હૈયે તેં શરમ અનુભવી એટલે જ તું આજની સાચી સ્ત્રી બની, રંજન !

રમા : મા ! આ રંજનના મનમાં એમ થતું હશે કે એકલી સ્ત્રીઓને જ કેમ આવાં સૌભાગ્ય-પ્રતીકો હોય ? પુરુષને કેમ નહિ ?

માતા : પરણ્યા પછી બધા ય પુરુષો બંગડી જ પહેરીને બેસે છે, બહેન !...જો તમને છોકરીઓને પહેરાવતાં આવડે તો ? પૂછી જોજે કોઈ પુરુષને !

[ ત્રણે જણ હસે છે...અવકાશમાં એક ગીત સંભળાય છે :

## ગીત

આંખે કાજળ, પાયલ પગમાં, સોહાગણ શણગારી !
સિંદૂર ભર સેંથેથી સરકે બીજલ બિંદી ન્યારી !
પ્રભુએ જીવનલક્ષ્મી ઉતારી !

આંખે ચમકે તારક મંડલ અરુણ ભાલ પર ઊગતા !
ચાંદલિયો આકાશ ત્યજી ક્યાં લલિત લલાટે પૂગતો ?
ક્યાંથી તેજ શશી તગતગતો ?

વલયતણી કીણુકીણીનાં ગીતો મધુમધુરાં જો સોહે !
શકુંતલાની વલયમુદ્રિકા ઉપર માનવી મોહે !
સૂત્રે મંગલ સ્નેહ પરોવે !

આંખે આંજન, પગમાં ઘૂઘરી, સોહાગણ શણુગારી !
વગર વાદળે વીજ ચમકતી ! કે એ બિંદી ન્યારી ?
પ્રગટી સુંદરતાની ક્યારી ! ]

# વિદેહી

## વસ્તુ

ઋષિ કહોલના પુત્ર અષ્ટાવક્રને પિતાના શાપથી વક્ર અંગ મળ્યું છે—કોઈ પાઠની અશુદ્ધિ પુત્રે ગર્ભમાં જ પિતાને દર્શાવી એથી. મિથિલાના જનક વિદેહીને સ્વપ્નમાં ગરીબી આવી, અન્ન પણ ન મળ્યું. જાગીને જુએ છે તો પાછો છત્રપલંગમાં જ હતો. સાચું શું? આ રાજ્ય કે ગરીબી? એ પ્રશ્ન થયો.

બાલ અષ્ટાવક્રે આવી આ પ્રશ્ન ઉકેલ્યો. જનકને ઉકેલથી સંતોષ થયો. એટલે એણે ગુરુસ્થાને બાલકને સ્થાપી તેનું સન્માન કર્યું, તે ઘણાને રુચ્યું નહિ. એ અસંતોષ વિદ્વદ્સભામાં પ્રગટ થાય છે. જનકના અધિકારને પડછે અન્ય સર્વ અનધિકારીઓ છે એમ આગ લાગ્યાના ભ્રમમાંથી પુરવાર થાય છે.

અષ્ટાવક્ર અંતિમ બોધ આપી પોતાના વક્ર અંગને સરળ બનાવવા ચાલ્યા જાય છે.

આ પ્રાચીન ઝાંખી વાર્તા ઉપરથી નાટિકા યોજી છે.

## સમય

ત્રીજે પ્રહર

## સૂચન

આગનો ભ્રમ ભજવતી વખતે ઉપજાવવાનો

## પાત્રો

| | |
|---|---|
| જનક | અષ્ટાવક્ર |
| શ્વેતકેતુ | શિષ્યો |
| સંન્યાસી | વિદ્વાનો |
| ગૃહસ્થો | સભાજનો |

## સ્થળ

જનક વિદેહીના રાજમહેલનો એક ખુલ્લો વિભાગ. મહેલના મિનારા–ઘુમ્મટ એક પાસ દેખાય છે, બીજી પાસ પૂજ્ય સાધુસંતોની પર્ણકુટિઓ દેખાય છે.

ચોગાનમાં જનતા કથા સાંભળવા ભેગી થાય છે. એક વિભાગમાં સાધુસંતો, સંન્યાસીઓ અને વિદ્વાનો બિરાજ્યા છે.

બાલગુરુ અષ્ટાવક્રનું તથા મહારાજા જનકનું સ્થાન હજી ખાલી છે. કથાનો સમય લગભગ થઈ ચૂક્યો છે. અષ્ટાવક્રના એક બે શિષ્યો ગ્રંથ મૂકે છે અને દીપક તથા ધૂપ સળગાવી ગીત બોલે છે—

**मनोबुध्यहंकार चित्तानी नाऽहम्**
**न च श्रोत्र जिह्वे न च घ्राण नेत्र**
**न च व्योम भूमिर्न तेजो न वायु**
**श्चिदानंदरुप: शिवोऽहम् शिवोऽहम्**

[ જનતા પણ એ શ્લોકને ઝીલે છે. તેની વચમાં નીચેની વાતચીત થાય છે. ]

એક વિદ્વાન : સમયની કિંમત જ નથી આ રાજવીને કે રાજગુરુને !

બીજો વિદ્વાન : બાલપણની કીર્તિ ઉપર અષ્ટાવક્ર રળી ખાય છે. મહારાજને ગમતો ઉકેલ અકસ્માત એણે આપ્યો ત્યારથી આજ સુધી પ્રાણ અને આત્મામાંથી એ કોઈ ઊંચા જ આવતા નથી.

ત્રીજો વિદ્વાન : સંન્યસ્તના કષ્ટ જેને જાણવાં નથી એને જ્ઞાનગોષ્ઠીની રમત જ ફાવે ને ? રાજમંદિરમાં નિવાસ કરીને ગમે તેવો તપસ્વી પણ સુખવાસી બની જાય !

એક સંન્યાસી : અને 'સંન્યાસ ! સંન્યાસ !' કહેતા રાજા હજી ચામરછત્રે શોભે છે, દેહને તેલફુલેલથી ચકચકિત રાખે છે, સુવર્ણપાત્રમાં ભોજન લે છે અને છત્તર પલંગમાં આળોટે છે !

બીજો સંન્યાસી : વળી કહેવરાવે છે પોતાને વિદેહી !

પહેલો વિદ્વાન : ગુરુશિષ્યનાં અહોરુપં અહોધ્વનિ હોય ત્યાં બીજું શું થાય ?

[ બે શિષ્યો અને મેદની આગળ શ્લોક બોલે છે.]

**अहं निर्विकल्पो निराकार रुपी**
**विभूत्वाश्चसर्वत्र सर्वेन्द्रियाणाम्**
**न चा संगतम् नैव मुक्तिर्नमेय**
**श्चिदानंद रुपः शिवोऽहम शिवोऽहम**

બીજો વિદ્વાન : આવી ગયું બધું યે આ જ્ઞાનમાં ! હવે વહેલા થાઓ, મોડા થાઓ એમાં કાંઈ દોષ નહિ !

ત્રીજો વિદ્વાન : અરે, જે જ્ઞાનમાં પાપ નહિ, પુણ્ય નહિ, સુખ નહિ, દુઃખ નહિ એમાં દોષ ક્યાં ? અને ગુણ ક્યાં ? હાંક્યે રાખો જેમ થતું હોય તેમ !

પહેલો સંન્યાસી : આ જ્ઞાન તો અમારું...સંન્યાસીઓનું ! નહિ કે એને ચારે પાસ ફાવે તેમ ફેંકવાનું !

બીજો સંન્યાસી : અને અષ્ટાવક્ર જેવો અસંન્યાસી ગુરુ થઈને બેસે !

પહેલો વિદ્વાન : જેના દેહનું પણ ઠેકાણું નહિ !

બીજો વિદ્વાન : આઠે અંગ જેનાં વાંકાં !

ત્રીજો વિદ્વાન : અને એ કૂબડાની આસપાસ પાછી કથા ગોઠવાઈ ગઈ ! ગર્ભમાંથી જ્ઞાની ! માતૃકુક્ષે રહ્યો રહ્યો એ પિતાનાં શાસ્ત્ર કથનમાં પાછો ભૂલ કાઢે ! એટલે પિતાએ જ એને કૂબડા જન્મવાનો શાપ આપ્યો.

પહેલો સંન્યાસી : કાંઈ ખામી હોય તેને ઢાંકવી તો ખરી જ ને? અષ્ટાવક્ર જેવો દેહ તે કોઈને ગમે?

બીજો સંન્યાસી : ગમે એવો ભારે જ્ઞાની હોય તો ય! આ અમે સંન્યાસીઓ છીએ છતાં જનતાની આંખમાં ખૂંપીએ એવો દેખાવ તો જરૂર રાખીએ. અમારે તો કાંઈ નહિ, પણ જનતાના કલ્યાણ અર્થે! દેહ અને મુખ સુશોભિત...

પહેલો વિદ્વાન : જુઓ ને સ્વામીજી!...રાજાને ગમી એ રાણી!... કાંઈ આજની કહેવત ઓછી છે!

બીજો વિદ્વાન : ઠીક છે! પ્રશ્ન અને ઉત્તર કાંઈ બંધબેસતા આવી ગયા એટલે મહારાજે એ કૂબડાનો મહિમા વધારી આજ એની જ્ઞાનવાર્તા ગોઠવી. બાકી...પ્રશ્નોત્તરીમાં તો હતું જ શું?

ત્રીજો વિદ્વાન : (સહેજ હસીને) આ સત્ય કે તે સત્ય? જનક રાજાને સ્વપ્ન આવ્યું કે એ એક બુભુક્ષિત ભિખારી બની ગયા! કાંઈકથી કાચુંપાકું અનાજ મળ્યું અને જ્યાં મુખમાં કોળિયો મૂકવા જાય છે ત્યાં વૃષભ લડતા આવ્યા અને કોળિયો ચૂકી મહારાજ બૂમ પાડી જાગી ગયા!

પહેલો સંન્યાસી : રાત્રે ભારે ભોજનનું એવું જ પરિણામ આવે! ...અને રાજા વિદેહી બનવાનો ભ્રમ સેવે છે! સ્વાદ ઉપર તો અંકુશ આવે! પહેલો...

બીજો સંન્યાસી : અને આ અષ્ટાવક્ર બાળકે બાળકને છાજે એવો ઉકેલ આપવા ગપ મારી: આ યે સત્ય નહિ અને તે યે સત્ય નહિ! સત્ય તો જે સર્વદા સાથમાં હોય તે!...

પહેલો વિદ્વાન : અને મહારાજને એમાંથી ઉકેલ મળી ગયો લાગ્યો! અષ્ટાવક્રે એમાં વધારે શું કર્યું?

બીજો વિદ્વાન : ત્યારે તમે દરબારમાં બોલ્યા કેમ નહિ? વિદ્વાનનું વર્ષાસન તો તમને મળે જ છે ને?

ત્રીજો વિદ્વાન : હું પણ તમને બન્નેને એ જ પ્રશ્ન કરું છું... અરે! કોણ આવ્યું?

પહેલો સંન્યાસી : એ તો પેલો કૂબડો ! અષ્ટાવક્ર ! સભા ભલે ઊભી થાય, આપણે ઊભા થવું નથી.

બીજો સંન્યાસી : સંન્યસ્ત લીધા પછી પણ ઊભા થવું પડે તો પછી...એની સાથે કોણ છે?

પહેલો વિદ્વાન : એનો મામો ! શ્વેતકેતુ !...પેલો નાનપણનો ઠોઠ ! અને મોટપણનો ઋષિ !...ઊદ્દાલકનો દીકરો !

[ નાનકડો અષ્ટાવક્ર તથા તપસ્વી શ્વેતકેતુ આવે છે. આખી સભા ઊભી થાય છે—માત્ર સંન્યાસીઓ અને વિદ્વાનો સિવાય ! ]

બીજો વિદ્વાન : ઓળખ્યો ! 'કનકકુંડળ વિષે ભેદ ન્હોયે' કહેવાવાળો !

ત્રીજો વિદ્વાન : [ સહેજ હસીને ] એટલું જ નહિ...' અંતે તો હેમનું હેમ હોયે' વાળો એ તો 'હેમ'ના ગ્રાહક...હિરણ્ય... સાંભળો ! અષ્ટાવક્ર કાંઈ બોલે છે !

[ અષ્ટાવક્રને માટે રાખેલા મુખ્ય આસન તરફ તેને બે શિષ્યો લઈ જાય છે. ત્યાં અષ્ટાવક્ર ઊભો રહી સભા સમસ્તને નમસ્કાર કરે છે. ]

પહેલો સંન્યાસી : એટલામાં તો એને બે શિષ્યો પણ મળી ગયા ! હું...

અષ્ટાવક્ર : સંન્યાસી મહાત્માઓને મારા નમો નારાયણ ! વિદ્વાનોને મારાં નમન ! સભાજનોને મારા આશીર્વાદ ! મારું સ્થાન તો આપ સર્વની પાછળ હોય; પરંતુ મને આ ઉચ્ચ સ્થાન બતાવવામાં આવે છે...સમગ્ર સભાજનોની આજ્ઞા સિવાય મારાથી ત્યાં બેસાય નહિ !

[ સભામાંથી પોકાર ઊઠે છે. બિરાજો ! એ જ સ્થાને ! ઉચ્ચ સ્થાને ! અષ્ટાવક્ર એ ઉચ્ચ સ્થાને બેસવા જાય છે. ]

બીજો સંન્યાસી : નક્કી છે છતાં પાછો પૂછે છે !

[ અષ્ટાવક્ર આસને બેસે છે. ]

પહેલો વિદ્વાન : દેખાય છે આવો ! પણ વાણી શુદ્ધ છે !

બીજો વિદ્વાન : થઈ જાઓ એના શિષ્ય તમે ! અત્યારે એમાં લાભ છે !

ત્રીજો વિદ્વાન : હજી મહારાજ આવ્યા નહિ !

પહેલો સંન્યાસી : મુનિકુમાર ! આપનું પ્રવચન સંભળવા સભા આતુર છે ! આપ આરંભ કરો હવે !

અષ્ટાવક્ર : મહારાજા જનકરાજને આવવા દઈએ તો કેવું ?

બીજો સંન્યાસી : તે...આપ જેવા આત્મજ્ઞાની પણ રાજાઓની શેહમાં તણાય છે શું ?

અષ્ટાવક્ર : શેહનો પ્રશ્ન નથી...વિવેકનો પ્રશ્ન છે...

પહેલો વિદ્વાન : વિવેક તો ત્યાંથી જ શરૂ થવો જોઈએ...અમે ઠીક ઠીક વારથી બેઠા છીએ !

અષ્ટાવક્ર : સાચું...પરંતુ સભાને આમંત્રણ મહારાજે આપ્યું છે.

બીજો વિદ્વાન : તો રાજવીએ વહેલાં આવવું જોઈએ ને ?

અષ્ટાવક્ર : એમના તરફથી આપનું સ્વાગત તો થઈ ચૂક્યું છે ! રાજવી છે...છેલ્લી ક્ષણે કાંઈ મહત્ત્વનું રાજકારણ આવી પડે !

ત્રીજો વિદ્વાન : એ ન ચાલે લોકસભામાં !...આપ શરૂ કરો.

અષ્ટાવક્ર : હું શરૂ તો કરું...પરંતુ...ક્ષમા કરજો...મારા કથનનો સાચો અધિકારી એ જનક વિદેહી છે !...આ આવ્યો !

[ એક બાજુએથી છડી પુકારાતી સંભળાય છે. બીજી પાસ વિદ્વાનોમાં આછી સંભળાતી ચકચાર ચાલે છે. ]

પહેલો વિદ્વાન : અષ્ટાવક્ર આપણું અપમાન કરે છે !

બીજો વિદ્વાન : અમને શું એ અનધિકારી માને છે ?

ત્રીજો વિદ્વાન : બાળકની બુદ્ધિ કેટલી ?

પહેલો સંન્યાસી : તેમાં વળી કૂબડો !
બીજો સંન્યાસી : આઠે અંગે !...શાન્ત ! મહારાજ પધાર્યા !

[ જનક રાજા આવી સહુને નમન કરી, બાલક અષ્ટાવક્રને નમી, એની પાસેના આસન ઉપર બેસી જાય છે. ]

જનક : સહુની ક્ષમા માગું છું...થોડી ક્ષણ મહત્ત્વના કામે મને રોક્યો !
પહેલો વિદ્વાન : ( ધીમેથી ) અને હવે મહત્ત્વનું કામ આવશે નો ?

[ વિદ્વાનો સહેજ હસે છે. ]

જનક : મુનિકુમારને વિનંતી...કથા શરૂ થાય !
અષ્ટાવક્ર : એક પ્રાર્થનાથી મારી કથા શરૂ થાય છે...એમાં મારી આખી કથાનું રહસ્ય રહેલું છે...આ મારી પ્રાર્થના !

[ ગાય છે અને સભાનો મોટો ભાગ ઝીલે છે. ]

**निराकारमोंकामूलं तुरीयं**
**गिरा ज्ञानगोतीतमीशं गिरीशं**
**करालं महाकाल कालं कृपालं**
**गुणागार संसारपारं नतोऽहं**

[ એકાએક દૂરથી બૂમ પડે છે. 'આગ લાગી ! મહેલમાં આગ લાગી !' ]

એક ગૃહસ્થ : અલ્યા, કાંઈ ભડકા દેખાય છે !
બીજો ગૃહસ્થ : પાસે જ દેખાય છે.
ત્રીજો ગૃહસ્થ : ચાલો, હોલવી નાખીએ કે પછી રસ્તે પડીએ !

[ સભામાં દોડધામ થાય છે. લોકો નાસભાગ કરે છે. ભડકા પણ દેખાય છે. અને મહેલમાંથી વધીને પર્ણકુટિઓ તરફ વધતા દેખાય છે. ]

પહેલો સંન્યાસી : અરે ઝૂંપડી તો ફરી બંધાશે...પણ મારાં દંડકમંડલું...

[ વ્યાકુળ થઈ ઊભા થાય છે. ]

બીજો સંન્યાસી : મારું મૃગચર્મ અંદર જ પડ્યું છે! એ તો બચાવી લેવું જ પડશે...

પહેલો સંન્યાસી : અને મારું તો વ્યાઘ્રચર્મ છે...જતન કરીને રાખી મૂકેલું...

બીજો સંન્યાસી : ચાલો એ બધું બળવા ન દેવાય!...મારા સૂકવેલા કૌપીનને ઝાળ લાગી દેખાય છે!

પહેલો સંન્યાસી : કૌપીન સાથે જ મેં મારું વસ્ત્ર સૂકવ્યું છે! ઝડપ કરો!

બીજો સંન્યાસી : વસ્ત્ર તો...

ત્રીજો સંન્યાસી : ભગવું—હું ઓઢું છું તે!

બીજો સંન્યાસી : પેલું રેશમી! રંગે ભગવું! ખરું ને?

[ ગૃહસ્થો અને સંન્યાસીઓ દોડી જાય છે. ભડકા દેખાય છે આગના. બૂમ વધારે સંભળાય છે. ]

પહેલો વિદ્વાન : આગ તો રાજપાઠશાળાને પણ ખાઈ જશે!

બીજો વિદ્વાન : સારું છે કે અત્યારે વિદ્યાર્થીઓ આ સભામા આવ્યા છે. છોકરાઓ ઘડા લઈને જાય છે...જુઓ...!

ત્રીજો વિદ્વાન : અરે, એ તો ઠીક...પણ મારો રચેલો ગ્રંથ...આગમાં બળી જશે તો?

પહેલો વિદ્વાન : પણ મારા તો બે ગ્રંથો રચેલા છે, સંપૂર્ણ—અથથી–ઇતિ...

બીજો વિદ્વાન : મને પણ સાંભર્યું. વ્યાકરણ અને ન્યાય ઉપરની મારી લખેલી દીપિકા પણ શાળામાં જ છે. ગઈ વિદ્વદ્‌સભાનું પ્રમાણપત્ર પામેલી! ચાલો ઝડપ કરો...જો બચાવી શકાય તો!

[ વિદ્વાનો પણ દોડાદોડ કરી મૂકે છે, અંતે આખી સભામાં રહે છે માત્ર અષ્ટાવક્ર, મહારાજા જનક અને શ્વેતકેતુ. ]

અષ્ટાવક્ર : મહારાજ ! અગ્નિપ્રલય સરખો આપત્તિકાળ છે અને આપણે તો અહીં બેઠા છીએ...અમે તો અજાણ્યા, પરંતુ આપ કેમ બેસી રહ્યા છો ?

જનક : મહામુનિ ! હું શાને માટે જાઉં ? હું કોણ ?

અષ્ટાવક્ર : આપ રાજા છો. આપનો રાજભવન બળે છે ને ?... આજ કથા બંધ રાખીએ.

જનક : નહિ, નહિ. મારો મહેલ બળતો હોય તો બળવા દો; કથા બંધ ન રહે ! આપની વાણી સાંભળવી છે આજ !

અષ્ટાવક્ર : પરંતુ દુનિયા આપને અને મને મૂર્ખ કહેશે,

જનક : કારણ ?

અષ્ટાવક્ર : કારણ એ જ : રાજમહેલ બળે અને રાજા ન ઊઠે એ !

જનક : કોણ રાજા ? અને કોનો મહેલ ! એ કાંઈ મારી સાથે આવવાના નથી—રાજપદ કે રાજમહેલ ! આ ઘટિકા મેં રાખી છે જ એટલા માટે, કે હું મને—મારા આત્માને—મારા સત્યને ઓળખું; જે સદાકાળ...

અષ્ટાવક્ર : મહારાજ ! જ્ઞાનવાર્તા તો પછીથી પણ થશે...પરંતુ આ મહેલમાં આગ ફેલાશે તો આખી નગરી સળગી ઊઠશે—સુંદર મિથિલા નગરી !

જનક : એમાં મારે શું ? મિથિલા કોની ?

અષ્ટાવક્ર : તમારી, રાજન ! મહારાજા જનકની નગરી !

જનક : મિથિલા મારી સાથે આવશે એની ખાતરી આપો છો ?

અષ્ટાવક્ર : એ તો...

જનક : હું મિથિલા સાથે સનાતન કાળ સુધી જોડાયેલો રહીશ એમ બને એવું છે ?

અષ્ટાવક્ર : દેહ તો અનિત્ય છે, રાજન્ ! પરંતુ જેટલો સમય તારો સંબંધ છે એટલો સમય તારો ધર્મ છે કે તારે એને સાચવવો.

જનક : મહાત્મા ! રાજા તરીકે હું છેલ્લામાં છેલ્લી સેવા કરીને જ આવ્યો છું. આગ લાગે તો તેને હોલવવા માટે શું કરવું એની સઘળી તૈયારી રાજમહેલમાં છે જ. પરંતુ દિનભરનો રાજાનો અંચળો ઉતારી એક ઘટિકા હું મિથિલાનગરી પ્રભુને સોંપું છું...અત્યારે એ જ ઘટિકા છે. પ્રભુ કરતાં હું એને વધારે સારી રીતે નહિ સાચવી શકું.

અષ્ટાવક્ર : એ ઘટિકામાં આપ શું કરવા શું ધારો છો ?

જનક : રાજા મટી હું માનવી બનું છું...અને માનવઆત્માને પરમાત્મા સાથે જોડું છું...આજ એ કાર્ય બાકી રહ્યું છે. આપની કથાને દોરે હું પરમાત્મા સાથે સંકળાઈ જાઉં એ જ પ્રાર્થના ! સંભળાવો, ગુરુ !...અરે, આ બધા પાછા કેમ ફરે છે ?

[ સંન્યાસીઓ, ગૃહસ્થો, વિદ્વાનો બધા ય ઝડપથી પાછા ફરે છે અને પોતપોતાને સ્થાને બેસવા જાય છે ]

અષ્ટાવક્ર : આપ સહુએ મળી બુઝાવી લાગે છે...સ્વામીજી ! આપની કુટિરને તો કાંઈ થયું નથી ને ?

પહેલો સંન્યાસી : ના રે ! એક તણખલું યે સળગ્યું ન હતું.

અષ્ટાવક્ર : એટલે ? આ વિદ્વાનોની પોથીઓ પણ સલામત છે ને ?

પહેલો વિદ્વાન : હા, હા, એક પાનું સુદ્ધાં બળ્યું નથી.

અષ્ટાવક્ર : ત્યારે બળ્યું શું ? ક્યાં ક્યાં આગ લાગી ?

પહેલો ગૃહસ્થ : એ જ સમજાતું નથી.

જનક : તો શું આગ જ નથી ?

બીજો સંન્યાસી : કાંઈ ભડકા દેખાયા અને બહાર બૂમ પડી એટલે અહીં સહુ ચમક્યા !

અષ્ટાવક્ર : ચમકવા જેવું તો ખરું જ ને ? ( હસીને ) એક તો મારાં વક્ર અંગ પ્રથમ જ સહુને ચમકાવે એવાં કૂબડાં ! આડાં આઠ વાંકાં !

સભામાં સ્તબ્ધતા ફેલાય છે. ]

બીજું ચમકાવે મારું વય ! હું તો ઘણો નાનો છું... છતાં મને ઉચ્ચાસને બેસાડાય એથી શું વધારે ચમકાવનાર હોઈ શકે ?

[ સહુ નીચું જોઈ રહે છે. ]

ત્રીજું એથી યે વધારે ચમકાવનાર તત્ત્વ હોય તો તે મહારાજા જનકની શિથિલતા, નિષ્ક્રિયતા ! નહિ ? રાજવી તરીકે એમણે સહુથી પહેલાં દોડી જવું જોઈતું હતું—આગ બુઝાવવા !

બીજો સંન્યાસી : મુનિકુમાર ! અમારા રાજવીને દોષ ન દેશો... આપ કૃપા કરી આપની વાણી સંભળાવો ! અમે ઉત્સુક છીએ બોધ સાંભળવા.

અષ્ટાવક્ર : હું મારી વાણી જ સંભળાવી રહ્યો છું. જે રાજવીને પોતાનો મહેલ બળે છે એની પરવા નથી...એ તો ઠીક ! એવા મહેલો બાંધવાની શક્તિ એની પાસે છે ! પરંતુ તમારી સંન્યાસીઓની મહામોંઘી પર્ણકુટિઓ બળી જાય છતાં જ્ઞાનવાર્તામાંથી ઊઠે નહિ એ કેવી ઉદાસીનતા ? સારું થયું કે તમે સંન્યાસીઓએ તમારાં વલ્કલ અને ઝૂંપડીઓ, મૃગચર્મ અને કમંડલુની આટલી મમતા રાખી...નહિ તો, એ મુક્તિનાં મહાસાધનોનું શું થાત ?

જનક : ગુરુદેવ ! હું તો હવે આપની જ્ઞાનવાર્તાનો પિપાસુ બની બેઠો છું.

પહેલો વિદ્વાન : મહર્ષિ ! અમારી વિદ્વત્તા હવે લાજવા માંડી.

અષ્ટાવક્ર : આપને તો હું કાંઈ કહેતો જ નથી.

પહેલો સંન્યાસી : અને અમારો સંન્યાસ પણ લાજે છે ! આપે ખરેખર સાચા અધિકારીને જ શોધી કાઢ્યા...એ મહારાજા જનક ! અમે નહિ !

બીજો સંન્યાસી : અને બોધ આપી અમને અધિકારી બનાવો ! બાલગુરો !

અષ્ટાવક્ર : જેનો રાજવી જ વિદેહી એની પ્રજાને, એની વિદ્વદ્-સભાને બોધ આપનાર હું કોણ ? ભડભડ બળતી આગમાં પણ જે પોતાના ચિરંજીવી આત્માને ઓળખી રહ્યો હોય, નીરખી રહ્યો હોય એ જ સાચો ગૃહસ્થ, એ જ સાચો વિદ્વાન અને એ જ સાચો સંન્યાસી ! રાજન્ ! તું જીવન-મુક્ત છે, તારે કથાની જરૂર નથી.

બીજો વિદ્વાન : પરંતુ અમારે જરૂર છે...અમારું જ્ઞાન આંખમાંથી હૃદય સુધી ઊતર્યું નથી,

બીજો સંન્યાસી : અને અમારો ભગવો રંગ વસ્ત્રોથી ઊંડો ઊતર્યો જ નથી—અરે, અમારા દેહને પણ લાગ્યો નથી.

અષ્ટાવક્ર : મહેલમાં આગ લાગી એ તો ભ્રમ જ હતો—રમત હતી કોઈ બાળકોની. પરંતુ સાચી આગ પણ ભ્રમરૂપ બની જાય એવી પરમાત્મા સાથેની લગની એ સાચું જ્ઞાન...સહુનું કલ્યાણ થાઓ...હું હવે જઈશ.

જનક : ક્યાં ગુરો ?

અષ્ટાવક્ર : મારાં વક્ર અંગને સીધાં બનાવવા ! દેખાવની પણ વક્રતા કોઈની ના હજો ! વક્ર દેહે બોધ પણ વક્ર બની જાય !... દૂર દૂર આવેલી સમંગા નદીમાં સ્નાન કરી કૂબડા દેહને સુશોભિત બનાવીશ !

પહેલો સંન્યાસી : મહારાજ ! પાછો દેહનો મોહ ?

અષ્ટાવક્ર : મારી માતાનું મહેણું ટાળવા અને પિતાના શાપનું નિવારણ કરવા. માતાની આંખ સુખથી ભરાય એવો મોહ હજી છે ખરો !

[ હસીને અષ્ટાવક્ર ઊભા થાય છે. સહુ તેમને નમન કરે છે. વાતાવરણમાં ગીત ગૂંજે છે :

**चिदानंदरुपः शिवोऽहम् शिवोऽहम्**

• •